અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૭ જૂન ૨૦૨૫, શનિવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, જેઠ સુદ ૧૨ | અંક : ૩૩૫ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### જમ્મુ અને કાશ્મીર ભારત માતાનો મુગટ છે : વડાપ્રધાન મોદી

## પાકિસ્તાન જ્યારે જ્યારે ઓપરેશન સિંદૂરનું નામ સાંભળશે, તેને ભારતની તાકાત યાદ આવશે : પીએમ મોદી

### ૪૬,૦૦૦ કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરવામાં આવ્યું છે તે જમ્મુ અને કાશ્મીરના વિકાસને નવી ગતિ આપશે : વડાપ્રધાન





। (એજન્સી) જમ્મુ, તા.૬ ।

જ્યારે પીએમ મોદીએ ચેનાબ નદી પર વિશ્વના સૌથી ઊંચા રેલવે કમાન પુલ પર ત્રિરંગો ફરકાવ્યો, ત્યારે તે ફક્ત ઉદ્ઘાટન સમારોહ નહોતો. તે એક પ્રતીક હતું - ભારતની સાર્વભૌમત્વ, આત્મનિર્ભરતા અને વ્યૂહાત્મક શક્તિનું. ઉદ્ઘાટન સમારોહમાં, પ્રધાનમંત્રી મોદીએ તેને વિકાસ અને વિશ્વાસનું પ્રતીક ગણાવ્યું અને કહ્યું કે આ પુલ દેશની એકતા, પ્રગતિ અને સંકલ્પનું પ્રતીક છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, "જમ્મુ અને કાશ્મીર ભારત માતાનો મુગટ છે. આ મુગટ સુંદર રત્નોથી જડિત છે. આ વિવિધ રત્નો જમ્મુ અને કાશ્મીરની તાકાત છે. આ રત્નો છે, અહીંની પ્રાચીન સંસ્કૃતિ, અહીંની પરંપરાઓ, અહીંની આધ્યાત્મિક ચેતના, પ્રકૃતિની સુંદરતા, અહીંની ઔષધિઓની દુનિયા, ફળો અને ફૂલોનો વિસ્તાર, અહીંના યુવાનોની કુશળતા. જેને કારણે મુગટ ચમકે છે. પીએમ મોદીએ કહ્યું કે કેન્દ્રમાં ભાજપ સરકારના ૧૧ વર્ષ પૂર્ણ થયા છે અને આ વર્ષો ગરીબ કલ્યાણ અને રાષ્ટ્ર નિર્માણ માટે સંપૂર્ણપણે સમર્પિત રહ્યા છે.

પ્રધાનમંત્રીએ કહ્યું, "વિકસિત ભારતનું સ્વપ્ન જેટલું મોટું છે તેટલું જ તે મજબૂત છે. આજનો કાર્યક્રમ ભારતની એકતા અને તેની અતૂટ ઈચ્છાશક્તિની એક વિશાળ ઉજવણી છે." પીએમએ કહ્યું, "આજે ૪૬,૦૦૦ કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરવામાં આવ્યું છે તે જમ્મુ અને કાશ્મીરના વિકાસને નવી ગતિ આપશે." પહેલગામ આતંકવાદી હુમલાની કડક નિંદા કરતા, પીએમ મોદીએ પાકિસ્તાન પર સીધો હુમલો કર્યો. તેમણે કહ્યું કે આ હુમલા દ્વારા પાકિસ્તાને માત્ર માનવતા જ નહીં પરંતુ કાશ્મીરીયત પર પણ હુમલો કર્યો છે. પીએમ મોદીએ કહ્યું, "પાકિસ્તાનનો ઈરાદો ભારતમાં અશાંતિ ફેલાવવાનો અને રમખાણો ભડકાવવાનો હતો. તે દેશના પર્યટન ઉદ્યોગને નબળો પાડવા માંગે છે જેથી જમ્મુ અને કાશ્મીરના ગરીબ લોકોની આજીવિકા પ્રભાવિત થાય."તેમણે કહ્યું કે આતંકવાદીઓએ આદિલ નામના એક સ્થાનિક વ્યક્તિને પણ મારી નાખ્યો, જે પોતાના પરિવાર માટે સખત મહેનત કરી રહ્યો હતો. આ સાબિતી છે કે આતંકવાદ ફક્ત નિર્દોષ લોકોને જ નિશાન બનાવે છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે હવે જમ્મુ અને કાશ્મીરના લોકો પાકિસ્તાનના આ કાવતરાઓ સામે એક થયા છે. તેમણે કહ્યું, "ખીણના લોકોએ આતંકવાદને યોગ્ય જવાબ આપવાનો સંકલ્પ કર્યો છે. એટલું જ નહીં, આતંકવાદીઓએ અહીં શાળાઓને પણ બાળી નાખી હતી, પરંતુ હવે જનતાએ સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે તેઓ નફરતના એજન્ડાને સ્વીકારશે નહીં."

પીએમ મોદીએ એ પણ પુનરોચ્ચાર કર્યો કે તેમની સરકાર દરેક પ્રકારના આતંકવાદનો નિર્ણાયક જવાબ આપશે અને જમ્મુ અને કાશ્મીરને વિકાસ અને શાંતિની નવી ઊંચાઈઓ પર લઈ જશે. પીએમ મોદીએ કહ્યું કે આજની તારીખ ૬ જૂન આપણને એ ઐતિહાસિક રાતની યાદ અપાવે છે જ્યારે ભારતે આતંકવાદ સામે નિર્ણાયક કાર્યવાહી કરી હતી. તેમણે કહ્યું, "યાદ કરો કે ૬ મેની રાત્રે શું થયું હતું. હવે જ્યારે પણ પાકિસ્તાન 'ઓપરેશન સિંદૂર'નું નામ સાંભળશે , ત્યારે તેને ભારતની તાકાત યાદ આવશે. તેણે ક્યારેય વિચાર્યું ન હતું કે ભારત તેના ઘરમાં ઘૂસીને આતંકવાદી ઠેકાણાઓનો નાશ કરશે."

## દુનિયાના સૌથી ઊંચા બ્રિજ પર પીએમ મોદીએ લહેરાવ્યો તિરંગો

### પીએમ મોદીએ ચેનાબ રેલ પુલનું નિરીક્ષણ કર્યું અને બાંધકામ કાર્યમાં સામેલ ઇજનેરો અને કામદારો સાથે વાતચીત કરી હતી

। (એજન્સી) જમ્મુ, તા.૬ ।

પહેલગામ આતંકવાદી હુમલા પછી આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પહેલી વાર જમ્મુ અને કાશ્મીરની મુલાકાતે પહોંચ્યા હતા. પ્રધાનમંત્રીએ વિશ્વના સૌથી ઊંચા રેલ્વે પુલ ચિનાબનું ઉદ્ઘાટન કર્યું. તેમણે ચિનાબ પુલનું પણ નિરીક્ષણ કર્યું અને તેને બનાવનારા કામદારો સાથે વાત કરી હતી. તે જ ટ્રેક પર બનેલા અંજી પુલનું પણ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ દેશનો પહેલો રેલ્વે પુલ છે જે કેબલ સ્ટેઈડ ટેકનોલોજી પર બનેલો છે.



આ ઐતિહાસિક પુલ ફક્ત કાશ્મીર ખીણને સમગ્ર ભારત સાથે જોડશે નહીં, પરંતુ આ ક્ષેત્રમાં વેપાર, પર્યટન અને ઔદ્યોગિક વિકાસને પણ નવી ગતિ આપશે. પ્રધાનમંત્રી આજે જમ્મુ અને કાશ્મીરમાં ૪૬ હજાર કરોડ રૂપિયાના પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કરી રહ્યા છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારતના પ્રથમ કેબલ રેલ બ્રિજ અંજી બ્રિજનું ઉદ્ઘાટન કર્યું. ઉપરાજ્યપાલ મનોજ સિંહા, મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા અને રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવ પણ હાજર રહ્યા હતા. વિશ્વના સૌથી ઊંચા રેલ્વે બ્રિજ ચિનાબ બ્રિજનું ઉદ્ઘાટન કરતી વખતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ત્રિરંગો લહેરાવ્યો હતો.

આ પુલ ચિનાબ નદી પર બનેલો છે અને તેને વિશ્વનો સૌથી ઊંચો રેલ્વે પુલ માનવામાં આવે છે. આ પુલ ઉધમપુર-શ્રીનગર-બારામુલ્લા રેલ લિંક પ્રોજેક્ટનો એક મહત્વપૂર્ણ ભાગ છે. ચિનાબ પુલની ઊંચાઈ ૩૫૯ મીટર (લગભગ ૧,૧૭૮ ફૂટ) છે, જે એફિલ ટાવર કરતા પણ ઊંચી છે. સ્ટીલ અને કોંક્રિટથી બનેલો આ પુલ માત્ર એન્જિનિયરિંગની દ્રષ્ટિએ મહત્વપૂર્ણ નથી, પરંતુ કાશ્મીર ખીણને બાકીના ભારત સાથે રેલ દ્વારા જોડવાની દિશામાં એક ઐતિહાસિક પગલું પણ છે. ઉદ્ઘાટન પહેલાં, પીએમ મોદીએ ચેનાબ રેલ પુલનું નિરીક્ષણ કર્યું અને બાંધકામ કાર્યમાં સામેલ ઈજનેરો અને કામદારો સાથે વાતચીત કરી હતી. તેમણે આ અભૂતપૂર્વ એન્જિનિયરિંગ પ્રોજેક્ટના ટેકનિકલ પાસાઓ વિશે પૂછપરછ કરી.

આ ૧,૩૧૫ મીટર લાંબો પુલ ભૂકંપ અને ભારે પવનનો સામનો કરવા સક્ષમ છે. આ પુલ ઉધમપુર-શ્રીનગર-બારામુલ્લા રેલ્વે રૂટનો એક ભાગ છે અને તેના કાર્યરત થવાથી જમ્મુથી કાશ્મીર ખીણ સુધીના રેલ જોડાણમાં મોટો ફેરફાર આવશે.

## ન્યૂઝ બ્રિફ

### પાકિસ્તાનના પેશાવરમાં ભીષણ બ્લાસ્ટ, દિગ્ગજ નેતાનું મોત થયું

। (એજન્સી) પેશાવર, તા.૬ ।

પાકિસ્તાનના પેશાવરમાં ભીષણ બ્લાસ્ટ થયાના અહેવાલ સામે આવ્યા છે. જેમાં પાકિસ્તાનના પૂર્વ મંત્રી અબ્બાસ ખાન આફ્રિદીનું મોત થયું છે અને ત્રણ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. આ બ્લાસ્ટ અબ્બાસ ખાન આફ્રિદીના ઘરમાં ગેસ લીકેજને કારણે થયો હતો. કહેવામાં આવી રહ્યું છે કે આ અકસ્માત ગુરુવારે (પાંચમી જૂન) થયો હતો. અહેવાલો અનુસાર, ગેસ લીકેજને કારણે અબ્બાસ ખાન આફ્રિદીના નિવાસસ્થાનમાં ગુરુવારે (પાંચમી જૂન) ભીષણ બ્લાસ્ટ થયો હતો.

### બેંગલુરુ નાસભાગ કેસમાં કર્ણાટક ક્રિકેટ એસો.ને રાહત

। (એજન્સી) બેંગલુરુ, તા.૬ ।

કર્ણાટક હાઈકોર્ટે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુની વિક્ટ્રી પરેડ દરમિયાન બેંગલુરુના ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં થયેલી નાસભાગ મામલે મોટો નિર્ણય લીધો છે. કોર્ટે રાજ્યના ક્રિકેટ એસોસિએશન (KSCA) અધિકારીઓ વિરુદ્ધના દંડાત્મક કાર્યવાહી પર રોક લગાવી છે. કોર્ટે પોલીસને નિર્દેશ આપ્યો છે કે, 'નાસભાગના કેસમાં નોંધાયેલી એફઆઈઆરના આધારે કેએસસીએ વિરુદ્ધ કોઈપણ દંડાત્મક કાર્યવાહી ન થવી જોઈએ. જોકે કોર્ટે એસોસિએશનને તપાસમાં સહયોગ આપવાનો તેમજ મંજૂરી વગર કોર્ટના અધિકાર ક્ષેત્રથી બહાર ન જવાનો નિર્દેશ આપ્યો છે. સંઘે કોર્ટમાં કહ્યું કે, પોલીસે ભાગદોડની ઘટના પર અકુદરતી મૃત્યુ અહેવાલ (યુડીઆર) નોંધીને તપાસ શરૂ કરી હોવાથી FIR દાખલ કરવી ગેરકાયદેસર છે.

### ડોનાલ્ડ ટ્રમ્પ અને ઇલોન મસ્ક વચ્ચે વિવાદ વકર્યો

## મસ્કે કરી ડ્રેગન અવકાશયાન મિશનને બંધ કરવાની જાહેરાત

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૬ ।

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને ટેસ્લાના વડા ઈલોન મસ્ક વચ્ચે વિવાદ વકર્યો છે. જેમાં વન બિગ બ્યુટીફુલ બિલને લઈને બંને સામસામે આવી ગયા છે. મસ્કે આ બિલ વિશે કહ્યું હતું કે આ બિલ અમેરિકાને નાદારીના માર્ગે લઈ જશે. જેનાથી ટ્રમ્પ તેમના પર ગુસ્સે થયા છે. ટ્રમ્પે નાસા અને ઈલોન મસ્કની કંપની સ્પેસએક્સ સાથેના સરકારી કરાર રદ કરવા અંગે પણ નિવેદન આપ્યું છે. આના પર પ્રતિક્રિયા આપતા મસ્કે કહ્યું કે હવે સ્પેસએક્સ તાત્કાલિક તેના ડ્રેગન અવકાશયાન મિશનને બંધ કરશે. આ એ જ અવકાશયાન જેની મદદથી ઈન્ટરનેશનલ



સ્પેશ સ્ટેશનમાં ફસાયેલી સુનિતા વિલિયમ્સને સફળતાપૂર્વક પૃથ્વી પર લાવવામાં આવ્યા હતા. હવે તેમની મિત્રતા ભાગ્યે જ ટકશેડોનાલ્ડ ટ્રમ્પ અને ટેસ્લાના વડા ઈલોન મસ્ક વચ્ચે શબ્દયુદ્ધ વધુ તીવ્ર બની રહ્યું છે. મસ્કે ટ્રમ્પના વન બિગ બ્યુટીફુલ બિલ વિશે ખરાબ વાતો કહ્યા પછી. ત્યારે ટ્રમ્પે કહ્યું કે હવે તેમની મિત્રતા ભાગ્યે જ ટકશે.આના જવાબમાં, મસ્કે પણ પ્રહાર કર્યો છે તેમજ કહ્યું કે જો તે ન હોત તો ટ્રમ્પ ચૂંટણી જીતી શક્યા ન હોત. ટ્રમ્પ અને મસ્ક વચ્ચેના આ વિવાદથી ટેસ્લાના શેરને મોટો ફટકો પડ્યો છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે ટેસ્લાને લગભગ ૧૫૦ અબજ ડોલરનું નુકસાન થયું છે.ટ્રમ્પે કહ્યું કે હું ઈલોન મસ્કથી ખૂબ નિરાશ છું, કારણ કે તેણે રિપબ્લિકન ટેક્સ બિલનો વિરોધ કર્યો છે. મેં ઈલોન મસ્કને ખૂબ મદદ કરી છે. ઈલોન મસ્ક વ્હાઈટ હાઉસને યાદ કરે છે અને તે ટ્રમ્પ ડિરેન્જમેન્ટ સિન્ડ્રોમથી પીડાય છે.ઉલ્લેખનીય છે કે, અમેરિકાના બે દિગ્ગજો વચ્ચેનો આખો વિવાદ વન બિગ બ્યુટીફુલ બિલ વિશે છે. જેને ટ્રમ્પ લાગુ કરવા માંગે છે. જોકે, બિલની સંપૂર્ણ વિગતો હજુ સુધી જાહેર કરવામાં આવી નથી, પરંતુ મસ્ક કહે છે કે આ બિલ અમેરિકાના અર્થતંત્ર, ટેકનોલોજી ક્ષેત્ર અને સ્વતંત્રતા વિરુદ્ધ છે. મસ્કે સોશિયલ મીડિયા પર તેના લાખો ફોલોઅર્સને ટ્રમ્પના આ બિલનો વિરોધ કરવા માટે અપીલ પણ કરી છે.

### સેન્સેક્સમાં ૭૦૦થી વધારે પોઈન્ટનો ઉછાળો જોવા મળ્યો

। (એજન્સી) મુંબઈ, તા.૬ ।

ટ્રેડિંગ સપ્તાહના છેલ્લા દિવસે શેરબજાર ગ્રીન ઝોનમાં વધીને બંધ થયું. BSE પર સેન્સેક્સ ૭૪૬ પોઈન્ટના વધારા સાથે ૮૨,૧૮૮.૯૯ પર બંધ થયો. તે જ સમયે, NSE પર નિફ્ટી ૧.૦૨ ટકાના વધારા સાથે ૨૫,૦૦૩.૦૫ પર બંધ થયો. RBI ગવર્નર સંજય મલ્હોત્રાએ પોલિસી રેપો રેટમાં ૫૦ બેસિસ પોઈન્ટનો ઘટાડો જાહેર કરીને મોટી રાહત આપી, જેના પછી શેરબજારમાં તેજી જોવા મળી. NSE પર સૌથી વધુ સક્રિય શેરોમાં કોચીન શિપ યાર્ડ, BSE લિમિટેડ, HDFC બેંક, આઝાદ એન્જિનિયરિંગ, બજાજ ફાઈનાન્સનો સમાવેશ થાય છે.

### તથ્યો સાંભળીને વડાપ્રધાન મોદી પણ હસી પડ્યા

## ઓમર અબ્દુલ્લાએ સંબોધનમાં કેટલાક રસપ્રદ તથ્યો રજૂ કર્યા

### સીએમ ઓમર અબ્દુલ્લાએ પોતાના ભાષણની શરૂઆત કરતા જણાવ્યું કે રેલ કાર્યક્રમોમાં ભાગ લેવો એ તેમનું નસીબ છે

। (એજન્સી) જમ્મુ, તા.૬ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જમ્મુ અને કાશ્મીરના કટરા જિલ્લામાં ભવ્ય ચેનાબ રેલ બ્રિજનું ઉદ્ઘાટન કર્યું. આ ઐતિહાસિક પ્રસંગે, કેન્દ્રશાસિત પ્રદેશના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ પોતાના સંબોધનમાં કેટલાક રસપ્રદ તથ્યો રજૂ કર્યા, જેને સાંભળીને વડાપ્રધાન મોદી પણ હસી પડ્યા. સીએમ ઓમર અબ્દુલ્લાએ પોતાના ભાષણની શરૂઆત કરતા જણાવ્યું કે રેલ કાર્યક્રમોમાં ભાગ લેવો એ તેમનું નસીબ છે. તેમણે કહ્યું, "આને નસીબ કહો કે જ્યારે પણ કોઈ મોટો રેલ કાર્યક્રમ થયો, ત્યારે



મને તેમાં જોડાવાનો મોકો મળ્યો. હું અનંતનાગ રેલ્વે સ્ટેશનના ઉદ્ઘાટન અને બનિહાલ રેલ ટનલના ઉદ્ઘાટન સમયે પણ હાજર હતો. મારા શાસનના છેલ્લા કાર્યક્રમમાં, હું ૨૦૧૪ માં આ જ જગ્યાએ પીએમ મોદી સાથે હતો." તેમણે ઉમેર્યું કે, મોટી વાત એ છે કે તે કાર્યક્રમમાં જે ચાર લોકો હાજર હતા.

### રેસમાં 3 દિગ્ગજ નેતાઓના નામ

## ભાજપના નવા રાષ્ટ્રીય અધ્યક્ષની ચર્ચા રાજકીય વર્તુળોમાં જોવા મળી

### જે દિગ્ગજ નેતાઓના નામ ચર્ચામાં છે તેમાં ધર્મેન્દ્ર પ્રધાન શિવરાજ સિંહ ચૌહાણ, મનોહરલાલ ખટ્ટરનો સમાવેશ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

હાલ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા છે જેઓ સ્વાસ્થ્ય મંત્રી પણ છે. જો કે તેમની ટર્મ તો ૨૦૨૩માં પૂરી થઈ ગઈ હતી પરંતુ પછી લોકસભા ચૂંટણીને કારણે તેમની ટર્મ લંબાવવામાં આવી હતી. ૨૦૨૪માં ચૂંટણી તો પતી ગઈ અને હવે ભાજપના નવા રાષ્ટ્રીય અધ્યક્ષની ચર્ચા પણ રાજકીય વર્તુળોમાં થવા લાગી છે. ત્યારે કોણ બનશે ભાજપના નવા રાષ્ટ્રીય અધ્યક્ષ તે સવાલ ઘેરાઈ રહ્યો છે. સસ્પેન્સ યથાવત છે. અનેક નામો ચર્ચામાં છે. જો કે હજુ સુધી અધિકૃત રીતે સંગઠન ચૂંટણી પર પાર્ટી તરફથી કોઈ જ નવી જાણકારી સામે આવી નથી. ભાજપના બંધારણ મુજબ રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી માટે અડધાથી વધુ રાજ્યોમાં સંગઠન ચૂંટણીની પ્રક્રિયા પૂરી થવી જરૂરી છે. સૂત્રો મુજબ મોટાભાગના રાજ્યોમાં આ પ્રક્રિયા પૂરી થઈ ગઈ છે. હાલમાં જ યુપીમાં પણ જિલ્લા અધ્યક્ષોના નામની જાહેરાત કરી દેવાઈ. ત્યારબાદ એવી આશા વર્તાઈ રહી છે કે રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી પણ જલદી પૂરી થશે. પરંતુ પહેલગામ આતંકી હુમલાના પગલે તે ફરીથી ટાળવામાં આવી. રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી પહેલા ભાજપે અનેક રાજ્યોમાં હજુ તો પ્રદેશ અધ્યક્ષ પસંદ કરવાના છે. મીડિયા રિપોર્ટ મુજબ ઉત્તરાખંડમાં એક બ્રાહ્મણ ચહેરો મજબૂત દાવેદાર મનાઈ રહ્યો છે. યુપીમાં પહેલા બ્રાહ્મણ ચહેરા પર વિચાર થઈ રહ્યો હતો પરંતુ હવે પછાત વર્ગમાંથી અધ્યક્ષ બનાવવાની માંગ તેજ થઈ છે. મધ્ય પ્રદેશમાં અત્યાર સુધી એવો ફોર્મ્યૂલા હતો કે મુખ્યમંત્રી ઓબીસી અને પ્રદેશ અધ્યક્ષ બ્રાહ્મણ પરંતુ હવે પાર્ટી જનજાતીય નેતાને પ્રદેશ અધ્યક્ષ બનાવવા પર વિચાર કરી રહી છે કારણ કે હાલ કોઈ આદિવાસી પ્રતિનિધિત્વ નથી. મીડિયા રિપોર્ટ મુજબ રાષ્ટ્રીય અધ્યક્ષ પદ માટે જે દિગ્ગજ નેતાઓના નામ ચર્ચામાં છે.

### ભારતની સુરક્ષા માટે આત્મનિર્ભર બનવું જરૂરી

। (એજન્સી) નાગપુર, તા.૬ ।

નાગપુરમાં આરએસએસ સરસંઘચાલક ડૉ. મોહન ભાગવતે કાર્યકર્તા વિકાસ વર્ગ (II)ના સમાપન સમારોહમાં કહ્યું હતું કે, "આપણે આપણી સુરક્ષાના મામલે 'આત્મનિર્ભર' રહેવું જોઈએ અને આ માટે સેના, સરકાર-પ્રશાસનની સાથે સામાજિક બળ પણ જરૂરી છે." પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા પછી લેવાયેલી કાર્યવાહીએ દેશની સંરક્ષણ અને રક્ષણાત્મક સંશોધન ક્ષમતાઓને સાબિત કરી છે. આ સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી અને સામાજિક કાર્યકર અરવિંદ નેતામ હાજર રહ્યા હતા. વિદર્ભ પ્રાંત સંઘચાલક દીપક તમશેટ્ટીવાર, વર્ગના સર્વાધિકારી સમીર કુમાર મહંતી અને નાગપુર મહાનગર સંઘચાલક રાજેશ લોયા મંચ પર હાજર રહ્યા હતા.

### ૪૦૦થી વધુ ડ્રોન અને ૪૦ બેલિસ્ટિક મિસાઇલો વડે હુમલો

## રશિયાએ બેલિસ્ટિક મિસાઇલો વડે યુક્રેન ઉપર વર્તાવ્યો કહેર

### રશિયા દ્વારા હુમલો કરાયેલા યુક્રેનના વિસ્તારોમાં વોલિન, લ્વિવ, ટેર્નોપિલ, કિવ, સુમી, પોલ્ટાવાનો સમાવેશ થાય છે

। (એજન્સી) મોસ્કો, તા.૬ ।

૨૦૨૨ થી ચાલી રહેલ રશિયા-યુક્રેન યુદ્ધ હવે ૨૦૨૫ માં વધુ આક્રમક દેખાઈ રહ્યું છે. તાજેતરના ઘટનાક્રમમમાં, રશિયાએ યુક્રેનના લગભગ તમામ મુખ્ય વિસ્તારો પર ૪૦૦ થી વધુ ડ્રોન અને ૪૦ થી વધુ બેલિસ્ટિક મિસાઈલોથી હુમલો કર્યો. રશિયા દ્વારા હુમલો કરાયેલા યુક્રેનના વિસ્તારોમાં વોલિન, લ્વિવ, ટેર્નોપિલ, કિવ, સુમી, પોલ્ટાવા, ખ્મેલનિત્સ્કી, ચેર્કાસી અને ચેર્નિહિવનો સમાવેશ થાય છે. યુક્રેનિયન રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ ટ્વિટર (અગાઉ ટ્વિટર) પર ભાવનાત્મક અને



ગુસ્સાવાળું નિવેદન જારી કર્યું. તેમણે કહ્યું કે યુક્રેનિયન વાયુસેના અનેક મિસાઈલો અને ડ્રોનને તોડી પાડવામાં સફળ રહી છે, પરંતુ ત્રણ કટોકટી સેવા કર્મચારીઓના મૃત્યુ અને ૪૯ ઘાયલ થયાની પુષ્ટિ કરવામાં આવી છે. કાટમાળ સાફ કરવા અને બચાવ કામગીરી ચાલુ છે. યુક્રેનિયન રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ વધુમાં કહ્યું કે રશિયા તેની નીતિ બદલી રહ્યું નથી. તે સામાન્ય લોકોને નિશાન બનાવી રહ્યું છે. આ યુદ્ધ હવે ફક્ત યુક્રેનનું યુદ્ધ નથી, તે માનવતાનું યુદ્ધ છે. તેમણે કહ્યું કે રશિયાને આંતરરાષ્ટ્રીય જવાબદારી હેઠળ લાવવું જોઈએ. અમેરિકા, યુરોપ અને સમગ્ર વિશ્વએ હવે નિર્ણાયક દબાણ લાવવું પડશે. જો વૈશ્વિક નેતાઓ ચૂપ રહે છે, તો આ પણ એક પ્રકારની મિલીભગત છે. હવે નિર્ણાયક પગલાં લેવાનો સમય છે, યુદ્ધ ફક્ત સમર્થનથી અટકશે નહીં. યુક્રેન શરૂઆતથી જ સ્પષ્ટ કરી ચૂક્યું છે કે તે એકલા લડીને કંટાળી ગયું છે. તેણે નાટો, યુરોપિયન યુનિયન, યુએસ અને અન્ય સાથી દેશો પાસેથી રશિયા પર આર્થિક પ્રતિબંધો વધુ કડક કરવાની અપેક્ષા રાખી છે.

# વિશ્વ પર્યાવરણ દિન : રાજ્યમાં બીચ ક્લીન-અપ ડ્રાઇવમાં ૧,૬૪૦ નાગરીકોએ ૧૮,૩૫૦ કિ. ગ્રા. કચરો એકત્રીત કરી વિવિધ ૧૨ બીચને સ્વચ્છ કર્યા

## ગાંધીનગર અને અમદાવાદની ૧૦ રેસિડેન્શિયલ સોસાયટીઓમાં ૪૫૦ થી વધુ રહેવાસીઓએ ૨૫૦ કિલોથી વધુ રિસાયકલ થાય તેવું પ્લાસ્ટિક એકત્ર કર્યું

। (એજન્સી) ગાંધીનગર, તા.૬ ।

વિશ્વ પર્યાવરણ દિવસ ૨૦૨૫ની ઉજવણીના ભાગરૂપે, વન અને પર્યાવરણ વિભાગ હેઠળ કાર્યરત ગુજરાત પર્યાવરણ પ્રબંધ સંસ્થાન - GEMI દ્વારા #BeatPlasticPollution" થીમ હેઠળ તા. ૨૨ મે થી તા. ૫ જૂન ૨૦૨૫ દરમિયાન રાજ્યવ્યાપી જાગૃતિ અભિયાન યોજાયું હતું. આ ઝૂંબેશ હેઠળ ૧૨ જેટલી બીચ ક્લીન-અપ ડ્રાઇવમાં ૧,૬૪૦ નાગરીકોએ સાથે મળીને ૧૮,૩૫૦ કિ. ગ્રા. કચરો એકત્રીત કર્યો હતો. આ અભિયાનનો મુખ્ય હેતુ પ્લાસ્ટિક પ્રદૂષણને નાબૂદ કરવાનો અને ટકાઉ જીવનશૈલી અપનાવવા માટે જનજાગૃતિ લાવવાનો હતો. પ્લાસ્ટિક પરની નિર્ભરતા ઘટાડવાના રાષ્ટ્રીય અને વૈશ્વિક લક્ષ્યને અનુરૂપ, ગેમીએ પ્રદૂષણ નાબૂદી અંગેના વિવિધ કાર્યક્રમોનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમોમાં નુક્કડ નાટક, બીચ ક્લીન-અપ ડ્રાઈવ, કચરાનું વર્ગીકરણ, ચિત્ર સ્પર્ધા, પ્લાસ્ટિક કચરો એકત્રીકરણ જેવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.





**દરિયાકિનારાની સફાઈ**

ગેમી દ્વારા ગુજરાતના ૧૨ બીચમાં સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં મુખ્યત્વે દ્વારકા, શિવરાજપુર, ઉમરગાંવ, દાંડી, ડુમસ, મહુવા, પોરબંદર અને રવાલપીર વગેરેનો સમાવેશ થાય છે. આ અભિયાનમાં ૨ૅઝમ, વન વિભાગ, સ્થાનિક નગરપાલિકાઓ, પંચાયતો, NGOs અને ઉદ્યોગોના સહયોગથી ૧,૬૪૦ થી વધુ સ્વયંસેવકો અને પર્યાવરણપ્રેમીઓએ મળીને ૧૮,૩૫૦ કિલોથી વધુ પ્લાસ્ટિક અને અન્ય કચરો એકત્રિત કરીને તેનો સુરક્ષિત નિકાલ કર્યો હતો. નુક્કડ નાટક દ્વારા જનજાગૃતિપ્લાસ્ટિક પ્રદૂષણ વિશે જનજાગૃતિ ફેલાવવા માટે અરવલ્લી, રાજકોટ, ભરૂચ, કચ્છ, દાહોદ, જૂનાગઢ અને ડાંગ સહિત ૧૫ જિલ્લાઓના શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં કુલ ૩૭ નુક્કડ નાટકોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ નાટકો દ્વારા ૪,૧૪૯ થી વધુ નાગરીકોને પ્લાસ્ટિક-મુક્ત અને ટકાઉ જીવનશૈલી વિશે સમજણ આપવામાં આવી હતી.

**પ્લાસ્ટિક કચરો એકત્રીકરણ અને 'ગ્રીન રિવોર્ડ્સ'**

ગાંધીનગર અને અમદાવાદની ૧૦ રેસિડેન્શિયલ સોસાયટીઓમાં પ્લાસ્ટિક કચરો એકત્રીકરણ અભિયાન યોજાયું હતું, જેમાં ૪૫૦ થી વધુ રહેવાસીઓએ ૨૫૦ કિલોથી વધુ રિસાયકલ કરી શકાય તેવું પ્લાસ્ટિક એકત્ર કર્યું હતું. નાગરીકોને માટીના કુંડામાં છોડ અને ખાતરનું વિતરણ કરાયું હતું. આ ઉપરાંત રાજ્યભરમાં પર્યાવરણ સુરક્ષા અંગે ચિત્ર સ્પર્ધા, વર્કશોપ, પોસ્ટર, રીલ અને અપસાયક્લિંગ માટે ઈ-કોન્ટેસ્ટ જેવી વિવિધ પર્યાવરણલક્ષી સ્પર્ધાઓ યોજાઈ હતી જેમાં મોટી સંખ્યામાં નાગરીકો સહભાગી થયા હતા.

**પ્લાસ્ટિક-મુક્તભવિષ્યનું નિર્માણ**

ગેમીના આ સામૂહિક પ્રયાસોએ ગુજરાતના હજારો નાગરિકોને પર્યાવરણ સુરક્ષા માટે એકત્રિત કર્યા. આ અભિયાનથી નોંધપાત્ર પ્રમાણમાં કચરાનું રિસાયકલિંગ અને પર્યાવરણીય રીતે સુરક્ષિત નિકાલ કરવામાં આવ્યો છે.

### ગઠિયાએ કાપડના વેપારી પાસે માલ ખરીદી ૧૦.૮૬ લાખ ઓળવ્યા

। (એજન્સી) અમદાવાદ, તા.૬ ।

દાણીલીમડાના કાપડના વેપારી પાસેથી ગઠિયાએ રૂ. ૧૦.૮૬ લાખનો કાપડનો માલ ખરીદીને રૂપિયા ન ચૂકવીને ઠગાઇ આચરી છે. ગઠિયો અવારનવાર ફોન નંબર બદલતો રહેતો હતો અને ઓફિસ ખાલી કરી ઘર બંધ કરીને જતો રહ્યો હતો. વેપારીએ દાણીલીમડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. જમાલપુરમાં રહેતા ઈમરાનભાઇ રીંછડીવાલા દાણીલીમડામાં કાપડનો હોલસેલ ધંધો કરે છે. તેમને કાપડના એજન્ટ જનકભાઇ ખત્રી દ્વારા વિજયકુમાર મતાઇ સાથે સંપર્ક થયો હતો. વિજય ઈમરાનભાઇના ગોડાઉન પર જઈને કાપડ જોઇને ધંધાની વાતચીત કરીને ભાવ નક્કી કર્યો હતો. બાદ ઈમરાનભાઈએ જનક ખત્રીએ જણાવેલા મસ્કતી માર્કેટમાં રૂ. ૫.૩૫ લાખનો માલસામાન મોકલ્યો હતો.

# ત્રણ શખ્સોએ યુવકને ચપ્પાના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતાર્યો

। (એજન્સી) અમદાવાાદ, તા.૬ ।

નિકોલમાં મુક્તિધામ એસ્ટેટમાં એમ્બ્રોઇડરીનું કામકાજ કરતા યુવકને રૂપિયાની લેતી દેતીમાં ત્રણ લોકો સાથે બુધવારે રાતે ઝઘડો થયો હતો. યુવકને તને બહુ ચરબી ચઢી છે કહીને ત્રણ આરોપીએ ચાકુના એક કરતા વધુ ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દીધો હતો. મધ્યપ્રદેશના વતની હાલ નિકોલ વિસ્તારમાં રહેતા કુલદીપસિંહ તોમર (૩૧) ટેક્સી ચલાવે છે અને ભાડાના મકાનમાં પત્ની અને બાળકો તથા ભાઈ વિવેકસિંહ સાથે રહે છે.

કુલદીપસિંહનો ભાઈ નિકોલના મુક્તિધામ એસ્ટેટમાં એમ્બ્રોઇડરીના કારખાનામાં નોકરી કરતો હતો. ગત બુધવારની રાતે કુલદીપસિંહ તેમની ટેક્સી લઈને નિકોલ ખોડિયાર મંદિર પાસે પહોંચ્યા હતા ત્યારે તેમના કાકા અજયવીરનો ફોન આવ્યો અને જણાવ્યું કે મુક્તિધામ એસ્ટેટ પાસે તાત્કાલિક આવી જા, તારા ભાઈ વિવેકને કેટલાક લોકોએ ચાકુના ઘા માર્યા છે. આટલું સાંભળતાની સાથે જ કુલદીપસિંહ પહોંચ્યો અને જોયું તો વિવેકસિંહ લોહીલુહાણ બેભાન હાલતમાં જમીન પર નીચે પડેલો હતો. તાત્કાલીક ૧૦૮ની મદદથી વિવેકસિંહને હોસ્પિટલ સારવાર માટે લઈ જવામાં આવતા ત્યાં ફરજ પરના હાજર ડોક્ટરોએ વિવેકસિંહને મૃત જાહેર કર્યો હતો. આ મામલે કુલદીપસિંહે તેના ભાઈના મોત અંગે પિતરાઈને પૂછતા જણાવા મળ્યું કે મૃતક વિવેકસિંહ અને પિતરાઈ ભાઈ પંકજ તોમર મુક્તિધામ એસ્ટેટ પાસે બુધવારે રાતે ઊભા હતા. આ સમયે આકાશ ચૌહાણ, આઝાદ ચૌહાણ અને નીતેશ તોમર આવ્યા હતા અને વિવેકસિંહની સાથે રૂપિયાની લેતી દેતી મામલે ગાળો બોલીને ઝપાઝપી કરવા લાગ્યા હતા. આ દરમિયાન નિતેશે તેની પાસે રહેલું ચપ્પુ કાઢીને વિવેકસિંહને એક બાદ એક બે ઘા મારી દીધા હતા. આ સમયે પંકજ તોમર વચ્ચે પડતા તેને પણ લોખંડની પાઈપના ફટકા માર્યા અને થાપાના ભાગે ચાકુનો એક ઘા મારી દીધો હતો. બૂમાબૂમ થતાં આસપાસના લોકો એકઠા થઈ ગયા જતા ત્રણેય આરોપીઓ નાસી છૂટ્યા હતા. આ મામલે મૃતક વિવેકસિંહના ભાઈ કુલદીપસિંહ નિકોલ પોલીસમાં આકાશ ઉર્ફે સોનુ ચૌહાણ, આઝાદ ચૌહાણ અને નિતેશ ઉર્ફે દિનુ તોમર સામે ફરિયાદ નોંધાવતા પોલીસે ત્રણેય વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ આદરી છે.

### શેરબજારમાં રોકાણના નામે છેતરપિંડીના કિસ્સામાં વધારો

# ગીત પ્રોડ્યુસરને રોકાણના નામે ગઠિયાએ ૨૦ લાખનો ચૂનો લગાવ્યો

## આ જ પ્રકારની મોડસ ઓપરેન્ડીથી વધુ એક છેતરપિંડી થઇ હોવાની આર્થિક ગુના નિવારણ શાખામાં ફરિયાદ નોંધાઇ છે

। (એજન્સી) અમદાવાદ, તા.૬ ।

શેરબજારમાં રોકાણના નામે છેતરપિંડીના કિસ્સામાં વધારો થઈ રહ્યો છે. તેવામાં આ જ પ્રકારની મોડસ ઓપરેન્ડીથી વધુ એક છેતરપિંડી થઈ હોવાની આર્થિક ગુના નિવારણ શાખામાં ફરિયાદ નોંધાઈ છે.

શહેરમાં રહેતા અને પ્રોડ્યુસરનું કામ કરતા યુવક સાથે એક ગઠિયાએ ૨૦ લાખની છેતરપિંડી આચરી છે. આ મામલે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. નારોલ લાંભામાં રહેતા હિરેનભાઈ ભોઇ પ્રોડ્યુસર છે. વર્ષ ૨૦૨૨માં થલતેજની એક હોટલમાં તેમના એક ગીત રિલિઝના પ્રમોશનની ઈવેન્ટ યોજાઈ હતી. ત્યારે જલજ દવે નામના વ્યક્તિ સાથે મુલાકાત થઈ હતી. જે બાદ જલજ હિરેનભાઈના ઘરે ગયો હતો. જ્યાં તેણે હિરેનભાઈ તથા તેમના પિતાને શેરબજારમાં રોકાણની લાલચ આપી હતી. જલજે ૨૧ દિવસની સાઈકલમાં નફો આપવાની લાલચ આપી હતી. જેથી હિરેનભાઈ અને તેમના પિતા રોકાણ માટે તૈયાર થયા હતા અને જલજને પાંચ લાખનો ચેક આપ્યો હતો. જલજે પણ સિક્યોરિટી પેટે તેની ફર્મનો ચેક આપ્યો હતો. થોડા સમય બાદ જલજે નાણાંની જરૂર હોવાનું કહીને હિરેનભાઈ પાસેથી રોકડા પાંચ લાખ તપોવન સર્કલ પાસેના કેફેમાં લીધા હતા. જે બાદ તેણે થોડું ઘણું વળતર આપીને પેમેન્ટ આપવાનું બંધ કરી દીધું હતું.

### કાર ચાલકે એક્ટિવાને અડફેટે લેતાં ફાયરમેન યુવકનું મોત

। (એજન્સી) ગાંધીનગર, તા.૬ ।

ગાંધીનગરના સેક્ટર ૧૨માં આવેલી સિવિલ હોસ્પિટલ પાસે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં ૨૦ વર્ષીય કાર ચાલકે એક્ટિવા લઈને જઈ રહેલા ફાયરમેનને પાછળ ટક્કર મારતાં એક્ટિવા ચાલક નીચે પટકાતા ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. અકસ્માતના પગલે સ્થાનિક લોકોનું ટોળું એકઠું થઈ ગયું હતું. ટોળાને જોઈને કાર ચાલક ગાડી મૂકીને પોલીસ સ્ટેશન પહોંચી ગયો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર સિવિલ હોસ્પિટલ પાસે આજે બપોરે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં ફાયરમેન કરણસિંહ ડોળ ગ- ૩ રોડ તરફથી ઘ-૩ તરફ જઈ રહ્યા હતા.

### શેરબજારમાં ૪૦૦% નફાની લાલચમાં

# જૂનાગઢના SBIના મહિલા મેનેજરે રૂપિયા ૨૩.૭૭ લાખ ગુમાવ્યા

। (એજન્સી) જુનાગઢ, તા.૬ ।

જુનાગઢમાં એક મહિલા બેંક મેનેજર સાયબર ઠગાઈનો ભોગ બન્યા છે. શેરબજારમાં ૪૦૦ ટકા નફાની લાલચ આપીને તેમની પાસેથી ૨૩.૭૭ લાખ પડાવી લેવામાં આવ્યા છે. જુનાગઢના ઝાંઝરડા રોડ પર હરીઓમનગરમાં રહેતા અને મજેવડીની એક બેંકમાં મેનેજર તરીકે ફરજ બજાવતા એકતાબેન પ્રકાશગીરી ગોસ્વામી (ઉ.૪૦) માર્ચ ૨૦૨૪માં ઓનલાઈન રોકાણની માહિતી શોધી રહ્યા હતા. ત્યારે તેમને એક વેબસાઈટ મળી, જેમાં ૪૦૦ ટકા નફાની જાહેરાત સાથે એક ફોર્મ હતું. એકતાબેને પોતાની વિગતો ભરીને તે ફોર્મ સબમિટ કર્યું. ૨૨ માર્ચ, ૨૦૨૪ના રોજ તેમને એક વોટ્સએપ જૂથમાં ઉમેરાયા.એકતાબેને ૧૨ થી ૨૨ એપ્રિલ દરમિયાન ૪.૨૧ લાખ ઓનલાઈન ટ્રાન્સફર કર્યા.૨૫ એપ્રિલે, તેમને ૭૯,૦૦૦ના નફા સાથે કુલ ૫ લાખ જમા થયા. આ રકમ જમા થતાં એકતાબેનને વિશ્વાસ આવી ગયો કે આ રોકાણ ફાયદાકારક છે.આ વિશ્વાસને કારણે, ૨૨ એપ્રિલથી ૨૩ મે દરમિયાન એકતાબેને વધુ ૨૩.૭૭ લાખ ઓનલાઈન ટ્રાન્સફર કર્યા.

### જીવ બચાવવા લોકોએ દોટ મૂકી

# પાંચ માળની બિલ્ડિંગ પત્તાના મહેલની જેમ ખરવા લાગી

। (એજન્સી) સુરત, તા.૬ ।

સુરતના લાલગેટ વિસ્તારમાં આવેલી વર્ષો જૂની જર્જરિત પાંચ માળની ઈમારતનો પ્રથમ અને બીજા માળનો્જીનો ભાગ ધડાકાભેર સાથે તૂટી પડતાં નાસભાગ અને દોડધામ મચી ગઈ હતી. ઘટનામાં કાટમાળ પડવાના કારણે એક વ્યક્તિ દબાતાં ઈજાગ્રસ્ત થયો હતો. જેને ફાયર વિભાગ દ્વારા રેસ્ક્યૂ કરી સારવાર અર્થે હોસ્પિટલ ખસેડ્યો હતો. સદનસીબે ઘટનામાં કોઈ મોટી જાનહાનિ ન થતાં મોટી દુર્ઘટના બનતાં ટળી હતી.

જર્જરિત ઈમારતનો કાટમાળ તૂટી પડવાના કારણે બિલ્ડિંગમાં ફસાયેલા ૪૫ થી ૫૦ લોકોને રેસ્ક્યૂ કરી તમામને સુરક્ષિત સ્થળે ફાયર વિભાગ દ્વારા ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સંપૂર્ણ બિલ્ડિંગ સલામતીના ભાગરૂપે ખાલી કરાવી દેવામાં આવી હતી. પાલિકા અને ફાયર વિભાગ દ્વારા અગાઉ પણ આ ઈમારતને અનેક વખત નોટિસો આપવામાં આવી હતી. પરંતુ નોટિસોની પણ અવગણના કરાઈ હતી.

શહેરના લાલગેટ વિસ્તારમાં આજે મોટી દુર્ઘટના બનતાં ટળી છે. સવારે ૧૧ વાગ્યાના સમય દરમિયાન હોળી બંગલા વિસ્તારમાં આવેલી મલેક બાબા કોમ્પ્લેક્સના પ્રથમ અને બીજા માળની જર્જરિત ઓટીએસનો ભાગ ધડાકાભેર સાથે તૂટી પડ્યો હતો. જેના પગલે લોકો વચ્ચે રીતસર દોડધામ અને નાસભાગ મચી ગઈ હતી.એકાએક તૂટી પડેલા કાટમાળના કારણે કોમ્પ્લેક્સના નીચે રહેલો એક વ્યક્તિ દબાઈ ગયો હતો. જ્યાં તાત્કાલિક ધોરણે સ્થાનિક વિસ્તારના લોકો મદદે દોડી આવ્યા હતા અને ઘટના સ્થળે પહોંચેલી ફાયર વિભાગની મદદથી યુવકનું રેસ્ક્યૂ કરી સારવાર અર્થે હોસ્પિટલ ખસેડ્યો હતો. હાલ યુવકની હાલત હાલ સુધારા પર હોવાનું જાણવા મળ્યું છે.

હોળી બંગલા વિસ્તારમાં આવેલી મલેક બાબા કોમ્પ્લેક્સમાં કુલ ૩૦ જેટલા ફ્લેટ આવેલા છે. જે ફ્લેટની અંદર લોકો પોતાના સહ પરિવાર જોડે વસવાટ કરે છે. વર્ષ ૧૯૯૩માં મલેક બાબા કોમ્પ્લેક્સનું નિર્માણ કાર્ય થયું હતું.

### પાલીતાણામાં પતિએ છરીના ૧૪ ઘા મારી કરી પત્નીની હત્યા

। (એજન્સી) પાલીતાણા, તા.૬ ।

ઘરકંકાસમાં મારામારી-હત્યા સહિતની ઘટનાઓ સામે આવતી હોય છે, ત્યારે ભાવનગરના પાલીતાણામાં પતિએ ઘરકંકાસના કારણે પત્નીને છરીના ૧૪ ઘા મારીને મોતને ઘાટ ઉતારી હોવાની ચોંકવનારી ઘટના સામે આવી છે. સમગ્ર મામલે જાણ થતાં પાલીતાણા ટાઉન પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે મૃતક યુવતીના મૃતદેહને પીએમ અર્થે હોસ્પિટલ મોકલ્યો હતો. જ્યારે પત્નીની હત્યા કરનાર આરોપી પતિની પોલીસે ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. મળતી માહિતી મુજબ, પાલીતાણાના શક્તિનગર વિસ્તારમાં રહેતા સાગર ચનાભાઈ સરવૈયાએ મુંબઈના દિશાબહેન (ઉ.વ. ૨૭) વર્ષ ૨૦૧૯માં પ્રેમ લગ્ન કર્યા હતા.

## વિશેષ

### ૭મી જૂન : વિશ્વ ખાદ્ય સુરક્ષા દિન

# 'કોઈ જન ભૂખ્યો ના સુએ' એ ઉચ્ચત્તમ માનવિય સંવેદનાને ઉજાગર કરતી 'અંત્યોદય અન્ન યોજના' અને 'પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના'

। (માહિતી) ડાંગ ।

તા.૭ મી જૂન : વિશ્વ ખાદ્ય સુરક્ષા દિવસ. આ દિવસની ઉજવણીના અવસરે 'કોઈ પણ જન ભૂખ્યો ના સુએ' એ ઉચ્ચત્તમ માનવિય સંવેદનાને ઉજાગર કરતી 'અંત્યોદય અન્ન યોજના' અને 'પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના' વિશે જાણવુ એ પ્રાસંગિક લેખાશે.

ગરીબોના માનવ અધિકાર અને તેમના બે ટંકનુ ભોજન સુનિશ્ચિત કરતી 'અંત્યોદય અન્ન યોજના'

દેશમા આજે પણ અનેક લોકો ભુખમરામા પોતાનુ જીવન ગુજારી રહ્યા છે. આવા ગરીબ અને જરૂરતમંદ લોકો સુધી સસ્તા ભાવે અનાજ પહોંચાડવાનો પ્રયાસ, ભારત સરકાર દ્વારા કરવામા આવ્યો છે. આ માટે 'અંત્યોદય અન્ન યોજના' ની શરૂઆત કરવામાં આવી હતી. આ યોજનાની શરૂઆત તા.૨૫ મી ડિસેમ્બર, ૨૦૦૦ ના રોજ તત્કાલિન વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપેયી દ્વારા કરવામા આવી હતી. શરૂઆતમા આ યોજના ગ્રામ્ય વિસ્તારોના ખૂબ જ ગરીબ પરિવારો માટે લાગુ કરવામા આવી હતી. પરંતુ ત્યાર પછી તેનો વિસ્તાર વધારી શહેરી વિસ્તારો સુધી પણ કરવામા આવ્યો હતો.

આ યોજનાના મુખ્ય લક્ષ્યાંકો જોઈએ તો ભૂખમરા સામે લડવુ, અત્યંત ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારોને મદદરૂપ થવુ, અને તેમને સસ્તા ભાવે અનાજ ઉપલબ્ધ કરાવવુ તે છે.

આ યોજના હેઠળ પસંદ કરાયેલા દરેક ગરીબ પરિવારને દર મહિને ૩૫ કિલો અનાજ આપવામા આવે છે. જેમા ઘઉં માત્ર બે રૂપિયે પ્રતિ કિલો અને ચોખા માત્ર ત્રણ રૂપિયે પ્રતિ કિલોના દરે આપવામા આવે છે.

આ યોજના માટેની લાયકાત અને લાભાર્થીઓ:

આ યોજના હેઠળ એવા પરિવારોનો સમાવેશ કરવામા આવે છે જે સૌથી વધુ ગરીબ છે. જેમ કે શ્રમજીવી લોકો, વિધવા સ્ત્રીઓ, નિરાધાર વૃદ્ધો, શારીરિક રીતે અશક્ત લોકો, અને અશિક્ષિત તથા રોજગારી વગરના લોકો. આવા લાભાર્થીઓની પસંદગીનુ કામ રાજ્યોની સરકારો દ્વારા કરવામા આવે છે.

યોજનાના લાભો ની વાત કરીએ તો ગરીબ પરિવારોને સુલભ રીતે ભોજન મળી રહે છે. જેને કારણે ભુખમરા અને પોષણનો અભાવ ઘટે છે. સમાજમાં સમાનતાનો ભાવ ઊભો થાય છે. અને સરવાળે માનવ વિકાસ અને આરોગ્યમા સુધારો થાય છે.

'અંત્યોદય અન્ન યોજના' એ ભારતની એક લોક કલ્યાણકારી યોજના છે. જે ગરીબી અને ભૂખમરા સામેની લડાઈમા ખૂબ જ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ યોજના થકી ગરીબોનો માનવ અધિકાર, તેમનો ભોજનનો અધિકાર સુરક્ષિત થયો છે.

ડાંગ જિલ્લાની વાત કરીએ તો ડાંગ જિલ્લાના કુલ ૪૮,૮૬૬ રાશન કાર્ડ પૈકી ૪,૮૯૬ કાર્ડ અંત્યોદય અન્ન યોજના હેઠળ આવરી લેવાયા છે. જેના થકી ૧૯,૮૨૧ લોકોને આ યોજના હેઠળ ઘઉં અને ચોખા પૂરા પાડવામા આવે છે.

'પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના'

'પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના' ભારત સરકાર દ્વારા 'કોરોના મહામારી' દરમિયાન શરૂ કરવામાં આવી હતી. આ યોજના માર્ચ ૨૦૨૦ મા શરૂ થઈ. જેનો મુખ્ય ઉદ્દેશ "કોઈ પણ નાગરિક ભૂખ્યો ન સુએ" તે છે. આ યોજના અંતર્ગત NFSA કાર્ડ ધારકોને દર મહિને પાંચ કિલોગ્રામ અનાજ વિના મૂલ્યે, બિલકુલ મફત પૂરુ પાડવામા આવે છે. જેમા સ્થાનિક પરિસ્થિતિ અનુસાર ઘઉં અથવા ચોખાનુ વિતરણ થાય છે. સમગ્ર દેશમા આશરે ૮૦ કરોડ લોકોને આ યોજનાનો લાભ મળી રહ્યો છે. સને ૨૦૨૩ પછી આ યોજનાને NFSA સાથે ભેળવીને 'મફત અનાજ યોજના' તરીકે આગળ વધારવામાં આવી. આ યોજના ભુખમરા સામેની લડતમા એક ખૂબ મોટુ પગલુ સાબિત થઈ છે. ગરીબો માટે આ યોજના આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે. આવી યોજનાઓ ભારતના સશક્ત અને સમાનતાપૂર્ણ સમાજના નિર્માણ માટે ખુબ જરૂરી છે.

ડાંગ જિલ્લાની વાત કરીએ તો ડાંગ જિલ્લામા પણ 'પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના' અંદાજિત ૨,૨૧,૮૬૩ લોકોને ઘઉં અને ચોખા પૂરા પાડવામા આવી રહ્યા છે.

જીવન જીવવા માટે ખોરાક જરૂરી છે. પરંતુ દરેક વ્યક્તિને બે સમયનુ ભોજન મળી રહે, એ જ ખાદ્ય સુરક્ષા નથી. ખાદ્ય સુરક્ષામા અન્ય કેટલાક પાસાઓનો પણ સમાવેશ થાય છે. તારીખ ૭મી જૂનના દિવસને 'વિશ્વ ખાદ્ય સુરક્ષા દિન' તરીકે ઊજવવામા આવે છે ત્યારે, આ બાબતો તરફ પણ એક દ્રષ્ટિપાત કરીએ.

ખાદ્ય ઉપલબ્ધતાઃ દેશમા ખાદ્ય પદાર્થોનું ઉત્પાદન, ખાદ્ય પદાર્થોની આયાત અને સરકારી ભંડારોમ સંચિત સ્ટોક.

ખાદ્ય પદાર્થોની પ્રાપ્યતાઃ ખાદ્ય પદાર્થો દરેક વ્યક્તિને સરળતાથી મળી શકે.

ખાદ્ય પદાર્થ મેળવવાનું સામર્થ્યઃ દરેક વ્યક્તિ પોતાના માટે પૂરતો અને પૌષ્ટિક ખોરાક મેળવવા સમર્થ હોય.

ખાદ્યપદાર્થોના સંતુલિત અને સુરક્ષિત ધોરણો જાળવી રાખવા, જાગૃતિ ફેલાવવી અને ખરાબ ગુણવત્તાવાળા તથા અપૂરતા પોષણવાળા ખોરાકથી નિપજતા મૃત્યુનો આંક ઘટાડવો તે પણ આ દિવસની ઉજવણીનો હેતુ છે.

સમાજનો ગરીબ વર્ગ મોટા ભાગે ખાદ્ય અસુરક્ષાથી પીડિત છે. દેશમા ભૂકંપ, દુષ્કાળ, પૂર, સુનામી કે માવઠાની પરિસ્થિતિમા ખાદ્ય અસુરક્ષાની પરિસ્થિતિનુ નિર્માણ થાય છે. આવા સંજોગોમા સમાજના દરેક વર્ગને અસર થાય છે, ત્યારે ખાદ્ય સુરક્ષા જરૂરી છે.

ભારતમા ખાદ્ય સુરક્ષા ક્ષેત્રે ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI) કાર્યરત છે. તેની સ્થાપના સને ૨૦૦૮માં ખાદ્ય પદાર્થોના ઉત્પાદન, સંગ્રહ, વિતરણ, વેચાણ અને આયાતમા નિયત કરેલા વૈજ્ઞાનિક ધારાધોરણોનુ નિયમન કરવાના હેતુથી થઈ હતી. આ સંસ્થા દ્વારા SFSI (સ્ટેટ ફૂડ સેફટી ઈન્ડેક્સ) ની રચના કરવામા આવી.

ખાદ્ય સુરક્ષા માટે જમવામા પૂરતો સંતુલિત આહાર લેવો જોઈએ. જંક ફૂડ અને વાસી ખોરાક ન ખાવો જોઈએ. જમતી વખતે ખોરાકનો બગાડ ન થાય તેનુ અચૂક ધ્યાન રાખવુ જોઈએ. વિવિધ સામાજિક-ધાર્મિક પ્રસંગો દરમિયાન ખોરાકનો વધુ પડતો બગાડ થતો જોવા મળે છે. પ્રસંગોના આયોજન વખતે આવુ ન થાય તે માટે સૌએ જાગૃત બનવુ જોઈએ. એન.જી.ઓ.ની મદદથી આવા પ્રસંગે વધેલો ખોરાક વાસી થાય તે પહેલા ગરીબ અને જરૂરિયાતમંદ વર્ગ સુધી પહોંચે તેવુ આયોજન કરી શકાય.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

ન્યૂઝ બ્રિફ

## સ્પેશિયલ પ્લેનથી શેખો હજારો બકરાઓને દુબઈ લઈ ગયા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

બકરી ઈદના તહેવારને બે દિવસ બાકી છે. આવી સ્થિતિમાં, મુસ્લિમો તેના માટે ખાસ તૈયારીઓ કરી રહ્યા છે અને વિવિધ પ્રકારના બકરા ખરીદી રહ્યા છે. બકરી ઈદ સાઉદી અરેબિયામાં ૭ જૂને ઉજવવામાં આવશે. આ માટે, દુનિયાભરમાં બકરા જોવા મળે છે અને લોકોમાં સારી જાતિના બકરાની ખાસ માંગ રહે છે. પરંતુ દુબઈના લોકો રાજસ્થાનના બકરાને ખૂબ પસંદ કરી રહ્યા છે. દુબઈમાં આ બકરાઓની ખૂબ માંગ છે. આમાં ૭ ફૂટ સુધીના બકરાનો સમાવેશ થાય છે, જે તેમના આહારમાં કાજુ, બદામ અને દૂધ ખાય છે. ચાલો આ બકરાઓની વધુ વિશેષતાઓ પણ જાણીએ. દુબઈના શેખ તેમના ઠાઠમાઠ અને ભવ્યતા માટે જાણીતા છે. તેઓ વૈભવી જીવન જીવે છે અને તેમની પસંદગીની કોઈપણ વસ્તુ દુબઈ મોકલવામાં આવે છે. જ્યારે પણ તેમને સારું નોન-વેજ ખાવાનું મન થાય છે, ત્યારે તેઓ ઉંટ અને બકરા માટે રાજસ્થાનને યાદ કરે છે.

## બેંગ્લુરુ નાસભાગ માટે વિરાટ નહીં પણ RCB જવાબદાર



। (એજન્સી) બેંગલુરૂ, તા.૬ ।

ન તો RCB અને ન તો વિરાટ કોહલીએ વિચાર્યુ હતું કે, IPL ચેમ્પિયન બન્યા બાદ તેમનો જશ્ન જીવલેણ બની જશે. અમદાવાદમાં IPLનો ખિતાબ જીત્યા બાદ બેંગલુરૂ પહોંચેલી RCBની ટીમ માટે ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં જશ્નની તૈયારી કરવામાં આવી હતી. જશ્ન શરૂ થઈ ચુક્યો હતો અને સ્ટેડિયમની બહારથી એક દુઃખદ સમાચાર સામે આવ્યા હતા. સ્ટેડિયમની બહાર નાસભાગમાં ૧૧ લોકોના મોત થઈ ગયા હતા અને અનેક લોકો ઈજાગ્રસ્ત થયા હતા. હવે આ માલે પૂર્વ ફાસ્ટ બોલર અતુલ વાસને RCB અને વિરાટ કોહલીને લઈને મોટો દાવો કર્યો છે. અતુલ વાસને આ મામલે કહ્યું કે, ૧૮ વર્ષ બાદ ટ્રોફી જીતવી વિરાટ કોહલી, ટીમ તેમજ ફેન્સ માટે શું મહત્ત્વ ધરાવે છે તે દરેક જાણતા હતાં. જેને લઈને અલગ-અલગ થ્યોરી છે. આરોપ-પ્રત્યારોપ સામે આવી રહ્યા છે, પરંતુ તેનાથી લોકોનો જીવ પાછો નહીં લાવી શકાય. RCBની જીતને લઈને અભૂતપૂર્વ હાઈપ હતી. જે ખુદ RCBએ ક્રિએટ કરી હતી. ખેલાડીએ નહીં, પરંતુ જે હાઈપ બનાવવામાં આવી હતી તેણે બંગલુરૂમાં ગાંડપણ વધાર્યું હતું.

### ત્રીજી ઓગસ્ટે થશે NEET-PGની પરીક્ષા

# સુપ્રીમ કોર્ટે NBEની માંગ સ્વીકારી કહ્યું- હવે ફરીથી સમય નહીં મળે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।



૧૫મી જૂને યોજાનારી નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ -પોસ્ટ ગ્રેજ્યુએટ (NEET PG) પરીક્ષા હવે ત્રીજી ઑગસ્ટ, ૨૦૨૫ના રોજ યોજાશે. સુપ્રીમ કોર્ટે નેશનલ બોર્ડ ઓફ એક્ઝામિનેશન્સ(NBE)ને નીટ પીજી પરીક્ષા યોજવાની સમયમર્યાદા લંબાવવાની મંજૂરી આપી છે. આ પરીક્ષા ૧૫મી જૂન ૨૦૨૫માં બે શિફ્ટમાં યોજાવાની હતી. પરંતુ સુપ્રીમ કોર્ટે એક જ શિફ્ટમાં પરીક્ષા લેવાનો નિર્દેશ આપ્યા બાદ તેને મુલતવી રાખવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ પ્રશાંત કુમાર મિશ્રા અને ન્યાયાધીશ ઓગસ્ટિન જ્યોર્જ મસીહની બેન્ચે આ કેસની સુનાવણી કરી. બેન્ચે સ્પષ્ટ કર્યું કે, 'NBEને પરીક્ષાની તારીખ માટે વધુ કોઈ સમયમર્યાદા આપવામાં આવશે નહીં. એટલે કે, પરીક્ષાની તારીખ ફરીથી મુલતવી રાખી શકાતી નથી.' NBEMSએ સુપ્રીમ કોર્ટમાં દાખલ કરેલી અરજીમાં જણાવ્યું હતું કે એક જ શિફ્ટમાં પરીક્ષા લેવા માટે વધારાના પરીક્ષા કેન્દ્રો, નિરીક્ષકો, સુરક્ષા કર્મચારીઓ અને ટેકનિકલ વ્યવસ્થાની જરૂર પડશે. આ માટે દ્રર્મ્ઈસ્જીએ તેના ટેકનિકલ ભાગીદાર ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ (TCS) સાથે મળીને ત્રીજી ઑગસ્ટના રોજ પરીક્ષા યોજવાની તારીખનો પ્રસ્તાવ મૂક્યો હતો. જોકે, કોર્ટે NBEMSના આ પ્રસ્તાવને સ્વીકાર્યો અને ત્રીજી ઑગસ્ટ, ૨૦૨૫ના રોજ સવારે ૯:૦૦થી બપોરે ૧૨:૩૦ વાગ્યા સુધી એક જ શિફ્ટમાં પરીક્ષા યોજવાની મંજૂરી આપી. ઉલ્લેખનીય છે કે, ૩૦મી મે ૨૦૨૫ના રોજ સુપ્રીમ કોર્ટે પોતાના આદેશમાં કહ્યું હતું કે, બે શિફ્ટમાં પરીક્ષા યોજવી એ મનમાની છે, કારણ કે અલગ અલગ શિફ્ટમાં પ્રશ્નપત્રોની મુશ્કેલીના સ્તરમાં અંતર હોઈ શકે છે.

### હવામાન વિભાગની ચેતવણી

# ૯ જૂનથી પૂર્વોત્તર રાજ્યોમાં ભારે વરસાદની સંભાવના છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।



વિભાગના જણાવ્યા અનુસાર, ૯ જૂનથી પૂર્વોત્તર રાજ્યોમાં અને ૧૧ જૂનથી દક્ષિણ દ્વીપકલ્પીય ભારતમાં ભારે વરસાદની સંભાવના છે. તે જ સમયે, ૮ થી ૧૦ જૂન દરમિયાન પશ્ચિમ રાજસ્થાન, પંજાબ, હરિયાણા, દક્ષિણ ઉત્તર પ્રદેશ અને ઉત્તર મધ્ય પ્રદેશમાં ગરમીની ચેતવણી જારી કરવામાં આવી છે. દેશમાં મુંબઈ, ભુવનેશ્વર, પુરી, સંદીપ દ્વીપ અને બલાંગીરની ઉત્તરીય સરહદ પર ચોમાસુ પહોંચી ગયું છે. છેલ્લા ૨૪ કલાકમાં, ત્રિપુરા, પશ્ચિમ બંગાળ, અરુણાચલ પ્રદેશ અને આસામ સહિત ઘણા રાજ્યોમાં ભારેથી અતિ ભારે વરસાદ નોંધાયો છે. આ સાથે, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, તમિલનાડુ, પશ્ચિમ બંગાળ, બિહાર, ઝારખંડ, મહારાષ્ટ્ર, ગુજરાત, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મિઝોરમ, મણિપુર, ત્રિપુરા અને આંધ્રપ્રદેશના દરિયાકાંઠાના વિસ્તારોમાં ૬૦-૮૦ કિમી પ્રતિ કલાકની ઝડપે ભારે વાવાઝોડા અને વરસાદની આગાહી કરવામાં આવી છે. આગામી સાત દિવસમાં પૂર્વોત્તર ભારતના મોટા ભાગના વિસ્તારમાં હળવાથી મધ્યમ વરસાદ સાથે કેટલીક જગ્યાએ ભારે વરસાદ પડી શકે છે. ખાસ કરી અસમ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં ૯થી ૧૨ જૂન વચ્ચે વરસાદનું પૂર્વાનુમાન છે. ઉત્તરી પશ્ચિમ બંગાળ, સિક્કિમ, ઝારખંડ, ઓડિશા, છત્તીસગઢ અને બિહારમાં પણ ૬થી ૧૦ જૂન વચ્ચે હળવાથી મધ્યમ વરસાદ અને કેટલીક જગ્યાએ ભારે વરસાદની સંભાવના છે. ગંગાના મેદાની વિસ્તારમાં ૪૦-૫૦ કિમીની ઝડપી પવન ફૂંકાઈ શકે છે. તો પશ્ચિમી રાજસ્થાન, પંજાબ, હરિયાણા, દક્ષિણી ઉત્તર પ્રદેશ અને ઉત્તર મધ્ય પ્રદેશમાં ૮થી ૧૦ જૂન વચ્ચે હીટ વેવની સ્થિતિ રહેશે.




ભારતીય દૂતાવાસના અમૃતા શેર-ગિલ કલ્ચરલ સેન્ટર દ્વારા બુડાપેસ્ટમાં શરણાર્થી કાર્યાલય ખાતે ૧૧મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીના ભાગ રૂપે યોગ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું.

### રાહુલ ગાંધીએ હુડ્ડાના નિવેદનનો જવાબ આપ્યો

## જે કંઈ થઈ રહ્યું છે એનો જવાબદાર હું જ છું : કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી

। નવી દિલ્હી, તા.૬ ।



કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી હાલમાં સંગઠનને મજબૂત બનાવવામાં વ્યસ્ત છે. આ અંતર્ગત, તેઓ મંગળવારે મધ્યપ્રદેશ ગયા હતા અને બુધવારે હરિયાણા બેઠક માટે પહોંચ્યા હતા. ગયા વર્ષે વિધાનસભા ચૂંટણી પછી રાહુલ ગાંધીનો હરિયાણાનો આ પહેલો પ્રવાસ હતો. આ દરમિયાન તેમણે રાજ્ય કાર્યાલયમાં બધા નેતાઓને એકસાથે બેસાડ્યા, જેમના જૂથવાદની ચર્ચા થઈ છે. તેમજ ચૂંટણીમાં હાર બાબતે પણ ચર્ચા કરવામાં આવી હતી. ચૂંટણીમાં થયેલી હાર વિશે કોઈએ ખુલ્લીને વાત કરી ન હતી, પરંતુ બધું જ કટાક્ષમાં કહેવામાં આવ્યું હતું. ભૂપિન્દર સિંહ હુડ્ડા, જેમણે ચૂંટણી પ્રચારનું નેતૃત્વ કર્યું હતું અને મુખ્યમંત્રી પદની રેસમાં હતા, તેમને કુમારી શેલજાના નેતૃત્વ હેઠળના જૂથે દોષી ઠેરવ્યા. હુડ્ડા આનાથી દુઃખી થયા હોય તેવું લાગ્યું અને કટાક્ષભર્યા સ્વરમાં કહ્યું, જીતના ૧૦૦ બાપ હોય છે.

# રોહિત શર્મા અને વિરાટ કોહલીનું સ્થાન ભરવું મુશ્કેલ છે : શુભમન

### દરેક મેચની પરિસ્થિતિ પ્રમાણે પ્લેઇંગ ઈલેવનને ફાઈનલ કરવામાં આવશે : ટીમ ઈન્ડિયાના હેડ કોચ ગૌતમ ગંભીર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।



ટીમ ઈન્ડિયા ૨૦ જૂનથી ઈંગ્લેન્ડમાં ૫ મેચની ટેસ્ટ સીરિઝ રમશે. આ સીરિઝ માટે રવાના થતા પહેલા ટીમ ઈન્ડિયાના નવનિયુક્ત કેપ્ટન શુભમન ગિલ અને કોચ ગૌતમ ગંભીરે ગુરુવારે એક પ્રેસ કોન્ફરન્સ કરી હતી. આ દરમિયાન બંનેએ ઘણા સવાલોના જવાબ પણ આપ્યા. ચાલો તમને આ પ્રેસ કોન્ફરન્સની ૫ મોટી વાતો જણાવીએ. આ સીરિઝ શરૂ થવાના થોડા દિવસ પહેલા જ રોહિત શર્માએ ટેસ્ટ ક્રિકેટને અલવિદા કહ્યું. તેના થોડા દિવસ પછી જ વિરાટ કોહલીએ પણ સંન્યાસનું એલાન કર્યું હતું. અશ્વિને પહેલા જ અલવિદા કહી ચૂક્યો છે. આ સવાલના જવાબમાં ગિલે કહ્યું કે, રોહિત-વિરાટનું સ્થાન ભરવું મુશ્કેલ છે. આ પ્રવાસમાં અમને તેમની ખોટ સાલશે. પરંતુ અમારી ટીમ તૈયાર અને સંતુલિત છે. આ સવાલના જવાબમાં કોચ ગૌતમ ગંભીરે કહ્યું કે, અમે આ પ્રવાસ માટે ૧૮ સભ્યોની ટીમની જાહેરાત કરી છે. દરેક મેચની પરિસ્થિતિ પ્રમાણે પ્લેઈંગ ઈલેવનને ફાઈનલ કરવામાં આવશે. ફાસ્ટ અને સ્પિન બોલિંગને પણ તે મુજબ ગોઠવવામાં આવશે. તેણે કરુણ નાયરની પ્રશંસા કરી. ટીમ ઈન્ડિયાના હેડ કોચ ગૌતમ ગંભીરે સ્પષ્ટપણે એ ન જણાવ્યું કે જસપ્રીત બુમરાહ ઈંગ્લેન્ડ સામેની આગામી ટેસ્ટ સીરિઝમાં કઈ ત્રણ ટેસ્ટ રમશે.

### ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી

# ૩૬ વર્ષીય ભારતીય લેગ-સ્પિનર પીયૂષએ નિવૃત્તિની જાહેરાત કરી

### લેગ-સ્પિનર પીયૂષ ચાવલા ૨૦૦૭ના ટી-૨૦ વર્લ્ડ કપ અને ૨૦૧૧ના વન-ડે વર્લ્ડકપમાં ભારતીય ટીમનો ભાગ હતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।



ભારતીય લેગ-સ્પિનર પીયૂષ ચાવલાએ ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે. પીયૂષ ચાવલાએ ૬ જૂન (શુક્રવાર) ના રોજ સોશિયલ મીડિયા પર નિવૃત્તિની જાહેરાત કરી હતી. ચાવલા ૨૦૦૭ના ટી-૨૦ વર્લ્ડ કપ અને ૨૦૧૧ના વન-ડે વર્લ્ડકપમાં ભારતીય ટીમનો ભાગ હતા. ભારતે મહેન્દ્ર સિંહ ધોનીની કેપ્ટનશીપ હેઠળ તે બંને વર્લ્ડ કપ જીત્યા હતા. ૩૬ વર્ષીય પીયૂષ ચાવલાએ ઈન્સ્ટાગ્રામ પર લખ્યું હતું કે, હું આ પ્રકરણનો અંત કૃતજ્ઞતા સાથે કરી રહ્યો છું. હું ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ લઈ રહ્યો છું. આ સુંદર સફરમાં હંમેશા મને સાથ આપવા બદલ આપ સૌનો આભાર. પીયૂષ ચાવલાએ આ સાથે એક લાંબી પોસ્ટ પણ શેર કરી હતી. પીયૂષ ચાવલાએ પોતાની પોસ્ટમાં લખ્યું હતું કે, મેદાન પર બે દાયકાથી વધુ સમય વિતાવ્યા પછી હવે આ સુંદર રમતને અલવિદા કહેવાનો સમય આવી ગયો છે.

### બેંગલુરુમાં મચેલી ભાગદોડ મામલે મોટી કાર્યવાહી

# RCBના ટોપ માર્કેટિંગ અધિકારીની ધરપકડ, અન્ય 3 પણ કસ્ટડીમાં

### ચિન્નાસ્વામી સ્ટેડિયમ બહાર મચેલી ભાગદોડમાં ૧૧ લોકોના મોત થયા અને અનેક લોકો ઘાયલ થયા હતા

। (એજન્સી) બેંગલુરુ, તા.૬ ।



બેંગલુરુ પોલીસે બુધવારે એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં આરસીબીની જીતની ઉજવણી દરમિયાન મચેલી ભાગદોડ મામલે એકની ધરપકડ કરી છે જ્યારે ત્રણને કસ્ટડીમાં લીધા છે. આ ભાગદોડમાં ૧૧ લોકોના મોત થયા હતા. ધરપકડ કરાયેલામાં આઈપીએલ ફ્રેન્ચાઈઝી રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (આરસીબી)ના ટોચના માર્કેટિંગ અધિકારી નિખિલ સોસલે સામેલ છે. જ્યારે તેમની ધરપકડ થઈ ત્યારે તેઓ એરપોર્ટ જઈ રહ્યા હતા. આ મામલે પકડાયેલા ત્રણ અન્ય લોકો ઈવેન્ટ મેનેજમેન્ટ કંપની ડીએનએ સાથે જોડાયેલા છે. અત્રે જણાવવાનું કે બેંગલુરુમાં ૪ જૂનના રોજ આરસીબીની આઈપીએલ ૨૦૨૫ ટ્રોફી જીતવાની ખુશીમાં યોજાયેલા ઉજવણી સમારોહ વખતે મચેલી ભાગદોડ મામલે પોલીસે એફઆઈઆર દાખલ કરી હતી. અને ત્યારબાદ આ કાર્યવાહી કરવામાં આવી છે. મળતી માહિતી મુજબ નિખિલ સોસલે મુંબઈ જવાની ફિરાકમાં હતા અને જેવા તેઓ એરપોર્ટ પહોંચ્યા કે પોલીસે તેમની ત્યાં ધરપકડ કરી. નિખિલની હાલ પૂછપરછ ચાલુ છે. જેથી કરીને માહિતી મેળવી શકાય કે બેંગલુરુમાં આરસીબીની જીત બાદ થયેલી ઉજવણી ટાણે મચેલી ભાગદોડમાં અને અવ્યવસ્થામાં તેમની ભૂમિકા કેટલી ગંભીર હતી. આ ઘટનામાં ૧૧ લોકોના જીવ ગયા અને અનેક લોકો ઘાયલ થયા હતા. નિખિલ ઉપરાંત ૩ અન્ય લોકોને પણ પોલીસે કસ્ટડીમાં લીધા છે અને પૂછપરછ ચાલુ છે.

### કેરળ, ગુજરાત અને બંગાળમાં સૌથી ખરાબ સ્થિતિ

# ભારતમાં ઘાતક થવા લાગ્યો કોરોના વાયરસ, 3 રાજ્યોની સ્થિતિ ખરાબ

### મંત્રાલયના આંકડા અનુસાર છેલ્લા ૨૪ કલાકમાં આશરે ૫૦૦ કેસનો વધારો થયો છે અને તે વધીને ૫૩૬૪ થયા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।



ભારતમાં કોરોના વાયરસના કેસ ફરી વધવા લાગ્યા છે અને ઘણા મહિના બાદ કોવિડ ૧૯ (Covid-19) ના એક્ટિવ કેસ ૫૩૦૦થી વધુ થઈ ગયા છે. દેશમાં કોરોનાના મામલામાં પ્રથમવાર આટલો વધારો થયો છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા અનુસાર છેલ્લા ૨૪ કલાકમાં આશરે ૫૦૦ કેસનો વધારો થયો છે અને તે વધીને ૫૩૬૪ થઈ ગયા છે, જે ૫ જૂને ૪૮૬૬ હતા. ૧૫ દિવસમાં કોરોના વાયરસના એક્ટિવ કેસમાં ૨૦ ગણાથી વધુ વધારો થયો છે. મહત્વનું છે કે ૨૨ મેએ દેશમાં કોરોનાના એક્ટિવ કેસ (Covid-19 Active Case) ૨૫૭ હતા, જે હવે વધીને ૫૩૬૪ થઈ ગયા છે. કોરોના વાયરસનો નવો પ્રકાર ઘણા રાજ્યોમાં ઝડપથી લોકોને ચેપ લગાવી રહ્યો છે અને તેની ઝપેટમાં લઈ રહ્યો છે. સૌથી ખરાબ સ્થિતિ કેરળમાં છે, જ્યાં કોવિડ-૧૯ના સૌથી વધુ સક્રિય કેસ છે. નવીનતમ માહિતી અનુસાર, કેરળમાં ૧૬૭૯ કોરોના વાયરસ દર્દીઓ છે, જેમની સારવાર ચાલી રહી છે. આરોગ્ય મંત્રાલયના ડેટા અનુસાર, ગુજરાતમાં કોરોનાવાયરસના ૬૧૫, પશ્ચિમ બંગાળમાં ૫૯૬, દિલ્હીમાં ૫૬૨ અને મહારાષ્ટ્રમાં ૫૪૮ સક્રિય કેસ છે. સર ગંગા રામ હોસ્પિટલના સિનિયર કન્સલ્ટન્ટ ડિપાર્ટમેન્ટ ઓફ મેડિસિન પ્રોફેસર ડૉ. એમ. વાલીએ કહ્યું છે કે કોરોનાનો નવો પ્રકાર જીવલેણ નથી, પરંતુ ઝડપથી ફેલાઈ રહ્યો છે. જો જરૂરી ન હોય તો, ઘરની બહાર ન નીકળો. પોતાને સેનિટાઈઝ કરો અને માસ્ક પહેરો. આ માટે કોઈ રસીની જરૂર નથી. જો તમને શરીરમાં દુખાવો, ખાંસી અને તાવ જેવા લક્ષણો હોય, તો ચોક્કસપણે ડૉક્ટરનો સંપર્ક કરો. ગભરાવાની જરૂર નથી. કોરોના તેનું સ્વરૂપ બદલી રહ્યો છે. ચિંતા કરવાની કોઈ વાત નથી. તે સિંગાપોર, હોંગકોંગ અને ચીનમાં વધુ છે. જો તમે આંતરરાષ્ટ્રીય સ્તરે મુસાફરી કરી રહ્યા છો, તો સાવચેત રહેવું અને માસ્ક પહેરવું મહત્વપૂર્ણ છે. આપણે જાણીએ છીએ કે કોરોનાની સારવાર કેવી રીતે કરવી, તેથી ગભરાવાની કોઈ જરૂર નથી. કોરોના વાયરસને લઈને હાલ સ્થિતિ નિયંત્રણમાં છે, પરંતુ સ્વાસ્થ્ય અધિકારીઓએ લોકોને સતર્ક રહેવાની સાવચેતી રાખવાની અપીલ કરી છે. ભીડવાળી જગ્યાએ માસ્ક પહેરવું, વારંવાર હાથ ધોવા અન કોવિડના લક્ષણો જોવા મળે તો ટેસ્ટ કરાવવો જરૂરી છે.

### વિજય માલ્યાની કબૂલાત

# ક્રિકેટ નહીં દારૂની બ્રાન્ડના પ્રચાર માટે ખરીદી હતી RCB

### "મેં RCB ટીમને લગભગ ૪૭૬ કરોડ રૂપિયામાં ખરીદી હતી, તે સમયે આ બીજી સૌથી મોટી બોલી હતી : માલ્યા

। (એજન્સી) બેંગ્લોર, તા.૬ ।



રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર એવી ટીમોમાંની એક છે જેના વિશ્વમાં સૌથી વધુ ચાહકો છે. જ્યારે આ ટીમ ઈતિહાસમાં બહુ સફળ રહી નથી. ટીમે IPL 2025 માં પોતાનું પહેલું ટાઈટલ જીત્યું છે, પરંતુ આ પહેલા એવું નહોતું કે ટીમનું ફેન ફોલોઈંગ ઓછું હતું. તેનું એક કારણ ટીમમાં વિરાટ કોહલીની હાજરી પણ છે, જે પહેલી સીઝનથી RCB માટે રમી રહ્યો છે. હવે જ્યારે ટીમે પહેલું ટાઈટલ જીત્યું છે, ત્યારે તેને પહેલી વાર ખરીદનાર વ્યક્તિની પ્રતિક્રિયા અનિવાર્ય હતી. વિજય માલ્યાએ પણ ટીમ વિશે ખુલાસો કર્યો. રાહુલ દ્રવિડ, અનિલ કુંબલે, ફાફ ડુ પ્લેસિસ, ડેનિયલ વેટોરી જેવા દિગ્ગજોએ RCB ટીમનું નેતૃત્વ કર્યું છે, એબી ડી વિલિયર્સ, ક્રિસ ગેલ, પીટરસન જેવા દિગ્ગજો આ ટીમનો ભાગ રહ્યા છે પરંતુ આ ટીમ ક્યારેય ટાઈટલ જીતી શકી નથી. વિરાટ કોહલીએ પોતે ૧૪૩ મેચમાં આ ફ્રેન્ચાઈઝીની કેપ્ટનશીપ કરી છે, જેમાં ટીમનો જીતનો ટકાવારી ૫૦ થી ઓછો હતો. રજત પાટીદાર RCB ને પહેલું ટાઈટલ અપાવનાર કેપ્ટન બન્યો. એક પોડકાસ્ટ દરમિયાન, RCBના પહેલા માલિક વિજય માલ્યાએ જણાવ્યું કે તેમણે કોની સલાહ પર ટીમ ખરીદી હતી. તેમણે જણાવ્યું કે IPLના સ્થાપક લલિત મોદી તેમની પાસે આવ્યા હતા અને તેમને ટીમ ખરીદવા કહ્યું હતું. લલિતે તેમને જે સમજાવ્યું તેનાથી પ્રભાવિત થઈને, માલ્યાએ નિર્ણય લીધો કે તેઓ ટીમ ખરીદશે. તેમણે કહ્યું, "મેં RCB ટીમને લગભગ ૪૭૬ કરોડ રૂપિયા (૧૧૧.૬ મિલિયન ડોલર) માં ખરીદી હતી. તે સમયે આ બીજી સૌથી મોટી બોલી હતી, જેમાં પહેલી બોલી મુંબઈ ઈન્ડિયન્સ (૧૧૧.૯ મિલિયન ડોલર) ની હતી. વિજય માલ્યા તે સમયે યુનાઈટેડ સ્પિરિટ્સ લિમિટેડના માલિક હતા. તેથી, તેનું નામ દારૂ બ્રાન્ડ જેવું જ રાખવામાં આવ્યું હતું. ૨૦૧૬ માં, વિજય માલ્યાએ આ કંપની પરનો નિયંત્રણ ગુમાવ્યો, ત્યારબાદ તેઓ RCB ના માલિક રહ્યા નહીં.

## તંત્રી લેખ...

# ઐતિહાસિક આઈપીએલ જીતનું જશ્ન એક માતમમાં ફેરવાઈ ગયું

આઈપીએલની અઢાર સિઝન સુધીના લાંબા ઈંતેજાર બાદ પોતાનો પહેલો આઈપીએલ ખિતાબ જીતનારી આરસીબી ટીમને લઈને પ્રશંસકોનો ઉત્સાહ અનપેક્ષિત ન હતો, બલ્કે સ્વાભાવિક જ હતો. બેંગલુરુમાં એમ.ચિન્નાસ્વામી સ્ટેડિયમની બહાર રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (આરસીબી)ની ઐતિહાસિક આઈપીએલ જીતનું જશ્ન જે રીતે એક માતમમાં ફેરવાઈ ગયું, તે સ્તબ્ધ કરનારું અને હૃદયવિદારક પણ છે. ઉલ્લેખનીય છે કે હજારો ઉત્સાહી પ્રશંસકો ટીમના પહોંચવાના કલાકો પહેલાં જ સ્ટેડિયમની બહાર જમા થવા લાગ્યા હતા. સ્ટેડિયમ અંદરથી તો ઠસોઠસ ભરેલું જ હતું, તેની બહાર અને આસપાસની સડકો પર પણ જબરદસ્ત જામની સ્થિતિ હતી. આલમ એ હતો કે લગભગ ૫૦૦૦ સુરક્ષાકર્મી મળીને પણ આ ભીડને નિયંત્રિત કરવામાં અસમર્થ જ દેખાઈ રહ્યા હતા. ત્યારબાદ મચેલી ભાગદોડમાં ૧૧ જેટલા લોકોનાં મોત થયાં અને છ વર્ષની બાળકી સહિત કેટલાય લોકો ઘાયલ હોવાનું કહેવાય છે. ભાગદોડ દરમ્યાનનાં જે દૃશ્યો વાયરલ થયાં છે, તે ધ્રુજારી આપી જાય તેવાં છે. આ સમગ્ર ઘટના અસલમાં પ્રશાસનની લાપરવાહી અને ભીડના વ્યવસ્થાપનમાં નિષ્ફળતાને જ ઉજાગર કરે છે.

# પ્રધાનમંત્રીએ જમ્મુ-કાશ્મીરમાં ૪૬,૦૦૦ કરોડ રૂપિયાથી વધુના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનો ઉદ્ઘાટન અને સમર્પિત કર્યા

## આપણે હંમેશા મા ભારતીને ઊંડા આદર સાથે બોલાવીએ છીએ, 'કાશ્મીરથી કન્યાકુમારી સુધી' કહીને, આજે, આપણા રેલ્વે નેટવર્કમાં પણ આ વાસ્તવિકતા બની ગઈ છેઃ પ્રધાનમંત્રી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે જમ્મુ અને કાશ્મીરના કટરા ખાતે ૪૬,૦૦૦ કરોડ રૂપિયાથી વધુના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ, ઉદ્ઘાટન અને રાષ્ટ્રને સમર્પિત કર્યા હતા. બહાદુર વીર જોરાવર સિંહની ભૂમિને વંદન કરતા, તેમણે ટિપ્પણી કરી કે આજનો કાર્યક્રમ ભારતની એકતા અને દૃઢ નિશ્ચયની ભવ્ય ઉજવણી છે. શ્રી મોદીએ કહ્યું કે માતા વૈષ્ણો દેવીના આશીર્વાદથી, કાશ્મીર ખીણ હવે ભારતના વિશાળ રેલ્વે નેટવર્ક સાથે જોડાયેલ છે. ''આપણે હંમેશા મા ભારતીને 'કાશ્મીરથી કન્યાકુમારી સુધી' કહીને ઊંડા આદર સાથે બોલાવ્યા છે. આજે, આ આપણા રેલ્વે નેટવર્કમાં પણ વાસ્તવિકતા બની ગઈ છે'', પ્રધાનમંત્રીએ ભાર મૂક્યો કે ઉધમપુર-શ્રીનગર-બારામુલ્લા રેલ લાઈન પ્રોજેક્ટ ફક્ત એક નામ નથી પરંતુ જમ્મુ અને કાશ્મીરની નવી શક્તિનું પ્રતીક છે અને ભારતની વધતી જતી ક્ષમતાઓનો પુરાવો છે. પ્રદેશમાં રેલ માળખાગત સુવિધાઓ અને કનેક્ટિવિટીને વેગ આપવાની પ્રતિબદ્ધતા અનુસાર, તેમણે ચિનાબ અને અંજી રેલ પુલનું ઉદ્ઘાટન કર્યું અને વંદે ભારત ટ્રેનોને લીલી ઝંડી આપી, જે જમ્મુ અને કાશ્મીરની અંદર કનેક્ટિવિટીમાં વધારો કરે છે. આ ઉપરાંત, શ્રી મોદીએ જમ્મુમાં એક નવી મેડિકલ કોલેજનો શિલાન્યાસ પણ કર્યો, જે પ્રદેશમાં આરોગ્યસંભાળ સુવિધાઓને મજબૂત બનાવવાની સરકારની પ્રતિબદ્ધતાને મજબૂત બનાવે છે અને કહ્યું કે ૪૬,૦૦૦ કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સ જમ્મુ અને કાશ્મીરમાં વિકાસને વેગ આપશે, જેનાથી પ્રગતિ અને સમૃદ્ધિ આવશે. પ્રધાનમંત્રીએ વિકાસ અને પરિવર્તનના આ નવા યુગ માટે શુભેચ્છા પાઠવી. જમ્મુ અને કાશ્મીરની પેઢીઓએ લાંબા સમયથી રેલ્વે કનેક્ટિવિટીનું સ્વપ્ન જોયું હતું તે વાત પર ભાર મૂકતા, શ્રી મોદીએ આજે કહ્યું કે, તે સ્વપ્ન વાસ્તવિકતામાં પરિણમ્યું છે. ભૂતપૂર્વ મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાના તાજેતરના નિવેદનનો ઉલ્લેખ કરતા, પ્રધાનમંત્રીએ નોંધ્યું કે સાતમા કે આઠમા ધોરણમાં વિદ્યાર્થી તરીકે પણ, શ્રી અબ્દુલ્લા આ પ્રોજેક્ટ પૂર્ણ થવાની રાહ જોઈ રહ્યા હતા. શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું કે આ લાંબા સમયથી રાહ જોવાતી આકાંક્ષાની પરિપૂર્ણતા જમ્મુ અને કાશ્મીરના લાખો લોકો માટે એક ઐતિહાસિક ક્ષણ છે, જે કનેક્ટિવિટી અને પ્રગતિમાં વધારો કરવાનો માર્ગ મોકળો કરશે. આ મહત્વાકાંક્ષી રેલ્વે પ્રોજેક્ટ તેમના કાર્યકાળ દરમિયાન ગતિ પકડી અને હવે સફળતાપૂર્વક પૂર્ણ થયો છે તે તેમની સરકાર માટે એક સૌભાગ્યની વાત છે એમ જણાવતા શ્રી મોદીએ મુશ્કેલ ભૂપ્રદેશ, આત્યંતિક હવામાન પરિસ્થિતિઓ અને પર્વતોમાંથી ખડકો પડતા પડકારો પર લક્ષ આપ્યું, જેના કારણે આ પ્રોજેક્ટ ખૂબ જ મુશ્કેલ અને પડકારરૂપ બન્યો હતો. જોકે, તેમણે ટિપ્પણી કરી કે તેમની સરકારે સતત પડકારોનો સામનો કરવાનું અને દૃઢ નિશ્ચયથી તેનો સામનો કરવાનું પસંદ કર્યું છે. પ્રધાનમંત્રીએ નોંધ્યું કે જમ્મુ અને કાશ્મીરમાં ચાલી રહેલા અસંખ્ય ઓલ-વેધર માળખાકીય પ્રોજેક્ટ્સ આ પ્રતિબદ્ધતાનું ઉદાહરણ છે. તેમણે તાજેતરમાં ખુલેલી સોનમાર્ગ ટનલ અને ચિનાબ બ્રિજ અને અંજી બ્રિજ પર મુસાફરી કરવાનો તેમનો અનુભવ નોંધપાત્ર સીમાચિહ્નો તરીકે ટાંક્યો હતો. શ્રી મોદીએ ભારતના ઈજનેરો અને કામદારોની એન્જિનિયરિંગ પ્રતિભા અને અતૂટ સમર્પણની પ્રશંસા કરતા કહ્યું કે વિશ્વનો સૌથી ઊંચો રેલ્વે કમાન પુલ, ભારતની મહત્વાકાંક્ષાનો પુરાવો છે. તેમણે અવલોકન કર્યું કે જ્યારે લોકો એફિલ ટાવર જોવા માટે પેરિસ જાય છે, ત્યારે ચિનાબ બ્રિજ ઊંચાઈમાં તેને વટાવી જાય છે, જે તેને માત્ર એક મહત્વપૂર્ણ માળખાગત સિદ્ધિ જ નહીં પરંતુ એક ઉભરતું પ્રવાસન આકર્ષણ પણ બનાવે છે. તેવી જ રીતે, પ્રધાનમંત્રીએ અંજી બ્રિજને એન્જિનિયરિંગનો અજાયબી ગણાવ્યો, જે ભારતનો પહેલો કેબલ-સપોર્ટેડ રેલ્વે બ્રિજ છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે આ માળખાં ફક્ત સ્ટીલ અને કોંક્રિટ નથી, પરંતુ ભારતની શક્તિના જીવંત પ્રતીકો છે, જે ખડકાળ પીર પંજાલ પર્વતોમાં ઉંચા છે. શ્રી મોદીએ જાહેર કર્યું કે આ સિદ્ધિઓ વિકસિત રાષ્ટ્ર માટે ભારતના વિઝનનું પ્રતિનિધિત્વ કરે છે, જે સાબિત કરે છે કે ભારતનું પ્રગતિનું સ્વપ્ન જેટલું ભવ્ય છે, તેટલું જ તેની સ્થિતિસ્થાપકતા, ક્ષમતા અને નિશ્ચય પણ છે. સૌથી ઉપર, તેમણે ભાર મૂક્યો કે શુદ્ધ ઈરાદા અને અવિરત સમર્પણ ભારતના પરિવર્તન પાછળની પ્રેરક શક્તિઓ છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે ચિનાબ પુલ અને અંજી પુલ બંને જમ્મુ અને કાશ્મીરમાં સમૃદ્ધિ માટે ઉત્પ્રેરક તરીકે સેવા આપશે, તેમણે કહ્યું કે, ''આ સીમાચિહ્નરૂપ પ્રોજેક્ટ્સ માત્ર પ્રવાસનને વેગ આપશે નહીં પરંતુ અર્થતંત્રના વિવિધ ક્ષેત્રોને પણ લાભ આપશે, જેનાથી વ્યવસાયો અને ઉદ્યોગો માટે નવી તકો ઊભી થશે. તેમણે જણાવ્યું કે જમ્મુ અને કાશ્મીર વચ્ચે રેલ જોડાણમાં વધારો સ્થાનિક ઉદ્યોગસાહસિકો માટે નવા દરવાજા ખોલશે, જેનાથી આર્થિક વિકાસ થશે.

## કથા એક બહુ મોટું સ્વચ્છતા અભિયાન છે, એ કેવળ ધર્મ સભા નથી, કથા પ્રત્યેની લોકોની થોડી સંકીર્ણ દ્રષ્ટિ છે

# જીવન યજ્ઞમાં સેવાનું વ્રત લેનારે સુખની અપેક્ષા રાખવી જોઈએ નહીં!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**સાધુ ધર્મ સ્થાન નથી, તીર્થ સ્થાન છે! સાધુ અંદરનો મેલ કાઢે છે, મંથરાની જીભમાં મેલ હતો, કૈકેયીનાં કાનમાં મેલ હતો, દશરથના મનની દશામાં મેલ હતો, દેવતાની આપણા ભોગ સલામત રહે એવી બુદ્ધિમાં મેલ હતો, સતીની બુદ્ધિમાં અહમનો મેલ હતો, એટલે એણે રામ ચરિત માનસ પર શંકા કરી.**

માનસ સેવા યજ્ઞના ત્રીજા દિવસની કથામાં પ્રવેશતા પૂજ્ય બાપુ એ સૌ દાનવીર અને નિમિત માત્ર યજમાન તથા શ્રોતા ભાઈ બહેનોના દાન દેવાના બહોળા પ્રયાસનું અભિવાનદન કર્યું. સાધુ ધર્મ સ્થાન નથી, તીર્થ સ્થાન છે! સાધુ અંદરનો મેલ કાઢે છે, મંથરાની જીભમાં મેલ હતો, કૈકેયીનાં કાનમાં મેલ હતો, દશરથના મનની દશામાં મેલ હતો, દેવતાની આપણા ભોગ સલામત રહે એવી બુદ્ધિમાં મેલ હતો, સતીની બુદ્ધિમાં અહમનો મેલ હતો, એટલે એણે રામ ચરિત માનસ પર શંકા કરી. આપણી જીભમાં મેલ છે, એટલે આપણે ગમે તેની સામે ગમે તે બોલી નાખીએ છીએ. કથા એક બહુ મોટું સ્વચ્છતા અભિયાન છે, એ કેવળ ધર્મ સભા નથી. કથા પ્રત્યેની લોકોની થોડી સંકીર્ણ દ્રષ્ટિ છે, અને કથા દ્વારા જ એને સવિનય હટાવવી છે. બાપુ એ પોતાનો ભૂતકાળ યાદ કરતાં કહ્યું કે, મેં રામકથાની શરૂઆત કરી, ત્યારે દાદાને પૂછ્યું કે મંગલાચરણમાં કયા શ્લોક લેવા? એમણે કહ્યું રામરક્ષા સ્તોત્રનો લોકાભિરામં લે! એટલે કથાકારની નજરમાં પહેલા લોકનું મહત્વ હોવું જોઈએ, પછી શ્લોકનું. શાસ્ત્ર મુજબ દેવતાની પૂજા થાય, જ્યારે લોકોની સેવા થાય. માનવીની સેવા કરો, સેવાયજ્ઞ એટલા માટે જ છે. સાધુ ધર્મસ્થાન નથી, ધર્મ સ્થાન વહેતા નથી, તીર્થો વહે છે. ધર્મ બંધીયાર થઈ ગયા છે, તમે તમારા અનુયાયીઓને જ રોટલો આપો, બીજાને નહીં! તીર્થ એટલે જળપ્રવાહ, સાધુ તો



ચલતાં ભલાં! સાધુ તીર્થ સ્થાન છે, અન્યથા આનો અનર્થ ન લેશો, પણ હું પ્રવાહી પરંપરાની વાત કરું છું. તુલસીએ સાધુને વૃક્ષ સાથે સરખાવ્યા છે, મંદિરો હોવા જ જોઈએ, અને ભારતના દરેક ગામમાં કોઈને કોઈ દેવનુ મંદિર હોવું જોઈએ! પણ મંદિરની ટોચ પર ધજા ફરકે, પછી મંદિર ઊંચું નથી જતું. વૃક્ષ રોજ ઉંચાઈ પકડે છે, આપણે ઉપર ઉઠવું જોઈએ! અને એટલે જ તુલસીદાસજી 'સંત બીટપ' એમ કહે છે. મંદિરને રંગરોગાન કરવા પડે છે, વૃક્ષને કરવું પડતું નથી. વૃક્ષ માત્ર ઉપર જ વધે એવું નથી, તેના મૂળિયા પણ ગતિ કરે છે, તેનું ફળ પણ મોટું થાય, ડાળીઓ વધતી જાય, પંખીડા માળા બાંધી શકે. લગભગ દરેક વૃક્ષ લીલા રંગના હોય, પણ તેના ફૂલના રંગ જુદા જુદા હોય, ફળના રંગ જુદા જુદા હોય છે. ક્રૌધનો રંગ લાલ, લોભનો પીળો, ત્યાગનો રંગ ભગવો, સાધુનો રંગ વૃક્ષ જેવો લીલો છે, અને તેનું જીવન હરિયાળું છે.

**સંત બીટપ સરિતા**
**ગિરિ ધરની,**
**પર હિત હેતુ સબન્હ**
**કૈ કરની.**

સાધુ વૃક્ષ, સરિતા છે, ગિરિ એટલે કે પહાડ છે, અને બધાંનાં જીવનનો હેતુ બીજાનું હિત છે.

માનસ સેવાયજ્ઞનું સાત્વિક તાત્વિક ચિંતન કરીએ, અને પ્રથમ લક્ષણ આ મુજબ છે.

**સેવક સુખ ચહ**
**માન ભિખારી,**
**વ્યસની ધન સુભ**
**ગતિ બિભિચારી.**

સેવાનું વ્રત લેનાર એ સુખની કામના કરવી કે અપેક્ષા રાખવી એ શક્ય નથી, એને આનંદ મળે પણ સુખ ન મળે. એવી જ રીતે ભિખારી સન્માનની આશા રાખે એ વ્યાજબી નથી. વ્યસન કરવાથી રુપિયા પૈસાની ખો નીકળી જાય છે એટલે વ્યસની ધની બનવાની ખેવના રાખે તો એ પણ શક્ય નથી, વ્યભિચારીની શુભ ગતિ થાય નહીં. વ્યસન ની વાત આવી છે તો કહી દઉં કે બંને એટલું વ્યસન ઓછું કરજો! રામકથાનું અમૃત પીવો છો પછી જેવું તેવું શું કામ પીવું જોઈએ? બીજું લક્ષણ, સેવા પ્રસિદ્ધિ મુક્ત હોવી જોઈએ! સમાજને બોલવા દો! સમાજ બોલશે. પ્રસિદ્ધિ મળશે જ પણ સેવા કરનારનાં મનમાં એવો ભાવ ન હોવો જોઈએ. ત્રીજું લક્ષણ, સેવા સ્પર્ધા મુક્ત અને શ્રદ્ધા યુક્ત હોવી જોઈએ, જેમ કે આવા સેવાનાં પ્રકલ્પોમાં બધાંમાં એકબીજાથી વધુ આપવાની સ્પર્ધા જાગે અને કોઈ વધુ આપે તો જીવ સહજ એમ પણ થાય કે એમણે વધુ આપ્યું! સેવા ગુણાતીત શ્રદ્ધાથી થવી જોઈએ. કોઈ પણ યજ્ઞમાં વિઘ્ન પણ ઘણા આવે છે!; એટલે કે યજ્ઞનો વિરોધ કરનારા પરિબળ ઘણા હોય છે. વિશ્વામિત્રીના યજ્ઞમાં પણ વિઘ્ન આવ્યું હતું, પણ જો અંદરના જ વિરોધ કરે તો ધીરજ રાખવી, સમતા અને ક્ષમતા બરકરાર રહેવી જોઈએ. ભરતજી જ્યારે રામજીને મળવા ચિત્રકૂટ જવાં નીકળે છે, એટલે કે ભક્ત જ્યારે ભગવાનને મળવા નીકળે ત્યારે તેની યાત્રા દરમિયાન જે વિઘ્ન આવે છે, એની વાત કરતાં કહ્યું. પ્રથમ ભરતજીએ વ્રત લીધું કે, જે રીતે મારા હરિ પગપાળા ગયાં, એમ હું પણ ચિત્રકૂટ સુધી પગપાળા ચાલીને જઈશ! અને અયોધ્યા વાસી શરમે ધરમે એની પાછળ ચાલવા લાગ્યાં,પણ બધાંની શારીરિક ક્ષમતા એટલી ન્હોય એટલે કૌશલ્યા માતા ભરતજીને રથમાં બેસવા સમજાવે છે! એટલે ક્યારેક લોક મંગલ માટે વ્રત નિયમ મુકવા પડે, અથવા બદલવા પડે. બીજું ગુહરાજે આખા સમાજને એકત્રિત કર્યા, અને કહ્યું અંતે ભરત કૈકેયીનો પુત્ર છે, એટલે ચૌદ વર્ષ પછી નિષ્કલંક રાજ્ય મળે, માટે રામને વનવાસમાં જ મારવા માંગે છે, એટલે કે સમાજ ગેરસમજ ઉભી કરી શકે. ત્રીજું ભરદ્વાજ ઋષિ એ પોતાની શક્તિ વડે રિદ્ધિ સિદ્ધિને બોલાવી અને ચંદનનો લેપ લગાયેલી યુવતીઓ સેવામાં મુકી, પૂર્ણ ઐશ્વર્ય ઉભું કર્યું! એ જોવા માંગતા હતાં, કે ભરતજીનો પગ લપસે છે કે નહીં? ચોથું ભરતજી જેમ જેમ ચિત્રકૂટ નજીક આવ્યા એમ દેવતાઓ એ નિર્ણય કર્યો કે ભરત રામ મિલાપ થવો ન જોઈએ, અને એટલે સરસ્વતીને તૈયાર કરે છે. એટલે બિલકુલ પહોંચવા આવીએ ત્યારે દૈવી તત્વો પણ વિઘ્ન કરે છે. પાંચમું લક્ષ્મણનો ભરતને મળવાનો વિરોધ! લક્ષ્મણ કહે છે કે ભરત ચતુરંગી સેના લઈને શું કામ આવે છે? એટલે પરિવારમાંથી પણ વિરોધ થઈ શકે છે. માનસ સેવાયજ્ઞની સાત્વિક તાત્વિક વાતો આગળ પર કરીશું એમ કહી કથાના ક્રમમાં આગળ વધ્યાં. મહર્ષિ યાજ્ઞવલ્કય ભરદ્વાજજીને રામકથા પહેલાં શિવ કથા સંભળાવે છે, અને કહે છે એક વખત ત્રેતાયુગમાં ભગવાન શિવ દક્ષ કન્યા, અને પોતાની પત્ની સતીને કુંભજ ઋષિનાં આશ્રમમાં કથા શ્રવણ માટે લઈ જાય છે, અને સતી વિચારે છે, વક્તા કેટલો મહાન હશે! કુંભજ નામ સાંભળીને જ સતી એ વિચાર્યું કે કથા તો દરિયા જેવડી મહાન હોય અને આ તો કુંભજ છે! એ શું કથા કહેશે? શિવજી એ પ્રસન્નતાથી કથા સાંભળી જ્યારે સતીના ભાગ્યમાં કથા શ્રવણનું સુખ નહોતું. શિવજી કથાનાં પરમ સર્જક છે, છતાં એમણે કથા શ્રવણ કર્યું, પણ સતીની બુદ્ધિ એ તર્ક રાખ્યો અને પરીક્ષા કરી, અને છતાં શિવજીને ના કહી, શિવજી ધ્યાનમાં બેસીને સચ્ચાઈ જાણી લે છે, અને સતીનો ત્યાગ કરે છે. સતી દક્ષ પ્રજાપતિના યજ્ઞમાં પોતાની જાતને ભસ્મ કરે છે. બીજો જન્મ પાર્વતી તરીકે હિમાચલને ત્યાં લે છે, અને નારદજીનાં કહેવા અનુસાર કઠિન વ્રત કરે છે. સતીનાં વિયોગમાં શિવજી દુઃખી થઈ રઘુનાથનું ધ્યાન ધરે છે, અને ભગવાન સારંગપાણિ એ શિવજીને વિવાહ માટે રાજી કર્યા, આમ શિવજીની સમાધિ તોડવા કામદેવની કથા, તેમજ તારકાસુરનું મૃત્યુ શિવ પુત્રનાં હાથે લખાયું છે. શિવગણો એ એમને શણગાર્યા અને હિમાચલે પાર્વતીનું પાણિગ્રહણ કરાવ્યું, લગ્ન સંપન્ન થયા! અને દીકરીને ભાવ ભરી વિદાય આપી. શિવ પાર્વતીનો નિતનૂતન વિહાર શરું થયો! કાર્તિકેય નો જન્મ થયો, એનાં હાથે તારકાસુરનો વધ થયો, અને એક દિવસ શિવજીને પ્રસન્ન જોઈ પાર્વતી રામકથાની જીજ્ઞાસા કરે છે.

## ભાવથી જીવનો ઉદ્ધાર થાય છે, ભાવ મુખ્ય છે, વૃંદાવનમાં એક સંત રહેતા હતા, તેમને કોઈ સંતાન ન હતું

# આ કળિયુગ છે.. બુટ શો રૂમ માં, પુસ્તકો ફૂટપાથ પર દારૂ રોકડેથી, દૂધ ઉધાર, કુતરા મહેલ માં ગાય રોડ પર !!



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**મહાત્મા તો પરમાત્મા સાથે આવો સંબંધ જોડી સંસારને ભૂલી ગયા છે, પરમાત્મા સાથે તન્મય થયા છે, શ્રીકૃષ્ણને પુત્ર માની લાડકરવા લાગ્યા છે, મહાત્મા વિચારે, કનૈયો મારી પાસે કેરી માગે છે, બાબા મને કેરી આપો! મહાત્મા મનથી કનૈયા ને કેરી આપે છે. મહાત્મા આ પ્રમાણે કેવળ મનથી ભગવાનને સર્વ વસ્તુઓ આપે છે, કનૈયો એવો ભોળો છે કે, મનથી આપો તો પણ પ્રસન્ન થાય છે.**

ભારતીય સંસ્કૃતિના સંસ્કરોએ તો વિશ્વના લોકોને તેની તરફ આકર્ષ્યા છે તો આપણે આધુનિકતા સુધરેલા બન્યા એટલે આ સંસ્કૃતિ જૂનવાણી લાગે છે ઓલ્ડ ઈઝ ગોલ્ડ છે આપણા રસોડાંમાં ગૃહિણીઓ રસોઈ બનાવતાં પહેલી રોટલી ગાયની અને છેલ્લી કુતરા માટે બનાય છે.માનવીની સાથે પશુ પક્ષીઓની કાળજી રાખવીએ આપણો ધર્મ છે. એટલે જ કવિ કાગે કહ્યું છેકે હેજી તારા આંગણિયા પુછીને કોઈ આવે રે, આવકારો મીઠો આપજે રે જી હેજી તારા કાને રે સંકટ કોઈ સંભળાવે રે, બને તો થોડું ૧પજે રે જી. માનવીની પાસે કોઈ હે માનવી ના આવે રે. હેજી તારા દિવસો ની પાસે, દુખીયા આવરે, આવકારો મીઠો આપજે રે જી. કેમ તમે આવ્યા છો, એમ નવ કે જે રે હેજી એને ધીરે-ધીરે તું બોલવા દેજે રે આવકારો મીઠો આપજે રે જી.વાત એની સાંભળી ને આડું નવ જોજે રે. હે જી એને માથુ રે હલાવી હોંકારો દેજે રે,આવકારો મીઠો આપજે રે હે જી કાગ એને પાણી પાજે, એની સાથે બેસી ખાજે રે હેજી એને ઝાંપા રે સુધી વળાવાને જાજે રે, આવકારો મીઠો આપજે રે જી આપણા આંગણે જાણીતો કે અજાણ્યો કોઈ આવી જાય તો તેને સૌથી પહેલાં આવકારો મીઠો આપવો.પછી બીજું પૂછવું. એ સિંચન આપણી સંસ્કૃતિની દેણ છે.અને સાથે સાથે એવી પણ ટકોર ડંકાની ચોટ પર કરી છે કે આવ નહી આદર નહી, નહી નૈનો મે સ્નેહ તુલસી વહા ન જાઈએ ચાહે કંચન બરશે મેહ.. જ્યાં આવકાર ન મળે ત્યાં ભલેને સોનાનો વરસાદ થતો હોય તોય ના જવું તેવું કહયું છે.



આજે ભગવદ્ જ્ઞાનમાં આપણે કંઈક આવું જ જોઈએ. જીવ માત્રને માનની ભૂખ છે ભગવાન જેને માન આપે છે તેની માનની ભૂખ શાંત થાય છે મારા માટે જગત શું બોલે છે તે જાણવાની ઈચ્છા ન કરો કોઈ આપણા માટે સારું બોલે છે તો તેના પ્રત્યે સદભાવ જાગે છે અને ખરાબ બોલે તો ખરાબ બોલનાર પ્રત્યે કુભાવ આવે છે. મારા માટે મારા ભગવાન શું કહેતા હશે તે જ વિચારો. ઈશ્વર સાથે કોઈ પણ પ્રકારનો સંબંધ જોડો. સંબંધ વગર સામાન્ય મનુષ્યને પણ લાગણી થતી નથી, સંબંધ વગર સ્નેહ થતો નથી. ભગવાનને પિતા માનો, સખા માનો, સ્વામી માનો પણ કાંઈક સંબંધ જોડો. જોકે પ્રભુ આપણા સર્વસ્વ છે, પરંતુ કોઈક પ્રકારનો સંબંધ જોડ્યો હોય તો સારું પરમાત્મા સાથે સંબંધ જોડવાની જરૂર છે.તુલસી દાસજી કહેતા કે, હું રામજીનો સેવક છું, પણ જીવે ઈશ્વર સાથે કોઈ નાતો નક્કી કરી લેવો. ગોપી ઓએ રસ્તો દેખાડેલો જ છે.

ભાવથી જીવનો ઉદ્ધાર થાય છે. ભાવ મુખ્ય છે. વૃંદાવનમાં એક સંત રહેતા હતા.તેમને કોઈ સંતાન ન હતું.મહાત્માએ વિચાર્યું,યોગા ભ્યાસ કરું ત્યાં સુધી મન સ્થિર રહે છે. પણ યોગાભ્યાસ પૂરો થાય કે મન ચંચળ થાય છે અને સંસાર ને યાદ કરે છે. તેથી તેણે સંસારને ભૂલવા એક યુક્તિ કરી.તેણે કનૈયાને બાળક માનવાની શરૂઆત કરી. કનૈયો મારો બાળક છે. હું નંદ છું. કનૈયો મારી ગોદમાં બેઠો છે. કનૈયો મારી દાઢી ખેંચે છે.આમ શ્રીકૃષ્ણને પુત્ર માની આનંદ માને. મહાત્મા તો પરમાત્મા સાથે આવો સંબંધ જોડી સંસારને ભૂલી ગયા છે.પરમાત્મા સાથે તન્મય થયા છે.શ્રીકૃષ્ણને પુત્ર માની લાડકરવા લાગ્યા છે.મહાત્મા વિચારે, કનૈયો મારી પાસે કેરી માગે છે, બાબા મને કેરી આપો! મહાત્મા મનથી કનૈયા ને કેરી આપે છે. મહાત્મા આ પ્રમાણે કેવળ મનથી ભગવાનને સર્વ વસ્તુઓ આપે છે. કનૈયો એવો ભોળો છે કે, મનથી આપો તો પણ પ્રસન્ન થાય છે.

મહાત્માને ગંગા સ્નાનની આતુરતા છે, તેથી મહાત્મા કોઈ કોઈ વખત શિષ્યોને કહે કે, આ શરીરને ગંગા સ્નાન થયું નથી તેથી કાશી જવું છે. પણ પછી માનસી સેવામાં વાત્સલ્ય ભાવ તન્મય થાય કે કનૈયો કહે,બાબા, હું નાનો છું. મને છોડીને કાશી જશો નહીં! એટલે મહાત્મા કહે કે, મારો લાલો મને જવા ના પાડે છે. મારો કનૈયો હજુ બાળક છે. હું કનૈયાને છોડીને જાત્રા કરવા કે જાઉં? એમ કરતાં મહાત્મા વૃદ્ધ થયા અને એક દિવસ શ્રીકૃષ્ણ કીર્તન કરતાં મરણ પામ્યા. આભાવાવેશ માં મહાત્માએ શરીર ત્યાગ કર્યો. શિષ્યો કીર્તન કરતાં કરતાં મહાત્માના શબને સ્મશાનમાં લઈ ગયા. ત્યાં અગ્નિસંસ્કારની તૈયારી થઈ છે, તેવામાં એક સાત વર્ષને બાળક ગંગાજળ લઈને આવ્યો છે. તેણે લોકોને કહ્યું આ મારા પિતા છે,હું તેનો પુત્ર છું. પુત્ર તરીકે અગ્નિસંસ્કાર કરવાનો મને અધિકાર છે તેથી હું આવ્યો છું. મારા પિતાની એક ઈચ્છા હતી કે,એક વખત ગંગા સ્નાન કરવું છે.હું તે માટેગંગાજળ લાવ્યો છું. ૫છી તે બાળકે મહાત્માના શબને ગંગા સ્નાન કરાવ્યુ, પુષ્પની માળા પહેરાવી વંદન કર્યા અને જાતે અગ્નિ સંસ્કાર કર્યો. બધા જોઈ જ રહ્યા. અગ્નિસંસ્કાર કરીને બાળક એકદમ અંતર્ધ્યાન થયો. પછી લોકોને ખ્યાલ આવ્યો કે, મહાત્મા ને તો પુત્ર જ ન હતો એમણે તો બાળ પણથી સંસાર ત્યાગ કર્યો હતો. હવે બધાને સમજાયું કે. પરમાત્મા જ તે મહાત્માના પુત્રરૂપે આવ્યા હતા મહાત્માની ભાવના હતી. શ્રીકૃષ્ણ મારો પુત્ર છે. પરમાત્માએ તેની ભાવના પૂરી કરી છે.

લાખોની સંપત્તિ વારસામાં મળી હોય તેવો પુત્ર પણ અણીના સમયે છોડીને ચાલી જાય છે.

ત્યારે અંત કાળે મારા ભગવાન કદી દગો નહીં આપે. મારા ભગવાન અંત કાળે દોડતા આવે છે. અણીના સમયે જીવ દગો આપે છે, પણ અણીના સમયે કનૈયો દોડતો આવે છે.આમ જે ભાવે જીવ ઈશ્વરનું સ્મરણ કરે છે તે ભાવે ઈશ્વર તેને અપનાવે છે. જેથી ભાવના તેવી સિદ્ધિ.પ્રભુ ને પુત્ર કહો, પિતા કહો, પતિ કહો, મા કહો, તમારા મનમાં જે ભાવ દૃઢ બને તે ભાવ રાખો. પ્રભુ કેવળ ભાવને જુએ છે અને ભાવને જ અંગીકાર કરે છે. પ્રભુ કહે છે કે, કોઈ પણ ભાવે પણ મને જ કેવળ ભજ પરમાત્મા જેવો પ્રેમ જીવ ઉપર કરે છે, તેવો પ્રેમ જીવ કરી શકવાનો નથી. પ્રભુ કહે છે,તું શું પ્રેમ કરે છે? હું ચોવીસ કલાક તારી ઝાંખી કરું છું, ત્યારે તું તો મને દિવસમાં બે કે ત્રણ વખત જ નિહાળે છે.બે કે ત્રણ વખત મારાં દર્શન કરે છે, બાકી મને તો લટકતો રાખે છે !

અક્રૂરજી વિચાર કરતા કરતા જાય છે કે, શ્રીકૃષ્ણ મને કાકા કહીને બોલાવશે.તેવામાં ફરી મનમાં વિચાર આવ્યો કે, હું જાઉં છું પણ મને ભગવાનનાં દર્શન થશે ખરાં? મેં એવાં તો કંઈ કર્મ કર્યા નથી કે ભગવાન મને દર્શન આપે. હું તો સંસારી જીવ છું. કદાચ ભગવાન મને દર્શન નહીં આપે તો?

પોતાની યુવાનીનો વિચાર કરે છે ત્યારે અક્રૂરજી હિંમત હારી જાય છે.પરંતુ પાછા વિચારે છે કે,ના, ના,ભગવાન એવું નહીં કરે! ભગવાન દયાળુ છે.મહાપાપીપણ એમની દયા પામે છે.હું રોજ નિયમથી સેવા કરું છું,રોજ કીર્તન કરું છું. આમ અક્રૂરજી પોતાના વિચાર કરે છે ત્યારે હિંમત હારી જાય છે પણ ઠાકોરજીનો વિચાર કરે છે ત્યારે તેનામાં હિંમત આવે છે. મારા પ્રભુ પતિતપાવન છે. જરૂર તેઓ મને અપનાવશે.પાપીને અપનાવે છે, તેથી તો તેઓ પતિત પાવન કહેવાય છે. વિચાર કરે તો આવા પવિત્ર વિચાર કરો. ખોટો વિચાર કરવાથી મન બગડે છે. રસ્તામાં શુભ શુકન થતાં જોઈને અક્રૂર બાલ્યા, મને શુભ શુકનો થાય છે. જરૂર મને શ્રી કૃષ્ણનાં દર્શન થશે.

વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત,આજે જેઠ સુદ બારસ શનિવારે ઈસ્લામ ધર્મના અનુયાયીઓ કુરબાનીનું પર્વ બકરી ઈદ મનાવશે.આપની દેશ બિનસાંપ્રદાયિક લોકશાહી શાસન વ્યવસ્થાને વરેલ દેશ છે જ્યાં સૌ પોતપોતાના રીતિરિવાજો તેમની રીતે મનાવી શકે છે.ત્યારે સૌ મુસ્લિમ ભાઈ બહેનોને ઈદ મુબારક પાઠવું છું બસ આ રીતે આપણી લેખમાળા દ્વારા આંખ કાન સુધી ભગવદ્ જ્ઞાન પહોંચાડવાનો એક નાનકડો પ્રયાસ કરું છું ક્યાંક ભૂલચૂક જણાય તો સુધારીને વાંચજો.. સૌનું કલ્યાણ થાય. અસ્તુ.

આમિર ખાને ગૌરી સ્પ્રત્ત સાથેના સંબંધ અંગે ખુલાસો કર્યો

# હું અને ગૌરી મળ્યાં તો ભુલથી... અને એકબીજા સાથે જોડાઈ ગયાં



આમિર ખાને તેના ૬૦મા જન્મ દિવસે ગૌરી સ્પ્રત્ત સાથેના સંબંધો જાહેર કર્યા હતાં. પરંતુ એ બહુ ઓછા લોકો જાણતાં હતાં કે તેઓ બંને અનાયાસે જ મળી ગયાં હતાં. તાજેતરમાં જ એક ઈન્ટરવ્યુમાં આમિરે કહ્યું કે ગૌરીને મળ્યો તે પહેલાં તેને એવું લાગતું હતું કે આ ઉમરે હવે તેને કોઈ પાર્ટનર ન મળી શકે. ઈન્ટરવ્યુમાં આમિરે કહ્યું,''હું ગૌરીને મળ્યો એ પહેલાં મને લાગતું હતું હું હવે ઘરડો થઈ ગયો છું હવે આ ઉંમરે મને કોઈ કઈ રીતે મળે. એ ઉપરાંત મારી થેરાપી પણ ચાલતી હતી અને મને સમજાયું હતું કે મારે પહેલાં મારી જાતને પ્રેમ કરવો પડશે અને મારી જાતને તંદુરસ્ત કરવી પડશે. તેથી હું એ કામે લાગી ગયો હતો.''આમિરે તેની પૂર્વ પત્નીઓ રીના દત્તા અને કિરણ રાવ સાથેના સંબંધો અંગે પણ વાત કરી હતી. આમિરે કહ્યું,''મારે કિરણ અને રીના સાથે બે બહુ મજબુત અને ઊંડા સંબંધો હતા, અમે હવે અલગ ભલે હોય તેમ છતાં એકબીજાને માન આપીએ છીએ. મને નહોતું લાગતું કે મને કોઈ એવું મળશે, જેની સાથે મારો આવો નાતો બંધાઈ જશે.''ગૌરી સાથેની પહેલી મુલાકાત યાદ કરતા આમિરે કહ્યું,''ગૌરી અને હું ભુલથી મળી ગયાં હતાં અને અમે એકબીજાના મિત્રો બની ગયાં અને એકબીજા સાથે જોડાઈ ગયાં અને પ્રેમ થઈ ગયો. મને લાગતું હતું, મારી પાસે મા છે, બાળકો છે, ભાઈ-બહેન છે - મારે ઘણા નજીકના અને મજબુત સંબંધો છે અને મારે હવે કોઈ પાર્ટનરની જરૂર નથી.''આમિરે આ સાથે તેની પૂર્વપત્નીઓ વિશે પણ વાત કરી હતી. તેણે કહ્યું,''રીના, કિરણ અને હું હજુ પણ પાની ફાઉન્ડેશન માટે સાથે કામ કરીએ છીએ. અમે દરરોજ સાથે બેસીને વાત કરીએ છીએ. અમારી વચ્ચે ખરો પ્રેમ અને હુંફ છે, અમે એક પરિવાર છીએ અને એ હંમેશા રહેવાનાં છીએ. અમે ભલે પતિ-પત્ની ન હોય, પરંતુ પરિવાર હંમેશા રહેવાના છીએ. મારા પરિવાર અને જીવનનો એક અડગ હિસ્સો છે.''

**હું ગૌરીને મળ્યો એ પહેલાં મને લાગતું હતું હું હવે ઘરડો થઈ ગયો છું હવે આ ઉંમરે મને કોઈ કઈ રીતે મળેઃ આમિર**

# અડીખમ અભિનેતા આમિરઃ લોકેશ સાથે સુપરહિરો ફિલ્મ ફાઈનલ કરી

## ૨૦૨૬માં આ ફિલ્મનું કામ શરૂ થશે, આમિરે કન્ફર્મ કર્યું





આમિર ખાન હેલ તો તેની ફિલ્મ 'સિતારે ઝમીન પર'નાં પ્રમોશનમાં વ્યસ્ત છે. આ સ્પોર્ટ્સ ડ્રામા ફિલ્મ ૨૦ જૂને રિલીઝ થવાની છે. તે પહેલાં આમિરે તેની આગામી ફિલ્મ અંગે પણ જાહેરાત કરી દીધી છે. ૨૦૨૪માં એવા અહેવાલો આવેલા કે આમિર ખાન તમિલ ફિલ્મ મેકર લોકેશ કનગરાજ સાથે સુપરહિરો સ્ટોરી આધારીત ફિલ્મની વાટાઘાટોમાં છે. આ અંગે વાત કરતા આમિરે હવે કન્ફર્મ કરી દીધું છે કે તે આ ફિલ્મ કરે છે અને તેમાં વાતચીત આગળ વધી છે.લોકેશ કનગરાજ સાથેની આ ફિલ્મ વિશે વાત કરતા આમિર ખાને કહ્યું,''લોકેશ અને હું સાથે ફિલ્મ કરી રહ્યા છીએ. આ એક સુપરહિરો ફિલ્મ છે, જેમાં મોટા પાયે એક્શન સીનનું આઉટડોર શૂટિંગ થશે.'' આમિરે આગળ એવું પણ કહ્યું તેણે આ ફિલ્મ સાઈન પણ કરી લીધી છે અને ૨૦૨૬નાં બીજા ભાગમાં આ ફિલ્મનું શૂટિંગ શરૂ થશે. આમિરે કહ્યું,''૨૦૨૬ના બીજા ભાગમાં ફિલ્મનું શૂટિંગ શરુ થશે. અમે બંનેએ સાઈન પણ કરી લીધી છે. આથી વિશેષ હું કંઈ જ કહી શકીશ નહીં. આ બે વર્ષ પછીની વાત છે.''આ ઉપરાંત ઈન્ટરવ્યુમાં આમિરે પોતાના ડ્રીમ પ્રોજેક્ટ મહાભારત વિશે પણ વાત કરી હતી, તેણે કહ્યું,''છેલ્લાં ૨૫ વર્ષથી મહાભારત મારું સપનું રહ્યુ છે. તમે જ્યારે મહાભારત બનાવો ત્યારે તમે માત્ર એક ફિલ્મ નથી બનાવી રહ્યા. તમે એક યજ્ઞ કરવા નીકળ્યા છો. તમારે સજ્જ થવું પડે, જેના માટે હું તૈયારી કરી રહ્યો છું. મારું સપનું પૂરું થશે કે નહીં, એ મને હજુ ખબર નથી. પરંતુ જ્યાં સુધી હું એ રસ્તે ચાલું નહીં, જ્યાં સુધી મારી સામે પ્રાથમિક માળખું તૈયાર ન હોય, ત્યાં સુધી હું આ અંગે કશું જ કહી શકીશ નહીં. હું તમને ફિલ્મની કાસ્ટ વિશે પણ કશું જ કહી શકીશ નહીં. હું જે પણ કહીશ એ ખોટું હશે, હાલ મારી પાસે યોગ્ય માહિતી નથી.'' આમિરે કહ્યું,''૨૫ વર્ષથી મારું મન છે કે હું મહાભારત પર કામ કરું. પરંતુ જેમ મે કહ્યું એમ, આ એક અલગ સફર હશે. આ સફર ક્યાં પહોંચશે એ મને ખબર નથી. પરંતુ આ સફર ચોક્કસ શરુ થશે. પરંતુ હાલ એ માત્ર એક સપનું છે.''આ સુપરહિરો ફિલ્મનું કામ કરતાં પહેલાં આમિર અને લોકેશ બંને તેમના પહેલાંના કામ પૂરા કરી દેશે. એક તરફ તમિલ ફિલ્મ મેકર લોકેશ કનગરાજ હાલ તો રજનીકાંત સાથે 'કૂલી'માં વ્યસ્ત છે, પછી કાર્થિ સાથે 'કૈથી ૨'નું કામ શરૂ કરશે. જ્યારે આમિર હાલ 'સિતારે ઝમીન પર'ના પ્રમોશનમાં વ્યસ્ત છે., એના પછી તે રાજકુમાર હિરાણી સાથે દાદા સાહેબ ફાળકેની બાયોપિક પર કામ શરૂ કરશે. ચર્ચા તો એવી પણ હતી કે રાજકુમાર હિરાણી અને આમિર ખાન 'પીકે ૨' અંગે પણ ચર્ચા કરી રહ્યા છે.જોકે, આમિરે આ વાત ફગાવી દીધી છે. તેણે કહ્યું,''પીકે ૨ માત્ર એક અફવા છે. મને એના વિશે કંઈ જ ખબર નથી. હા દાદા સાહેબ ફાળકેની ફિલ્મ ચોક્કસ બની રહી છે. હું અને રાજુ એના પર કમ કરી રહ્યા છીએ.''આ ઉપરાંત આમિર અને લોકેશ વધુ એક ફિલ્મ માટે સાથે કામ કરી રહ્યા છે. લોકેશ કનગરાજની ફિલ્મ 'કૂલી'માં પણ આમિર એક મહેમાન કલાકારનો રોલ કરી રહ્યો છે. આ ફિલ્મ ૧૪ ઓગસ્ટે રિલીઝ થવાની છે, જેમાં રજનીકાંત લીડ રોલમાં છે. લોકેશે આ ફિલ્મમાં આમિર માટે એક ખાસ પાત્ર લખ્યું છે. આ ફિલ્મમાં નાગાર્જૂન, ઉપેન્દ્ર, શૌબિન શાહિર અને શ્રુતિ હસન પણ છે. બીજી એક વાત એવી પણ છે કે લોકેશની 'કૂલી'ની ટક્કર બોક્સ ઓફિસ પર જુનિયર એનટીઆર અને રિકિત ની 'વૉર ૨' સાથે થશે.



# રાણા દુગ્ગુબતી - અભિષેક બેનર્જી કમલ હસનના ટેકામાં



એક તરફ કમલ હસનની 'ઠગ લાઈફ' રિલીઝ થઈ છે, બીજી તરફ તેમનાં કન્નડા ભાષાને લઈને નિવેદન અંગે વિવાદ સર્જાયો છે. જેના પગલે મણિ રત્નમે ડિરેક્ટ કરેલી આ ફિલ્મની કર્ણાટકમાં પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. તેમ છતાં કમલ હસન ટસના મસ થવા તૈયાર નથી અને તેમણે આપેલાં 'કન્નાડા ભાષાનો ઉદ્ભવતમિલમાંથી થયો છે' નિવેદન બદલ માફી માગવા માટે ઈનકાર કરી દીધો છે. ત્યાર બાદ કર્ણાટક હાઈકોર્ટે પણ તેમની આ નિવેદન અને પછી તની માફી ન માગવા બદલ ઝાટકણી કાઢી હતી. ત્યારે હવે તાજેતરના એક ઈન્ટરવ્યુમાં રાણા દુગ્ગુબતી અને અભિષેક બેનર્જીએ આ મુદ્દે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. રાણા દુગ્ગુબતીએ આ અંગે સામે સવાલ કર્યો હતો કે સમાજે જે રીતે જીવવું જોઈએ, તેમાં જ્ઞાનીઓ અને રાજકારણી કરતાં અભિનેતાઓને જ કેમ આદર્શ માનવામાં આવે છે. તેણે કહ્યું,''હવે સોશિયલ મીડિયા પોતાના મંતવ્યો ઘડવાની જગ્યા જેવું બની ગયું છે. પહેલાં એવું નહોતું. હવે કોઈ પણ બાબત બહુ જલ્દી રાજકીય સ્વરૂપ ધારણ કરી લે છે અને લોકોને લાગી આવે છે. જો મીડિયા અને ન્યુઝ અને લોકો વધુ સ્માર્ટ બની ગયાં હોય તો(એક વાત સમજો) કલાકારો સમાજે કઈ રીતે જીવવું જોઈએ તેની કોઈ તરફેણ કરતાં જ નથી, આ સ્થિતિ પણ સુધરશે. મને લાગે છે કે લોકોએ જ્ઞાનીઓ અને રાજકારણીઓને પોતાના આદર્શ માનવા જોઈએ, અભ્યાસુ સ્ત્રીઓ અને પુરુષોએ આ સમાજને રાહ ચિંધવાની આગેવાની લેવી જોઈએ.''અભિષેક બેનર્જી અને રાણા દુગ્ગુબતી રાણા નાઈડુમાં સાથે કામ કરી ચુક્યા છે અને હવે તેનો બીજો ભાગ પણ આવી રહ્યો છે, ત્યારે અભિષેક બેનર્જીએ આ મુદ્દાને મહારાષ્ટ્રમાં ચાલતા મરાઠી-બિહારી ભાષાવાદ સાથે સરખાવતા કહ્યું,''હું જ્યારે મુંબઈ આવ્યો ત્યારે ઘણા વર્ષો પહેલાં, મેં પણ આવી જ વાત મરાઠી- બિહારી વિશે સાંભળી હતી અને હવે કન્નડા તમિલમાં પણ એ જ ચાલી રહ્યું છે. મને લાગે છે આ બિલકુલ નકામી અને બિનજરૂરી વાત છે. જે લોકો પાસે કરવા માટે કોઈ સારું કામ નથી હોતું એ માત્ર ધ્યાન ખેંચવા માટે આવું બધું કરે છે.'' અભિષેકે એવું પણ કહ્યું કે ભાગલાં પાડવા કરતાં જ્યારે લોકોને શિક્ષણ આપવા કે કોઈ એક સંસ્કૃતિ વિકસાવવા ભાષાનો ઉપયોગ થાય એ સૌથી સારું છે.



અભિષેક બેનર્જી અને રાણા દુગ્ગુબતી રાણા નાઇડુમાં તેમની સાથે કામ કરી ચુક્યા છે

# અભિનેતા પંકજ ત્રિપાઠી અને અદિતી રાવે શરૂ કરી ફિલ્મ 'પારિવારિક મનુરંજન'

**ભાનુશાલી સ્ટુડિઓઝ-એએઝેડ ફિલ્મ્સ દ્વારા એપ્રિલ ૨૦૨૫મા એક કોલબરેશનની જાહેરાત કરાઈ હતી**




ભાનુશાલી સ્ટુડિઓઝ અને એએઝેડ ફિલ્મ્સ દ્વારા એપ્રિલ ૨૦૨૫મા એક કોલબરેશનની જાહેરાત કરવામાં આવી હતી, જે મુજબ તેઓ અલગ અલગ જોનરની ૩ ફિલ્મ બનાવવવાનાં છે. ત્યારે હવે એવા અહેવાલો છે કે બિલકુલ નવી જોડી એવા પંકજ ત્રિપાઠી અને અદિતી રાવ હૈદ્રી તેમની પહેલી ફિલ્મ 'પારિવારિક મનુરંજન'નું કામ શરૂ કરવા જઈ રહ્યા છે. સુત્રો દ્વારા મળતી મહિતી અનુસાર આ ફિલ્મ એક બિલકુલ એકબીજાથી વિરોધાભાસી પતિ પત્નીની વાત કરતી પારિવારિક ફિલ્મ હશે. આ ફિલ્મ વરુણ વી શર્મા દ્વારા ડિરેક્ટ કરવામાં આવશે.સુત્રએ જણાવ્યું,''શુક્રવાર, ૫ જૂનથી ફિલ્મનું શૂટિંગ લખનૌમાં શરૂ થઈ ગયું છે. ફિલ્મની ટીમની ઈચ્છા એક બિલકુલ નવી જોડી લેવાની હતી અને તેમને પંકજ ત્રિપાઠી અને અદિતી રાવ હૈદ્રીમાં તેમની આ લીડ જોડી મળી ગઈ છે.'' આ ફિલ્મ વિનોદ ભાનુશાલી અને હિમાંશુ મહેરા દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવી રહી છેસ જ્યારે તેનું ક્રિએટિવ પ્રોડક્શન અલી અબ્બાસ ઝફર કરે છે. તેમજ બ્રિજેન્દ્ર કાલા અને વરુણ શર્માએ આ ફિલ્મ લખી છે. આ અંગે પંકજ ત્રિપાઠીએ જણાવ્યું,''આ ફિલ્મની સ્ક્રિપ્ટ એવી હતી જેમાં કશુંક સાદું પણ ગમી જાય એવું અને છતાં તમે અવગણી ન શકે એટલું મજા પડે એવું હતું, તેથી હું આ ફિલ્મને ના ન પાડી શક્યો. આ એક એવી સ્ટોરી છે, જે તેની હુંફથી તમને તેના પર ધ્યાન આપવા મજબુર કરી દેશે. આ ફિલ્મમાં હું પહેલી વખત અદિતી સાથે કામ કરી રહ્યો છું અને મને તેની એક્ટિંગ અને તેની આવડત પ્રત્યે હંમેશા માન રહ્યું છે.''જ્યારે આ અંગે અદિતીએ કહ્યું,''મેં જ્યારે સ્ક્રિપ્ટ વાંચી તો સતત મારા ચહેરા પર સ્મિત હતું. મારા માટે આ દુનિયામાં આવી સ્ટોરી મળવી એક અલભ્ય બાબત છે. વાર્તામાં વિવિધ પરિસ્થિતિના કારણે સર્જાતી કોમેડી, અતાનક આવતાં વળાંકો અને તેના કારણે બનતી ઘટનાઓ અને ખાસ કરીને તેની હુંફ અને સાદગી ફિલ્મના કેન્દ્રમાં છે. એમાં પણ જો પંકજ સર સાથે કામ કરવા મળતું હોય તો વધુ સારી વાત છે. એ આ પ્રકારની ફિલ્મના માસ્ટર છે અને મારા માટે તેમની સાથે આમાં કામ કરવાનો અનુભવ ઘણું શીખવા સાથે ઘણી મજાનો હશે.''આ અંગે ડિરેક્ટર વરુણ વી.શર્માએ જણાવ્યું, '' 'પારિવારિક મનુરંજન' એવી સ્ટોરી છે, જે મારા દિલથી નજીક છે, જીવનની અંધાધુધી અને રમુજમાં તેનાં મૂળ છે. તેમાં પંકજ સર અને અદિતી પહેલી વખત એક સાથે કામ કરે છે, તેથી કશુંક નવું છતાં હુંફભર્યુ, ઈમાનદાર અને દરેકને સ્પર્શી જાય એવું લાવતાં અમે પણ ખુશ છીએ.''

૨૦૨૬ના અંત સુધીમાં ફિલ્મ રિલીઝ કરવાની ગણતરી

# શાહિદ કપૂર, ક્રિતી અને રશ્મિકા ઓગસ્ટથી કોકટેલ ૨ માટે શૂટિંગ શરૂ કરશે

**૨૦૧૨ની કોકટેલમાં દિનેશે ઈમ્તિયાઝ અલી સાથે પાર્ટનરશીપ કરી હતી જે આ વખતના ભાગમાં લવ રંજન સાથે કરવાના છે**




વર્ષ ૨૦૧૨ની સૌથી લોકપ્રિય રોમાન્સ કોમેડી હિન્દી ફિલ્મમાંની એક ફિલ્મ કોકટેઈલ હતી. આ ફિલ્મનાં ફેન્સ માટે સારા સમાચાર છે. હવે આ લોકપ્રિય ફિલ્મની સિક્વલ માટે. દિનેશ વિજાન અને લવ રંજન એકસાથે આવી રહ્યા છે. તેમની ગણતરી આ સિક્વલ બાદ એક ફ્રેન્ચાઈઝી બનાવવાનો છે. વધુ એક રસપ્રદ વાત એ પણ છે 'તેરી બાતો મેં ઐસા ઉલજા જીયા' ની સફળ જોડી શાહિદ કપૂર અને ક્રિતિ સેનન ફરી આ ફિલ્મમાં લીડ રોલમાં જોવા મળશે. સુત્રો દ્વારા મળતી અનુસાર 'કોકટેલ ૨'નું શૂટિંગ ઓગસ્ટ મહિનામાં શરૂ થશે. આ ફિલ્મનું શૂટિંગ ભારતમાં અને યુરોપના કેટલાક સ્થળો પર કરવામાં આવશે. તેમજ જાન્યુઆરી ૨૦૨૬માં ફિલ્મનું શૂટિંગ પુરૂ થઈ જશે એવો અંદાજ છે. શાહિદ અને ક્રિતી સાથે હવે રશ્મિકા પણ આ ફિલ્મમાં જોડાઈ છે. આ ત્રણ મુખ્ય કલાકારો સિવાય બીજા અનેક કલાકારોનું કાસ્ટીંગ અત્યારે ચાલી રહ્યું છે. પહેલા ભાગની જેમ આ વખતે પણ હોમી અડજાણિયા ફિલ્મને ડાયરેક્ટ કરશે. ૨૦૧૨ની કોકટેલમાં દિનેશ વિજને ઈમ્તિયાઝ અલી સાથે પાર્ટનરશીપ કરી હતી જે આ વખતના ભાગમાં લવ રંજન સાથે કરવાના છે. કોકટેલ ૨ની વાર્તા લવ રંજને લખી છે, જેઓ પોતાની વાર્તા દર્શાવાની રીત અને લાગણીઓને બારીકાઈથી દર્શાવવા પ્રખ્યાત છે.કોકટેલ ૨નું કામ શરુ કરતાં પહેલા શાહિદ કપૂર વિશાલ ભારદ્વાજની ફિલ્મનું કામ પહેલાં પુરું કરશે. જેનું નામ હાલ પૂરતું 'અર્જુન ઉસ્રા' રાખવામાં આવ્યું છે. બીજી બાજુ ક્રિતી સેનન પહેલા આનંદ એલ. રાયની 'તેરે ઈશ્ક મૈં'નું શૂટિંગ પૂરું કરશે. કોકટેલ ૨ની બીજી હિરોઈન રશ્મિકા મંદાના આયુષ્માન ખુરાના સાથેની ફિલ્મ 'થામા'માં પોતાના ભાગનું શૂટિંગ કરી જલ્દી જ બીજા કલાકારો સાથે જોડાશે. કોકટેલના પહેલા ભાગની વાત કરીએ તો સૈફ અલી ખાન, દિપીકા પાદુકોણ અને ડાયના પેન્ટી લીડ રોલમાં હતાં.



# આદિત્ય રોય કપુર અને સારા અલી ખાને સમજાવી તેમની 'સિચ્યુએશનશિપ'

**આદિત્ય અને સારા પોતાના પ્રેમ અંગે ઓલ્ડ સ્કૂલ ગણે છે**

## ટી-સિરીઝે અનુરાગ બાસુની આ ફિલ્મનું ટ્રેલર લોંચ કર્યું, તે જોઈને દર્શકોએ ઘણો હકારાત્મક પ્રતિસાદ આપ્યો છે



આદિત્ય રોય કપુર અને સારા અલી ખાનની જોડી અનુરાગ બાસુની 'મેટ્રો ઈન દિનોં'માં પહેલી વખત મોટા પડદે જોવા મળશે.આ ફિલ્મમાં આદિત્ય કમિટમેન્ટ કરવાથી ડરતા એક યુવાનનો રોલ કરી રહ્યો છે. આ ઓનસ્ક્રીન જોડી હાલ ફિલ્મના પ્રમોશનમાં વ્યસ્ત છે, ત્યારે આજના જમાનાનાં પ્રેમના મોડર્ન ઈન્ટરપ્રિટેશન અંગે બંનેએ વાત કરી છે. આ ફિલ્મના ટ્રેલર લોંચની એક ઈવેન્ટ બુધવારે મુંબઈમાં યોજાઈ હતી. બુધવારે ટી-સિરીઝે અનુરાગ બાસુની આ ફિલ્મનું ટ્રેલર લોંચ કર્યુ, તે જોઈને દર્શકોએ ઘણો હકારાત્મક પ્રતિસાદ આપ્યો છે જેમાં તેમને જેન ઝીનાં ડેટિંગ માટે વપરાતા કેટલાંક ખાસ શબ્દો વિશે પ્રશ્નો પૂછાયા હતા, જેમકે, સિચ્યુએશનશિપ, બેંન્ચિંગ અને બ્રેડક્રમ્બિંગ.આ પ્રશ્નના જવાબમાં આદિત્યએ સામો પ્રશ્ન કર્યો હતો અને પૂછ્યું,''સિચ્યુએશનશિપ એટલે શું? મને તો એનો શું અર્થ થાય એ પણ ખબર નથી. મને લાગે છે આ મામલે હું થોડો ઓલ્ડ સ્કૂલ છું.'' ત્યારે સારા આ પ્રશ્નનો જવાબ આપતાં કહ્યું,''બધાના પોતપોતાના વિચાર છે, પણ હું સિચ્યુશનશિપ કે આવી કોઈ વાતમાં માનતી નથી.''જ્યારે આદિત્ય રોય કપુરે રેડ ફલેગ અને ગ્રીન ફલેગ વિશે કહ્યું,''રેડ ફલેગ એટલે એવી વ્યક્તિ થઈ જેને એકાદ વખત જેલમાં જવું પડ્યું હોય. અને ગ્રીન ફલેગ એટલે કોઈ એવું જે દયાળુ હોય. કોઈની કરુણા ઘણી મહત્વની બાબત છે.''બુધવારે ટી-સિરીઝે અનુરાગ બાસુની આ ફિલ્મનું ટ્રેલર લોંચ કર્યુ, તે જોઈને દર્શકોએ ઘણો હકારાત્મક પ્રતિસાદ આપ્યો છે. એક સ્પર્શી જાય એવો રોમાન્સ અને જીવન બદલી નાખે એવા નિર્ણયો, આ ટ્રેલર એવી વાર્તાઓ દર્શાવે છે, જે વિશ્વમાં કોઈને પણ પોતાની લાગે. આ ફિલ્મમાં આદિત્ય કપુર, સારા અલી ખાન સાથે ફાતિમા સના શેખ, અલી ફઝલ, કોંકણા સેન શર્મા, પંકજ ત્રિપાઠી, અનુપમ ખેર અને નીના ગુપ્તા વિવિધ રોલ કરી રહ્યાં છે. આ ફિલ્મ ૪ જુલાઈએ રિલીઝ થશે.

# ઝાલોદ ગીદવાણી પરિવાર દ્વારા ભીમ અગિયારસ નિમિતે દૂધ કોલ્ડરીંક્સ અને લસ્સીની ફ્રી સેવા આપી

## શ્યામબાબામા અપાર શ્રદ્ધા તેમજ માતા પિતાના આશીર્વાદથી સેવાકીય કાર્ય કર્યું


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૬ ।

ઝાલોદ એ.પી.એમ.સી પાસે આવેલ કાશ્મીર હોટેલના સંચાલક ચંદુભાઈ ગીદવાણી તેમજ તેમના પરિવારના સહુ સદસ્યો દ્વારા પોતાની દુકાન આગળ બાબા શ્યામની ભીમ અગિયારસ નિમિતે ફ્રી દૂધ કોલ્ડરીંક સેવાનુ કાર્ય પોતાની દુકાન આગળ કર્યું હતું.

શ્યામ બાબાના લાખો ભક્તો જયપુર થઈ ખાટું શ્યામજી પગપાળા યાત્રાએ અવારનવાર જતા હોય છે તેમજ અગ્યારસ નિમિતે મોટા પ્રમાણમાં ભક્તો શ્યામ બાબાના દર્શનાર્થે જતા હોય છે. ઝાલોદ નગરના ગીદવાણી પરિવાર પણ બાબા શ્યામના દર્શન કરવા અવારનવાર જતું હોય છે ત્યારે રસ્તામાં બાબા શ્યામના ભક્તો માટે ભાવિક ભક્તો દ્વારા સેવાકીય કાર્યો કરતા જોતા હોય છે તેથી મનમાં અગ્યારસ નિમિતે આવા સેવાકીય કાર્ય કરવાનો સંકલ્પ કર્યો હતો. આ વખતે ૦૬-૦૬-૩૦૨૫ શુક્રવારના રોજ ગીદવાણી પરિવાર દ્વારા બાબા શ્યામ તેમજ પોતાના માતાપિતાના આશીર્વાદ થી ભીમ એકાદશી નિમિત્તે દુકાન આગળ બાબા શ્યામની છબી મૂકી તેની પૂજા અર્ચના કરી મોબાઈલ થી બાબા શ્યામના ભજન સાથે દૂધ કોલ્ડરીંકનુ સેવાકીય કાર્ય કર્યું હતું. આજના આ સેવાકીય કાર્યમા ૩૦૦૦ થી વધુ લોકોને દૂધ કોલ્ડરીંક પીવડાવવામા આવી હતી. તેમજ બાબા શ્યામના દર્શન અને ભક્તિ ભર્યા વાતાવરણનો લાભ ભાવિક ભક્તોએ લીધો હતો. આજના આ સેવાકીય કાર્ય કરવા ગીદવાણી પરિવારના નાના થી માંડી મોટા સુધી સહુ લોકો જોડાયા હતા અને લોકોની સેવા કરવાનો લાભ લીધો હતો.

# વાસદ–રનોલી સ્ટેશનો વચ્ચે લેવામાં આવેલ બ્લોક રદ,પ્રભાવિત ટ્રેનો પુનઃ સ્થાપિત

। અમદાવાદ, તા.૬ ।

પશ્ચિમ રેલવે ના વડોદરા મંડળ પર વાસદ-રનોલી સ્ટેશનોની વચ્ચે બ્રિજ નંબર ૬૨૪ પર રિ-ગર્ડરિંગના કામ માટે ૮ મે થી ૮ જૂન ૨૦૨૫ સુધી (બુધવાર અને રવિવાર) બ્લોક લેવામાં આવ્યો હતો. ટેકનિકલ કારણોસર, ૮ જૂન ૨૦૨૫ ના રોજ બ્લોક રદ કરવામાં આવ્યો છે. તદનુસાર ૮ જૂન ૨૦૨૫ ના રોજ પ્રભાવિત નીચે મુજબ ની ટ્રેનો હવે પૂર્વ નિર્ધારિત સમયસારણી પ્રમાણે ચાલશે.

૧. ટ્રેન સંખ્યા ૧૯૦૩૬ મણિનગર-વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસ

૨. ટ્રેન સંખ્યા ૧૯૦૩૫ વડોદરા-મણિનગર ઈન્ટરસિટી એક્સપ્રેસ

૩. ટ્રેન સંખ્યા ૨૨૯૬૦ જામનગર-વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસ

૪. ટ્રેન સંખ્યા ૧૪૮૦૭ જોધપુર-દાદર એક્સપ્રેસ

૫. ટ્રેન સંખ્યા ૧૬૨૦૯ અજમેર-મૈસુર એક્સપ્રેસ

૬. ટ્રેન સંખ્યા ૨૦૯૦૨ ગાંધીનગર કેપિટલ-મુંબઈ સેન્ટ્રલ વંદે ભારત એક્સપ્રેસ

૭. ટ્રેન સંખ્યા ૨૦૬૨૬ ભગત કી કોઠી-એમજીઆર ચેન્નાઈ સેન્ટ્રલ એક્સપ્રેસ

ટ્રેનોના પરિચાલન સમય, સ્ટોપેજ અને સંરચના થી સંબંધિત વિસ્તૃત જાણકારી માટે મુસાફરો www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

# ચાંદોદ ખાતે શ્રી અનિરુદ્ધાચાર્યજી સંસ્કૃત મહાવિદ્યાલયના પ્રવેશદ્વાર અને રસ્તાનું ભૂમિ પૂજન કરતા શિક્ષણમંત્રી કુબેરભાઈ ડીંડોર..



। (માહિતી) વડોદરા, તા.૬ ।

વડોદરા જિલ્લાના ડભોઈ તાલુકા ખાતે આવેલ ચાંદોદના શ્રી બદ્રીનારાયણ મંદિર સ્થિત ભૂમિ પૂજન કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યું હતું. શ્રી અનિરુદ્ધાચાર્યજી સંસ્કૃત મહાવિદ્યાલયના પ્રવેશ દ્વારનો ભૂમિ પૂજન તથા મહાવિદ્યાલય માટે બનતા રસ્તાનું ભૂમિ પૂજન શિક્ષણ મંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોર તથા ધારાસભ્ય શ્રી ડભોઇ વિધાનસભા શૈલેષભાઈ મહેતાના વરદ હસ્તે કરવામાં આવ્યું. આ રોડ રસ્તા તથા મુખ્ય પ્રવેશ દ્વારના નિર્માણ માટે મંત્રીશ્રીના ગ્રાન્ટ માંથી લગભગ ૧૧ લાખ રૂપિયાની મદદ કરવામાં આવી છે. વૈદિક મંત્રોચ્ચાર તથા પ્રાર્થનાથી ભૂમિ પૂજન શરૂ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ દરમિયાન શિક્ષણ મંત્રી શ્રી કુબેરભાઈ ડિંડોર એ ચાંદોદની ગ્રામ પંચાયત તથા સંસ્કૃત મહાવિદ્યાલયના પરિવારને શુભેચ્છાઓ પાઠવી અને આધ્યાત્મિક શિક્ષણને વધુમાં વધુ લોકો સુધી પહોંચાડવાનું આહવાન કરવામાં આવ્યું. અને મને પુણ્ય અને સેવાના કાર્યમાં સહભાગી કરવા બદલ આભારી છું. તથા ડભોઇના ધારાસભ્ય શ્રી શૈલેષભાઈ મહેતાએ પણ શુભેચ્છાઓ પાઠવી અને આવનારા સમયમાં સંસ્કૃત મહાવિદ્યાલયને નાનામાં નાની જરૂર પડે ત્યારે મને યાદ કરજો, ચાંદોદ એ મારો પરિવાર છે.

ભૂમિ પૂજન બાદ યાત્રાધામ ચાંદોદ ખાતે ૧૦ દિવસ ઐતિહાસિક મલ્હારરાવ ઘાટ ખાતે જેઠ સુદ એકમ થી જેઠ સુદ દશમ સુધી ગંગા દશાહરા પર્વની પૂર્ણાહુતિની મહાઆરતીની શિક્ષણ મંત્રી શ્રી કુબેરભાઈ ડિંડોર અને તેમના ધર્મપત્ની સાથે તથા ધારાસભ્ય શૈલેષ મહેતા સહીત અન્ય મહાનુભવોએ ચાંદોદના વિધવાન બ્રાહ્મણો દ્વારા વૈદિક મંત્રોચ્ચાર સાથે નર્મદા ગંગાજીનું પૂજન તેમજ આરતી કરી હતી.

આ સમસ્ત કાર્યક્રમમાં શિક્ષણ મંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોર તથા ધારાસભ્ય શ્રી શૈલેષભાઈ મહેતા સહિત છોટા-ઉદેપુરના સાંસદ શ્રી જસુભાઈ રાઠવા, કુબેર ભંડારીના પૂજારી શ્રી રજનીકાંતભાઈ મહારાજ, સ્વામીજી શ્રી શૈલેષ આનંદજી મહારાજ વેદપાઠી મંદિર ચાણોદ, ચાંદોદના સરપંચ શ્રી દીપ્તિબેન સોની, સંસ્કૃત મહાવિદ્યાલયના આચાર્ય શ્રી સંજયભાઈ જોશી તથા અન્ય સભ્યો, વડોદરા જિલ્લા કેળવણી મંડળ પ્રમુખશ્રી શશીકાંતભાઈ પટેલ, વડોદરા જિલ્લા શિક્ષણ અધિકારી શ્રી મહેશભાઈ પાંડે, સહિત ચાંદોદ ગ્રામ પંચાયતના સભ્યો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા.

# બોટાદમાં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીનાં ભાગરૂપે સુંદર ભીંતચિત્રો દોરવામાં આવ્યાં



। (માહિતી) બોટાદ, તા.૬ ।

વિશ્વ પર્યાવરણ દિવસનાં અનુસંધાને બોટાદ જિલ્લામાં પ્રકૃતિ અને પર્યાવરણ માટે વિશેષ જનજાગૃત્તિ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે.

જે અંતર્ગત જિલ્લા વહીવટીતંત્રે એક અનોખી સ્ટ્રીટ આર્ટ પહેલ શરૂ છે. કરી જે માત્ર દિવાલોને સુંદર ચિત્રો થકી લોકોને પ્રકૃતિ પ્રત્યે આકર્ષિત પણ કરે છે. વૃક્ષની નીચે બનાવવામાં આવેલાં આ સુંદર ભીંતચિત્ર એક ઊંડી વાર્તા કહે છે. ભીંતચિત્રો અલગ અલગ કહાની કહે છે જેને જોઈને સમજી શકાય છે. આ કૃતિશીલ અભિવ્યક્તિ સાથે હવે દિવાલો હવે માત્ર ઈંટની નહીં, પણ સંદેશાઓની પણ બની છે.

# બોટાદ જિલ્લાનાં ચારેય તાલુકાઓમાં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરાઈ

## વૃક્ષારોપણ કાર્યક્રમ થીમ અને એક પેડ માં કે નામ ૨.૦ અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ તેમજ રોપાનું વિતરણ કરાયું



। (માહિતી) બોટાદ, તા.૬ ।

વિશ્વ પર્યાવરણ દિવસનાં અનુસંધાને બોટાદ જિલ્લામાં પ્રકૃતિ અને પર્યાવરણ માટે વિશેષ જન જાગૃત્તિ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. જે અંતર્ગત આજ રોજ જિલ્લા વિકાસ અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ વિશ્વ પર્યાવરણ દિન પખવાડિયાની ઉજવણીનાં ભાગ રૂપે મોટા પાયે વૃક્ષારોપણ કાર્યક્રમ થીમ અને એક પેડ માં કે નામ ૨.૦ અભિયાન અંતર્ગત સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) બરવાળા તાલુકા પંચાયત દ્વારા વૃક્ષારોપણ કરી રોપાનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં બરવાળા તાલુકાનાં તાલુકા વિકાસ અધિકારી, સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ સ્ટાફ, સખી મંડળનાં બહેનો, મહિલા પોલીસ અધિકારીઓ તથા સ્વચ્છાગ્રહીઓ હાજર રહ્યાં હતાં. ગઢડા તાલુકાનાં ચોસલા ગામે 'વિશ્વ પર્યાવરણ દિવસ' અંતર્ગત ગ્રામ પંચાયત દ્વારા ખાસ ગ્રામ સભા યોજવામાં આવી જેમાં સિંગલ યુઝ પ્લાસ્ટિકનો નહિવત ઉપયોગ કરવા અંગે સંવાદ યોજાયો તથા ગ્રામ પંચાયત દ્વારા મારું સ્વચ્છ ગામ મારી જવાબદારી અંગે સ્વચ્છતા શપથ લેવામાં આવ્યાં હતાં અને કાપડની થેલીનું વિતરણ તેમજ સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ સ્ટાફ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. રાણપુર તાલુકાનાં ઉમરાળા ગામે પણ વિશ્વ પર્યાવરણ દિવસ ઉજવણી અંતર્ગત ગ્રામ પંચાયત દ્વારા વૃક્ષારોપણ, સ્વચ્છતા શપથ અને ખાસ ગ્રામ સભા યોજાઈ જેમાં પ્લાસ્ટિક મુકત ગામ તરફનાં પ્રયાસો હાથ ધરવામાં આવે તે માટે ચર્ચા/ સંવાદ યોજાયો હતો.

# પશ્ચિમ રેલવે ના મહાપ્રબંધક શ્રી અશોક કુમાર મિશ્રની ઉપસ્થિતિમાં વડોદરા ડિવિઝનમાં "મિશન લાઇફ" હેઠળ "વિશ્વ પર્યાવરણ દિવસ" નું સફળ આયોજન



। અમદાવાદ, તા.૬ ।

વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે, પશ્ચિમ રેલ્વેના વડોદરા વિભાગમાં "મિશન લાઈફ" અભિયાન હેઠળ વિવિધ જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્ષની થીમ "પ્રકૃતિ બચાવો, પ્રકૃતિ અપનાવો" (પ્લાસ્ટિક પ્રદૂષણને હરાવો). જે મુજબ મંડળે પ્લાસ્ટિક પ્રદૂષણ સામે લડવા અને પર્યાવરણીય સંરક્ષણને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્ય સાથે ઘણી સર્જનાત્મક અને સકારાત્મક પ્રવૃત્તિઓ હાથ ધરી હતી.પર્યાવરણ પ્રત્યે જનજાગૃતિ વધારવાના ઉદ્દેશ્યથી પ્રતાપનગર રેલ્વે કોલોનીથી કાયાવરોહણ સુધીની સાયકલિંગ રેલીમાં પશ્ચિમ રેલ્વેના મહાપ્રબંધક શ્રી અશોક કુમાર મિશ્ર, મંડળ રેલ પ્રબંધક શ્રી રાજુ ભડકે અને વરિષ્ઠ વિભાગીય અધિકારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ત્યારબાદ, આ પ્રસંગે પર્યાવરણના રક્ષણ માટે શપથ લેવામાં આવ્યા હતા અને વૃક્ષારોપણ કરીને પર્યાવરણ પ્રત્યેની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી હતી.

આ ઉપરાંત, વિભાગના વિવિધ સ્ટેશનો, રેલ્વે કોલોનીઓ, વર્કશોપ, ડેપો અને આરોગ્ય એકમો પર વૃક્ષારોપણ, પર્યાવરણ સંરક્ષણ શપથ અને જાગૃતિ રેલીઓનું આયોજન કરવામાં આવ્યું હતું. વડોદરા ડિવિઝનના સ્ટેશનો પર મુસાફરોને પ્લાસ્ટિક બોટલ ક્રશિંગ મશીનોનો ઉપયોગ કરીને સિંગલ-યુઝ પ્લાસ્ટિક બોટલનો નિકાલ કરવા અને સ્ટેશનો પર કચરો ઘટાડવા માટે શિક્ષિત અને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમો દ્વારા, વડોદરા વિભાગે પર્યાવરણ સંરક્ષણ પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતા દર્શાવી, સાથે-સાથે સમાજને પ્રકૃતિ પ્રત્યે સંવેદનશીલ બનાવવા માટે અસરકારક પહેલ પણ કરી.ભારતીય રેલ્વેના ભવ્ય વારસાને જાળવવાનું જીવંત ઉદાહરણ પ્રતાપ નગર ખાતે આવેલું રોલિંગ સ્ટોક પાર્ક છે, જ્યાં નેરોગેજ યુગનો કિંમતી વારસો સાચવવામાં આવ્યો છે.પશ્ચિમ રેલ્વેના મહાપ્રબંધક શ્રી અશોક કુમાર મિશ્રએ હેરિટેજ સ્થળની મુલાકાત લીધી અને સંરક્ષણ પ્રયાસોની પ્રશંસા કરી અને તેને ભારતીય રેલ્વેના સુવર્ણ ભૂતકાળને જાળવવાનો પ્રેરણાદાયક પ્રયાસ ગણાવ્યો.નેરોગેજ નિરીક્ષણ બોગીઆ ઐતિહાસિક નિરીક્ષણ બોગીનું નવીનીકરણ કરવામાં આવ્યું છે અને તેનું ઉદ્ઘાટન પશ્ચિમ રેલ્વેના મહાપ્રબંધક શ્રી અશોક કુમાર મિશ્ર દ્વારા કરવામાં આવ્યું છે. આ ગાડી મુલાકાતીઓ માટે પ્રદર્શનમાં છે અને તેમને રેલ્વે નિરીક્ષણ પ્રણાલીના સુવર્ણ યુગની યાદ અપાવે છે જ્યારે તે નેરોગેજ ટ્રેક પર નિયમિતપણે કાર્યરત હતી.

# તમાકુ નિયંત્રણ ટાસ્ક ફોર્સ-સ્કોર્ડ દ્વારા બોટાદ તાલુકાના કાનીયાડ ગામની શાળાની આજુબાજુનાં વિસ્તારમાં આકસ્મિક ચેકિંગની કામગીરી કરાઈ



। (માહિતી) બોટાદ, તા.૬ ।

રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત ક્લેકટરશ્રી ડો. જીન્સી રોય અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી અક્ષય બુડાનીયાના અધ્યક્ષતા અને માર્ગદર્શન તળે આરોગ્ય વિભાગનાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો.બી.એ.ધોળકિયા અને એપેડેમીક મેડીકલ ઓફિસર શ્રી ડો.આર.આર. ચૌહાણ દ્વારા બોટાદ જિલ્લામાં તમાકુ કે તમાકુની બનાવટનું બિન અધિકૃત રીતે વેચાણ અને આનુસંગિક નિયમન માટે ટાસ્ક ફોર્સ સેલ કામગીરી કરી રહ્યું છે. તાલુકા આરોગ્ય અધિકારીશ્રી ડૉ. જયદીપ કણઝરીયા દ્વારા બોટાદ બોટાદમાં આ અંગે સઘન અમલીકરણ કરવામાં આવે છે. જેમાં તમાકુ વિરોધી કાયદો "સિગારેટ એન્ડ અધર ટોબેકો પ્રોડક્ટ એક્ટ" (કોટપા-૨૦૦૩)નું સઘન અમલીકરણ થાય તે હેતુથી ટાસ્ક ફોર્સ દ્વારા સરપ્રાઈઝ ચેકિંગ / રેડ ની કામગીરી કાનિયાડ ગામે હાથ ધરવામાં આવી હતી. જેમાં તમાકુ કે તમાકુની બનાવટ વેચતાં નાના-મોટા વેપારીઓ, પાન-ગલ્લા પાર્લર વગેરે ૧૧ સ્થળો પર આકસ્મિક ચેકિંગ હાથ ધરી ૮ દુકાન ધારકો પાસેથી રૂ ૮૦૦ રૂપિયાનો દંડ વસુલ કરવામાં આવ્યો હતો. પ્રા.આ. કેન્દ્રનાં આયુષ મેડિકલ ઓફિસર શ્રી, સુપરવાઈઝર શ્રી અને પોલીસ વિભાગનાં શ્રી એસ. વાય. ગોહીલ અને આરોગ્ય કર્મચારી દ્વારા આ કામગીરી કરવામાં આવી હતી

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજે તમારા સ્વાસ્થ્યમાં સુધારાને લગતી પ્રવૃત્તિઓ ફરી શરૂ કરવા માટે શ્રેષ્ઠ દિવસ. ઘર ના જરૂરી સમાન પર ધન ખર્ચ કરી તમને આર્થિક પરેશાની તો આજે જરૂર થશે પરંતુ આના થી તમે ભવિષ્ય ની ઘણી પરેશાનીઓ થી બચી જશો. બાળકો તમારી માટે દિવસ મુશ્કેલ બનાવી શકે છે. તેમનો રસ જળવાઈ રહે તે માટે પ્રેમનો ઉપયોગ શસ્ત્ર તરીકે કરો અને બિનજરૂરી તાણ ટાળો.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે લોકોને મદદ કરવાનો તમારો સ્વભાવ છૂપા આશીર્વાદ સમાન સાબિત થશે કેમ કે શંકા, નાહિંમત થવું, શ્રદ્ધાનો અભાવ,લાલચ, જોડાણ,અહંકાર તથા ઈર્ષા જેવા દુર્ગુણોથી તમને મુક્ત કરશે. આજે તમારી સામે રજૂ કરવામાં આવતી રોકાણ યોજનાઓ તરફ તમારે બેવાર જોઈ લેવું. તમારા નવા પ્રૉજેક્ટ્સ તથા યોજનાઓ વિશે તમારા ભાગીદારને વિશ્વાસમાં લેવા માટે પણ આ સમયગાળો સારો છે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજે વાહન ચલાવતી વખતે ખાસ ધ્યાન રાખવું, અન્ય કોઈકની બેદરકારી તમારી માટે સમસ્યા ઊભી કરે શકે છે. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. મિત્રો તથા પરિવાર સાથે આનંદદાયક સમય. લાંબા સમયથી કોઈક સાથે ચાલતો તમારો વિવાદ આજે ઉકેલવાનો પ્રયાસ કરો કેમ કે આવતી કાલે કદાચ બહુ મોડું થઈ જશે.

**કર્ક (ડ,હ) :**

આજે તમારી જાતે જ કોઈ દવા લેવાનું ટાળજો કેમ કે એવું કરવાથી ડ્રગ ડિપેન્ડન્સીની શક્યતા વધી શકે છે. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે. પરિવારના સભ્યોની જરૂરિયાતોને પ્રાથમિકતા આપજો. તેમના સુખ-દુઃખમાં સહભાગી થાવ જેથી તેમને અનુભૂતિ થાય કે તમને તેમની પરવા છે. તમારા દિલ અને મગજ પર રૉમાન્સનું રાજ હશે.

**સિંહ (મ,ટ) :**

આજે સારી તબિયત તમને રમતગમતની સ્પર્ધામાં ભાગ લેવામાં મદદરૂપ થશે. લોકોની જરૂરિયાત શી છે તથા તમારી પાસેથી તેમને ચોક્કસ શું જોઈએ છે તે તમે જાણતા હો એવું લાગે છે-પણ તમારા ખર્ચમાં વધુ પડતા ઉડાઉ ન બનતા. લાગણીશીલ જોખમ તમારી તરફેણમાં જશે. તમારો પ્રેમ સંબંધ જાદુઈ થઈ રહ્યો છે, બસ તેની અનુભૂતિને માણો.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજે સામાજિકપણે હળવા-મળવાનો ભય તમને હતાશ કરી નાખશે. તેને દૂર કરવા તમારા આત્મવિશ્વાસને પ્રોત્સાહિત કરો. કમિશન, ડિવિડન્ડ અથવા રૉયલ્ટીઝમાંથી તમે લાભ મેળવશો. એકબીજાના દષ્ટિકોણ સમજીને તમારી વ્યક્તિગત સમસ્યાઓને ઉકેલો.તેમને જાહેરમાં ન લાવો અન્યથા તમારી પ્રતિષ્ઠાને હાનિ થવાની શક્યતાઓ વધુ છે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે તમારા સ્વાસ્થ્યમાં સુધારો લાવે એવી બાબતો પર કામ કરવા માટે લાભદાયક દિવસ. આજે મિત્રો સાથે પાર્ટી માં તમે કહું પૈસા લૂંટાવી શકો છો છતાંય તમારો આર્થિક પક્ષ મજબૂત રહેશે? તમારી સમસ્યાઓ ગંભીર હશે-પણ તમે જે પીડામાંથી પસાર થઈ રહ્યા છો તેની નોંધ તમારી આસપાસના લોકો નહીં લે-કદાચ તેમને લાગે છે કે આમાં તેમણે માથું ન મારવું જોઈએ.

**વૃશ્ચિક (ન,ય) :**

આજે તમારૂં સૌથી પ્રિય સપનું સાકાર થશે તેવી સંભાવનાઓ છે પણ તમારો આવેશ કાબૂમાં રાખજો કેમ કે વધુ પડતી ખુશી કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. લાંબા-ગાળાના લાભ માટે શેર્સ તથા મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરો. પરિવારના સભ્યોની જરૂરિયાતોને પ્રાથમિકતા આપજો. તેમના સુખ-દુઃખમાં સહભાગી થાવ જેથી તેમને અનુભૂતિ થાય કે તમને તેમની પરવા છે.

**ધન (ભ,ધ,ફ) :**

આજે તમને મિત્રો સહકાર આપશે તથા તમને ખુશ રાખશે. જે લોકો પરિણીત છે તે લોકો ને આજે પોતાના બાળકો પર ઘણું બધું ધન ખર્ચવું પડી શકે છે. તમને તરત જરૂર ન હોય તેવી ચીજો પર જો તમે નાણાં ખર્ચશો તો તમે તમારા જીવનસાથીને નારાજ કરશો. કોઈક રસપ્રદ વ્યક્તિને મળવાની શક્યતા છે. વરિષ્ઠપદે કામ કરતા લોકો તરફથી કેટલાક વિરોધ ઊભા થશે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે વધુ પડતો ઉત્સાહ તથા ધમાકેદાર જુસ્સો તમારા ચેતાતંત્રને અસર કરી શકે છે, આ બાબત ટાળવા માટે તમારી લાગણીઓ પર અંકુશ મુકો. તમારા વધારાનાં નાણાં એવા સુરક્ષિત સ્થળે મૂકો જે તમને આવનારા સમયમાં વળતરનું વચન આપે. તમારા શોખ પોષવા તથા તમારા પરિવારના સભ્યોને મદદ કરવા માટે પણ તમે તમારો થોડો સમય ખર્ચી શકો છો.

**કુંભ (ગ,શ,સ) :**

આજે તમારે સ્વાસ્થ્યને દરકારની ખાસ જરૂર પડશે. તમારા ખર્ચમાં અણધાર્યો વધારો તમારી માનસિક શાંતિમા ખલેલ પહોંચાડશે. જરૂર પડશે તો તમારા મિત્ર તમારી મદદે આવશે. ઉત્સાહજનક દિવસ કેમ કે આજે તમને તમારા પ્રિયપાત્રનો કૉલ આવશે. આજે તમારું મન ઓફીસ ના કામ માં નહિ લાગે? આજ તમારા મન માં કોઈ દુવિધા હશે જે તમને એકાગ્ર નહિ થવા દે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

હસતા રહો કેમ કે એ તમારી તમામ સમસ્યાનું મારણ છે. લોકોની જરૂરિયાત શી છે તથા તમારી પાસેથી તેમને ચોક્કસ શું જોઈએ છે તે તમે જાણતા હો એવું લાગે છે-પણ તમારા ખર્ચમાં વધુ પડતા ઉડાઉ ન બનતા. ઘરને લગતા કેટલાક મુદ્દાઓ પર તરત ધ્યયાન આપવાની જરૂર છે. જો તમે આજે આજે પ્રેમ કરવાની તક નહીં ગુમાવો તો, આ દિવસ તમે તમારા આખા આયુષ્યમાં નહીં ભૂલી શકો.







વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જમ્મુ અને કાશ્મીરમાં માતા વૈષ્ણોદેવી કટરા રેલ્વે સ્ટેશનથી શ્રીનગર સુધીની બે વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનોને લીલી ઝંડી બતાવી અને વંદે ભારત ટ્રેનમાં શાળાના બાળકો સાથે વાતચીત કરી.

## ભારત સાથે વાતચીત કરવા માટે પાકિસ્તાને ટ્રમ્પની મદદ માંગી

**પાકિસ્તાનના પીએમ શરિફે તાજેતરમાં બંને દેશો વચ્ચે ઘર્ષણ બાદ સિઝફાયર કરાવવામાં ટ્રમ્પની ભૂમિકાને મહત્વપૂર્ણ ગણાવી હતી**



। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૬ ।

પાકિસ્તાનના વડાપ્રધાન શેહબાઝ શરિફ અને પાકિસ્તાન પીપલ્સ પાર્ટીના પ્રમુખ બિલાવલ ભુટ્ટો ઝરદારીએ ભારત સાથે વાતચીત માટે હવે ટ્રમ્પની મદદ માંગી છે. ભારત સાથે ઘર્ષણ બાદ પાકિસ્તાન હવે વાતચીત કરવા વૈશ્વિક સ્તરે હવાતિયા મારી રહ્યું છે. પાકિસ્તાનના પીએમ શરિફે તાજેતરમાં બંને દેશો વચ્ચે ઘર્ષણ બાદ સિઝફાયર કરાવવામાં ટ્રમ્પની ભૂમિકાને મહત્વપૂર્ણ ગણાવી હતી. હવે શરિફ અને બિલાવલ બંને ટ્રમ્પની ખુશામત કરવામાં કોઈ કસર નથી છોડી રહ્યા અને પાકિસ્તાને યુએસ સાથે દ્વિપક્ષીય સંબંધ સુધારવાના બહાને ભારત સાથે બેઠક યોજવા ટ્રમ્પને વિનંતી કરી છે. ભારતે અગાઉ પાકિસ્તાન સાથે સિઝફાયરમાં અમેરિકાની કોઈ ભૂમિકા ના હોવાની સ્પષ્ટતા કરી હતી. બંને દેશના ડીજીએમઓ વચ્ચે ૧૦મી મેએ થયેલી વાતચીત બાદ જ શાંતિ સ્થાપિત થઈ હોવાનું ભારતે જણાવ્યુ હતું. તેમ છતા પાકિસ્તાન મિત્ર અમેરિકાને વચ્ચે ઢસેડી રહ્યું છે અને હવે યુએસ પ્રમુખને ભારત સાથે બેઠક યોજવા માટે જણાવી રહ્યું છે. પાકિસ્તાનના પીએમ શેહબાઝ શરિફને ટાંકીને ડોન અખબારે જણાવ્યું કે, ટ્રમ્પ શાંતિ માટેના માણસ છે...ફાયદાનો સોદો કરાવે છે તેમાં કોઈ બેમત નથી. પાક.-યુએસના દ્વિ-પક્ષીય સંબંધો નવી મિત્રતામાં પ્રવેશી રહ્યા છે. ખાસ સંપર્કો પુનઃ જીવંત થઈ રહ્યા છે. પીપીપીના પ્રમુખ બિલાવલના વડપણ હેઠળનું એક પ્રતિનિધિમંડળ અમેરિકામાં છે અને તેમણે યુએસ સ્થિત પાક. પત્રકાર સાથે વાતચીત કરી હતી. તેણે અમેરિકાના રાષ્ટ્રપતિને ભારત-પાક. શાંતિ સ્થાપવામાં મહત્વના ગણાવ્યા હતા અને તે શું કહે છે તેના પર ધ્યાન આપવા ભાર મૂક્યો હતો.

# ભારત પુરાવા વગર 'ઓપરેશન સિંદૂર' કરે જ નહીં: શશિ થરૂર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

ભારતના બહુપક્ષીય પ્રતિનિધિ મંડળ સાથે કોંગ્રેસના સાંસદ શશિ થરૂર અમેરિકા પહોંચ્યા છે. દુનિયા સમક્ષ પાકિસ્તાનની નાલાયકીની પોલ ખોલવા નીકળેલા શશિ થરૂરનો સામનો તેમના પત્રકાર દીકરા સાથે થયો હતો. પત્રકાર દીકરાએ થરૂરને સણસણતો સવાલ પૂછી નાખ્યો હતો કે, પાકિસ્તાન પર આક્ષેપ કરતાં પહેલા ભારતીય પ્રતિનિધિઓએ પહેલગામ હુમલામાં પાકિસ્તાનની સંડોવણીના પુરાવા માગ્યા હતા ખરા? જવાબમાં થરૂરે કહ્યું હતું કે, સજ્જડ પુરાવા વગર ભારત 'ઓપરેશન સિંદૂર' કરે જ નહીં. થરૂરનો દીકરો ઈશાન વોશિંગ્ટન પોસ્ટમાં ગ્લોબલ અફેર્સ કોલમિસ્ટ છે. થરૂરે તેને કહ્યું હતું કે, પૂરતા પુરાવા ન હોય તો આ પ્રકારના ઓપરેશનને મંજૂરી આપી શકાય નહીં. કાઉન્સિલ ઓન ફોરેન રિલેશન્સ ખાતે વાતચીત દરમિયાન સવાલ સાંભળતા થરૂર હસી પડ્યા હતા અને કહ્યું હતું કે, આ મારો દીકરો છે અને તે ચોક્કસપણે પર્સનલ કેપેસિટીમાં સવાલ પૂછી રહ્યો છે. થરૂરે પોતાના હાસ્ય સાથે સવાલને હળવો બનાવવા પ્રયાસ કર્યો હતો, પરંતુ



તેમનો દીકરો પણ ગાંજ્યો જાય તેવો ન હતો. ઈશાને તેમને વળતો સવાલ કર્યો હતો કે, આમ છતાં તે ઉત્સુક છે. કારણકે થરૂર ઘણાં બધાં પશ્ચિમી દેશોનો પ્રવાસ કરી રહ્યા છે. સરકારના કોઈપણ પ્રતિનિધિએ પહેલગામ હુમલામાં પાકિસ્તાનની સંડોવણી માટે પુરાવા જોયા છે ખરા? પાકિસ્તાને વારંવાર પોતાનો હાથ નહીં હોવાનું રટણ કર્યું છે. તો પાકિસ્તાનના રદિયા બાબતે તમે શું કહેશો? દીકરાના સવાલોનો મારો જોઈને પરિપક્વ રાજકારણી થરૂરે પણ સૂર બદલ્યા હતા. તેમણે પોતાની સમયસૂચકતા દર્શાવતા કહ્યું હતું કે, ઈશાને આ સવાલ ઊભો કર્યો હોવાથી ઘણો ખુશ છું. આવું કંઈ વિચાર્યુ ન હતું. આ છોકરો પોતાના પિતા સાથે પણ આવું કરે છે. થરૂરના આ જવાબથી બેઠકમાં હાસ્યનું મોજું ફરી વળ્યુ હતું. જો કે થરૂરે તરત પોતાની વાતને જવાબની દિશામાં વાળતા કહ્યું હતું કે, આ ખૂબ સીધી વાત છે. આ બાબતે કોઈને શંકા નથી અને અમારી પાસે કોઈએ પુરાવા માગ્યા નથી. માત્ર મીડિયા જ પુરાવા માગે છે અમે અમારા સમાજ માટે વાત કરી રહ્યા છે. થરૂરે જવાબ આપતા કહ્યું હતું કે, નક્કર પુરાવા ન હોવા છતાં સૈન્ય ઓપરેશન હાથ ધરવાનું વિચારે તેવો દેશ ભારત નથી. અમારી સરકારે છેલ્લા એક વર્ષમાં પાકિસ્તાન ખાતે આવેલી ૨૪ આતંકી છાવણીઓ તબાહ કરી છે. અમે આતંકવાદીઓને પકડ્યા છે અથવા મારી નાખ્યા છે. ભારતે ગુપ્તચર માહિતી, નક્કર આયોજન સાથે ભારતે લોકોના ધર્મ પૂછીને હત્યા કરનારા આતંકવાદીઓને બે આંખ વચ્ચે ગોળી મારી છે. ભારત છેલ્લા ૩૭ વર્ષથી પાકિસ્તાન પ્રેરિત આતંકી હુમલા વેઠી રહ્યું છે અને પાકિસ્તાન દર વખતે તેને રદિયો આપે છે. ઓસામા બિન લાદેન અંગે કોઈ માહિતી નહીં હોવાનું રટણ પાકિસ્તાન કરતું હતું, પરંતુ તે પાકિસ્તાન ખાતે એક સેફ હાઉસમાં સંતાયેલો હતો. આ બાબત અમેરિકનોને યાદ જ હશે.

## આવા કેસોના નિર્ણયમાં વિલંબથી બંને પક્ષકારોને નુકસાન જ થાય છે

## મકાન માલિક-ભાડૂઆતના વિવાદોના ઝડપી નિરાકરણની સુપ્રીમ કોર્ટની તાકીદ



। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

મકાન માલિક-ભાડૂઆત વચ્ચેના વિવાદોના ઝડપી નિરાકરણનો આગ્રહ કરતાં સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે આવા કેસોના નિર્ણયમાં વિલંબ ચિંતાજનક છે, કારણ કે તેનાથી બંને પક્ષકારોને નુકસાન થયું હોય છે. મકાન માલિકે તેની પ્રોપર્ટી અને નાણાકીય લાભો એમ બંનેથી વંચિત રહેવું પડે છે. મુંબઈમાં હરચંદ્રાય હાઉસ અને હિન્દુસ્તાન ઓર્ગેનિક કેમિકલ્સ વચ્ચેના વિવાદની સુનાવણી કરતાં સર્વોચ્ચ અદાલતે આ અવલોકન કર્યા હતાં. ન્યાયાધીશ સંજય કરોલ અને મનોજ મિશ્રાની બનેલી બોમ્બે હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશને ત્યાં આવા પેન્ડિંગ કેસોની તપાસ કરવા અનુરોધ કર્યો હતો. સુપ્રીમ કોર્ટ ચોરસફુટ દીઠ રેટ સંબંધિત હાઈકોર્ટના આદેશ સામેની અપીલની સુનાવણી કરી હતી. આ વિવાદમાં મુંબઈમાં હરચંદ્રાય હાઉસના ભાડૂઆત તરીકે હિન્દુસ્તાન ઓર્ગેનિક કેમિકલ્સના કબજાના સંદર્ભમાં પ્રતિ ચોરસ ફૂટ રેટને આધારે મેસ્ને પ્રોફિટની ગણતરી કરાઈ હતી. મેસ્ને નફો એ એવી રકમ છે જે મિલકતના માલિકને તેની પ્રોપર્ટીના ગેરકાયદે કબજા માટે ચુકવવી પડે છે. ખંડપીઠે જણાવ્યું હતું કે કેટલાક કેસોમાં અરજદારોને ન્યાયિક મંચ દ્વારા તેમના વિવાદોના ઉકેલ માટે વર્ષો સુધી રાહ જોવી પડે છે.મકાનમાલિક-ભાડૂઆતના વિવાદોની વાત આવે છે, ત્યારે માલિકે તેની પ્રોપર્ટી અને નાણાકીય લાભોથી પણ વંચિત રહેવું પડે છે. કાયદો અને ન્યાયની અદાલતો તરીકે કોર્ટોએ આ ખાતરી કરવા માટે બંધાયેલી છે કે કોઈપણ પક્ષને નુકસાન ન જાય.સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે આવા વિવાદોમાં વિલંબિત નિર્ણયથી બંને પક્ષોએ ભોગવવું પડે છે. ઘણા કિસ્સાઓમાં મકાનમાલિકને મિલકત ન મળવાને કારણે અને અન્ય કિસ્સાઓમાં તેમાંથી નાણાકીય બાકી રકમ ન મળવાને કારણે નુકસાન થાય છે. ઘણા કિસ્સામાં ભાડૂઆતને ટૂંકા ગાળામાં મોટી રકમ ચૂકવવાનો આદેશ આપ વામાં આવે છે ત્યારે તેને પણ નુકસાન થાય છે. ભાડૂતો દ્વારા આટલી મોટી રકમની ચૂકવી માટે જરૂરી વ્યવસ્થા કરવાનું મુશ્કેલ હોય છે.

**RBIએ લગાવી Repo Rate ઘટાડાની હેટ્રિક**

# આરબીઆઇએ રેપો રેટમાં ૫૦ બેસિસ પોઈન્ટનો ઘટાડો કર્યો

**બેન્ક લોન લેતા ગ્રાહકો માટે સારા સમાચાર છે, કારણ કે હવે તેમના ઈએમઆઈમાં વધુ ઘટાડો થઈ શકે છે**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (RBI) ની MPC મીટિંગના પરિણામો આવી ગયા છે અને સેન્ટ્રલ બેન્કે ફરી એકવાર મોટી રાહત આપી છે. આરબીઆઈએ સતત ત્રીજી વખત રેપો રેટમાં ઘટાડો કર્યો છે અને તેમાં ૫૦ બેસિસ પોઈન્ટનો ઘટાડો કર્યો છે. આ તાજેતરના ઘટાડા પછી રેપો રેટ હવે ૬ ટકાથી ઘટીને ૫.૫૦ ટકા થઈ ગયો છે. નોંધનીય છે કે ગત બે MPC મીટિંગમાં પણ વ્યાજ દરમાં ૨૫-૨૫ બેસિસ પોઈન્ટનો ઘટાડો કરવામાં આવ્યો હતો. બેન્ક લોન લેતા ગ્રાહકો માટે સારા સમાચાર છે, કારણ કે હવે તેમના EMI માં વધુ ઘટાડો થશે. રેપો રેટ બેન્ક લોન લેતા ગ્રાહકો સાથે સીધો જોડાયેલો હોય છે. તેના ઘટાડા સાથે લોન EMI ઘટે છે અને તેના વધારા સાથે, તે વધે છે. વાસ્તવમાં રેપો રેટ એ દર છે જેના પર દેશની કેન્દ્રીય બેન્ક ભંડોળની કોઈપણ અછતના કિસ્સામાં વાણિજ્યિક બેન્કોને નાણાં ઉછીના આપે છે. રેપો રેટનો ઉપયોગ નાણાકીય સત્તાવાળાઓ દ્વારા ફુગાવાને નિયંત્રિત કરવા માટે કરવામાં આવે છે. RBI MPC ની બેઠક ૪ જૂને શરૂ થઈ હતી અને આજે ૬ જૂને તેના પરિણામો જાહેર કરવામાં આવ્યા હતા. નવીનતમ રેપો રેટ ઘટાડા પહેલા પણ આ વર્ષની છેલ્લી બે બેઠકોમાં રાહત આપવામાં આવી હતી. અગાઉ ફેબ્રુઆરીમાં યોજાયેલી બેઠકમાં રેપો રેટ ૦.૨૫ ટકા ઘટાડીને ૬.૫૦ ટકાથી ઘટીને ૬.૨૫ ટકા થઈ ગયો હતો. તો આ પછી એપ્રિલમાં યોજાયેલી નાણાકીય વર્ષ ૨૬ની પ્રથમ MPC બેઠકમાં તેને ફરી એકવાર ૨૫ બેસિસ પોઈન્ટ ઘટાડીને ૬ ટકા કરવામાં આવ્યો અને હવે રિઝર્વ બેંકે રેપો રેટમાં ઘટાડાની હેટ્રિક લાગુ કરીને લોન લેનારા ગ્રાહકોને મોટી ભેટ આપી છે.

# અભિનેતા જીતેન્દ્રની હાઇવેલ્યુ ડીલ રૂ.૮૫૫ કરોડમાં જમીન વેચી

। (એજન્સી) મુંબઈ, તા.૬ ।

પીઢ અભિનેતા જીતેન્દ્ર અને તેમના પરિવારે મુંબઈના અંધેરીમાં બાલાજી આઈટી પાર્કની પ્રાઈમ જમીનનો એક હિસ્સો ૮૫૫ કરોડના સોદામાં NTT ગ્લોબલ ડેટા સેન્ટર્સ એન્ડ ક્લાઉડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વેચ્યો છે. આ હાઈ પ્રોફાઈલ સોદો મે ૨૦૨૫માં કરાયો હતો. પરિવારની માલિકીની બે કંપનીઓ પેન્થિઓન બિલ્ડકોન અને તુષાર ઈન્ફ્રા ડેવલપર્સ મારફત 9,664.68 ચોરસ મીટર જમીનની આ ડીલ થઈ હતી. આ જમીન બાલાજી આઈટી પાર્કમાં છે અને તેમાં ત્રણ ઈમારતો પણ છે. વેચાણ દસ્તાવેજ મુજબ જમીનની બજાર કિંમત ૭૨૯.૨૬ કરોડ છે. આ જમીન સોદામાં



આશરે ૮.૬૯ કરોડની સ્ટેમ્પ ડ્યૂટી અને ૩૦,૦૦૦ની રજિસ્ટ્રેશન ફી ચુકવવામાં આવી હતી. અંધેરી મુંબઈનો એક સમૃદ્ધ વિસ્તાર ગણાય છે. તે શ્રેષ્ઠ કનેક્ટિવિટી તથા આધુનિક ઓફિસ સ્પેસ, કો-વર્કિંગ હબ, લક્ઝરી રિટેલ આઉટલેટ્સ અને હાઈ એન્ડ રેસિડેન્શિયલ બિલ્ડિંગ માટે જાણીતું છે. આ વિસ્તાર વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે, લિંક રોડ, એસવી રોડ અને વર્સોવા-અંધેરી-ઘાટકોપર મેટ્રો લાઈન સાથે સારી કનેક્ટિવિટી ધરાવે છે અને તેનાથી તે પ્રાઈમ લોકેશન તરીકે ઓળખાય છે. મુંબઈનો વ્યૂહાત્મક વિસ્તાર ગણાતો અંધેરી બિઝનેસ ડિસ્ટ્રિક્ટ્સ અને એન્ટરટેઈનમેન્ટ સેન્ટર તરીકે પણ જાણીતો છે. તેનાથી તે બિઝનેસ અને રહેણાંક બંને હેતુઓ માટે એક લોકપ્રિય સ્થળ છે. NTT ગ્લોબલ ડેટા સેન્ટર્સ એન્ડ ક્લાઉડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્ડિયા કંપની અગાઉ નેટમેજિક આઈટી સર્વિસિસ તરીકે ઓળખાતી હતી. આ વૈશ્વિક ટેકનોલોજી કંપની ભારતમાં ડેટા સેન્ટરના વિસ્તરણને વેગ આપી રહી છે ત્યારે આ સોદો થયો હતો.

## અમરનાથ યાત્રામાં આ વખતે હાઈટેક સુરક્ષા રહેશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

આ વર્ષની અમરનાથ યાત્રા પહેલા કરતાં થોડી નાની જરૂર હશે, પણ સુરક્ષાની દૃષ્ટિએ ખૂબ જ કડક અને હાઈટેક થવાની છે. જમ્મુ કાશ્મીર પ્રશાસન અને કેન્દ્ર સરકારે મળીને મોટો અને સુરક્ષિત સુરક્ષા પ્લાન તૈયાર કર્યો છે, જેનાથી યાત્રીઓને એકદમ સુરક્ષિત અને વ્યવસ્થિત યાત્રાનો અનુભવ મળી શકે. અમરનાથ યાત્રા આ વખતે ૩ જુલાઈથી શરૂ થઈને ૯ ઓગસ્ટ સુધી ચાલશે, એટલે કે કુલ ૩૮ દિવસની હશે. ગત વર્ષે આ યાત્રા ૫૨ દિવસ સુધી ચાલી હતી. યાત્રાનો સમય ઘટાડવા છતાં સુરક્ષામાં કોઈ કમી નહીં હોય. આ વખતે સીઆરપીએફ, જમ્મુ કાશ્મીર પોલીસ અને સેના મળીને આખી યાત્રા માટે એક સંયુક્ત સુરક્ષા યોજના બનાવી છે. આખા રૂટનું સુરક્ષા ઓડિટ કરવામાં આવશે, સાથે જ ડિજિટલ મેપિંગ પણ થશે, જેથી દરેક વિસ્તાર પર બાજ નજર રાખી શકાય. તમામ યાત્રીઓ અને પોની રાઈડર્સ માટે ડિજિટલ ઓળખપત્ર બનાવવા ફરજિયાત કર્યું છે.

**ટેકનોલોજીના સંકલન માટેની ઉતાવળમાં માનવતા ન ભૂલવા અનુરોધ**

# ટેકનોલોજી હાવી થશે તો ન્યાયતંત્ર પરથી પ્રજાનો વિશ્વાસ ડગી જશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

ન્યાયતંત્રમાં ટેકનોલોજીને પ્રાધાન્ય આપવા સામે ચેતવણી આપતા ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI) જસ્ટિસ બી.આર. ગવઈએ જણાવ્યું હતું કે જો ટેકનોલોજી હાવી બનશે તો ન્યાયતંત્રમાં જનતાનો વિશ્વાસ ડગમગી જશે અને તેથી અદાલતોએ માનવતાને નજરઅંદાજ ન કરવી જોઈએ. કાયદાકીય જોગવાઈઓનું અર્થઘટન વ્યવહારિક હોવું જોઈએ અને વેપારને અવરોધતું ન હોવું જોઈએ. CJIએ ૪મેએ



લંડનમાં બ્રિટિશ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ટરનેશનલ એન્ડ કમ્પેરેટિવ લો ખાતે 'કોર્ટ્સ, કોમર્સ અને કાયદાનું શાસન' થીમ પર મુખ્ય વક્તવ્ય આપ્યું હતું. આ સંબોધનમાં CJIએ ડિજિટલ યુગમાં કોમર્સ અને કાયદાના શાસનના ખ્યાલને સંતુલિત કરવામાં ન્યાયતંત્રની ભૂમિકા પર ભાર મૂકીને જણાવ્યું હતું કે અદાલતોએ વ્યાપારી વ્યવહારિકતા સાથે આ પ્રક્રિયામાં સક્રિયપણે જોડાવાની જરૂર છે. ભૂતપૂર્વ CJI ડીવાય ચંદ્રચુડને ટાંકીને તેમણે જણાવ્યું હતું કે ટેક્નોલોજી દરેકને ન્યાય સુનિશ્ચિત કરવાનું માધ્યમ હોવું જોઈએ. જે ક્ષણે આપણે ન્યાયતંત્રમાં ટેકનોલોજીને મુખ્ય સ્થાન આપીશું ત્યારે આપણે જનતાનો આપણા પરનો અને તેની સાથે કાયદાના શાસનના પાયા પરનો વિશ્વાસ નાબૂદ થશે. ટેકનોલોજીના સંકલન માટેની ઉતાવળમાં આપણે આપણી માનવતાને ભૂલવી ન જોઈએ.

## વિશ્વ પર્યાવરણ દિવસ અંતર્ગત બગસરામાં મહિલાઓના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું



। અમરેલી, તા.૬ ।

અમરેલી તા. ૦૬ જૂન, ૨૦૨૫ (શુક્રવાર) બગસરા નગરપાલિકા દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી અંતર્ગત વૃક્ષારોપણ અને પર્યાવરણ જતન અંગે જનજાગૃત્તિ કાર્યક્રમ યોજાયો હતો. મહિલાઓએ વૃક્ષારોપણ કરી પર્યાવરણ રક્ષણનો સંદેશ પ્રસરાવ્યો હતો.

કેન્દ્ર સરકારના મિશન અમૃત ૨.૦ અને DAY-NULM મિશન અંતર્ગત ગુજરાત શહેરી આજીવિકા મિશન (GULM)ના સંયુક્ત ઉપક્રમે 'સ્વચ્છ ભારત મિશન અર્બન' હેઠળ વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે શહેરના નટવર નગર વોટર સમ્પ પ્લાન્ટ પર વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. 'વુમન ફોર ટ્રી' કાર્યક્રમ અંતર્ગત મહિલાઓના હસ્તે વૃક્ષારોપણ કરી તેમને પર્યાવરણના જતન માટે જાગૃત્ત કરવામાં આવ્યા હતા. વૃક્ષારોપણમાં સહભાગી થયેલા તમામને સખીમંડળના બહેનો તેમજ નગરપાલિકા કર્મચારીઓએ સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવા અનુરોધ કર્યો.પ્લાસ્ટિકથી થતાં નુકસાન વિશે નાગરિકોને માર્ગદર્શન આપવામાં આવ્યું. પ્રતિબંધિત પ્લાસ્ટિકના ઉપયોગને ટાળવા નાગરિકોમાં જાગૃત્તિ આવે તે માટે વર્કશોપનું આયોજન પણ આ વેળાએ કરવામાં આવ્યું હતું.

આ સમગ્ર કાર્યક્રમ બગસરા નગરપાલિકા પ્રમુખ શ્રી જ્યોત્સનાબેન એ. રીબડીયા, ચીફ ઓફિસરશ્રી, દિલીપભાઈ એન.હુણના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં નગરપાલિકાના સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ અને કર્મયોગીઓ ઉપસ્થિત રહ્યા હતા તેમ બગસરા નગરપાલિકાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# પીએમ મોદીએ દુનિયાના સૌથી ઊંચા રેલવે બ્રિજ ચિનાબ બ્રિજનું ઉદ્ઘાટન કર્યું









। જમ્મુ, તા.૬ ।

પહેલગામ આતંકી હુમલા બાદ આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પહેલીવાર જમ્મુ કાશ્મીર પહોંચ્યા. પીએમ મોદીએ દુનિયાના સૌથી ઊંચા રેલવે બ્રિજ ચિનાબ બ્રિજનું ઉદ્ઘાટન કર્યું. તેમણે ચિનાબ બ્રિજની સમીક્ષા પણ કરી અને તેને બનાવનારા કામદારો સાથે વાતચીત પણ કરી. આ ટ્રેક પર બનેલા અંજી બ્રિજનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું. આ દેશનો પહેલો એવો રેલવે બ્રિજ છે જે કેબલ સ્ટેડ ટેક્નિક પર બનેલો છે. આ ઐતિહાસિક પુલ કાશ્મીર ઘાટીને ભારત સાથે જોડશે અને વિસ્તારમાં વેપાર, પર્યટન અને ઔદ્યોગિક વિકાસને પણ નવી ગતિ આપશે. પીએમ મોદી આજે જમ્મુ કાશ્મીરમાં ૪૬ હજાર કરોડના પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કર્યું હતું. તેમણે કટરાથી શ્રીનગર માટે શરૂ થઈ રહેલી વંદે ભારતને પણ લીલી ઝંડી દેખાડી. આ ટ્રેન દ્વારા જમ્મુથી શ્રીનગરનો રસ્તો ફક્ત ૩ કલાકનો થઈ જશે.

૨૭૨ કિમી લાંબા ઉધમપુર-શ્રીનગર-બારામુલ્લા રેલવે લિંકના સૌથી મહત્વનો પડાવ ગણાતા ચિનાબ રેલવે બ્રિજ કોઈ સામાન્ય બ્રિજ નથી. તેના બનવાથી બે દેશોની ઊંઘ ઉડી ગઈ છે. તમને જાણીને નવાઈ લાગશે પરંતુ આ વાત સાચી છે. કઈ રીતે કૂટનીતિક રીતે દેશને મજબૂત સ્થિતિમાં પહોંચાડશે અને ચીન અને પાકિસ્તાન હેરાન પરેશાન થશે તે પણ તમારે જાણવા જેવું છે. ચિનાબ બ્રિજ જમ્મુ અને કાશ્મીરના રિયાસી જિલ્લામાં ચિનાબ નદી પર બન્યો છે. જે ૧૩૧૫ મીટર લાંબો અને ૩૫૯ મીટર ઊંચો છે. એફિલ ટાવરથી પણ તે ઊંચો છે. આ બ્રિજ ઉધમપુર-શ્રીનગર-બારામુલ્લા રેલવે લિંક પ્રોજેક્ટનો ભાગ છે. જે કાશ્મીરને દેશના બાકી ભાગો સાથે જોડશે. તેની ખાસિયત એ છે કે તે ૧૨૦ વર્ષ સુધી ભૂકંપ, પુર અને બરફવર્ષાને ઝેલી શકે છે. તે દુનિયાનો સૌથી ઊંચો રેલવે બ્રિજ છે. . બ્રિજમાં ૧૭ સ્પેન છે જેમાં સૌથી મોટો મેહરાબ ૪૬૭ મીટર લાંબો છે. તેને બનાવવામાં ૨૮૦૦૦ ટન સ્ટીલ અને ખાસ પ્રકારના કોંક્રીટનો ઉપયોગ થયો છે.

ચિનાબ બ્રિજથી ભારતીય સેના જમ્મુ અને કાશ્મીર તથા લદાખમાં ઝડપથી સૈનિકો, હથિયારો અને સામગ્રી પહોંચાડવામાં મદદ મળશે. ખાસ કરીને પાકિસ્તાન નજીક એલઓસી તથા લદાખમાં ભારતની સ્થિતિ મજબૂત કરશે.

આ બ્રિજ પીઓકેની નજીક છે. જ્યાં પાકિસ્તાન અને ચીન મળીને ચીન પાકિસ્તાન આર્થિક કોરિડોર ચલાવી રહ્યા છે. ભારતની મજબૂત હાજરીથી પીઓકેમાં આ પ્રોજેક્ટ્સ પર અસર પડી શકે છે. ૨૦૨૨માં પીઓકેમાં CPEC નો એક પુલ ગ્લેશિયર ફાટવાથી વહી ગયો હતો. જેના કારણે પાકિસ્તાનને ખુબ નુક્સાન થયું હતું.

ચિનાબ નદી પર ભારતનો બંધ, જમ કે બગલિહાર અન સલાલ પહેલેથી જ પાકિસ્તાન માટે ચિંતાનું કારણ છે. ભારતે હાલમાં જ પહેલગામ હુમલા બાદ સિંધુ જળ સંધી સસ્પેન્ડ કરી છે.

બાદ હાલાત વધુ ખરાબ થઈ શકે છે. ચિનાબ બ્રિજથી ભારતની આ વિસ્તારમાં પકડ વધુ મજબૂત થશે. જેનાથી પાકિસ્તાનનું પાણી અને વીજળી યોજનાઓ પ્રભાવિત થઈ શકે છે.

બ્રિજથી કાશ્મીરમાં કનેક્ટિવિટી વધશે અને તેના કારણે આતંકવાદ પર નકેલ કસવામાં મદદ મળશે. આ પાકિસ્તાન માટે ચિંતાનો વિષય છે. કારણ કે તે હંમેશા કાશ્મીરમાં ઉપદ્રવ મચાવવા માટે દરેક શક્ય કોશિશ કરે છે. CPEC ચીનનો ૬૨ અબજ ડોલરનો પ્રોજેક્ટ છે જે પીઓકે અને ગિલગિટ બાલ્ટિસ્તાનમાંથી પસાર થાય છે. ચિનાબ બ્રિજથી ભારતની સૈન્ય અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર તાકાત વધશે જે CPEC માટે પડકાર છે. પીઓકેમાં CPEC પહેલેથી જ બલૂચ વિદ્રોહીઓ અને આર્થિક સંકટ સામે ઝઝૂમી રહ્યો છે.

ચીને પીઓકેમાં દિયામિર-ભાષા અને મોહમંદ ડેમ જેવા પ્રોજેક્ટ્સમાં ભારે રોકાણ કરેલું છે. ભારતે તેના પર આપત્તિ જતાવી છે કારણ કે તે તેના ગેરકાયદેસર કબજાવાળા વિસ્તારમાં બની રહ્યા છે. ચિનાબ બ્રિજથી ભારતની પ્રાદેશિક પક્કડ મજબૂત થશે જેનાથી ચીનની યોજનાઓ પ્રભાવિત થઈ શકે છે.











ચેનાબ રેલ બ્રિજના નિર્માણમાં સામેલ કેટલાક લોકો સાથે વડાપ્રધાન મોદીએ વાતચીત કરી. તેઓ ભારતના વિવિધ ભાગોથી આવે છે અને તેમના સાથી ભારતીયો માટે આધુનિક માળખાગત સુવિધાઓ બનાવવાના તેમના સંકલ્પમાં અડગ છે. તેમણે તેમના અનુભવો શેર કર્યા, જેમાં કેટલાક ખૂબ જ પડકારજનક સમયમાં કામ કરવાનો પણ સમાવેશ થાય છે. તેમણે એ પણ શેર કર્યું કે તેમના પરિવારો તેમના કાર્ય પર ખૂબ ગર્વ અનુભવે છે!

### ગુજરાતનો સૌથી મોટો સાયબર ફ્રોડ

# RBL બેંકના ૯૦ ખાતામાંથી ૧૪૪૫ કરોડનું ટ્રાન્ઝેક્શન

## આ કૌભાંડ દેશવ્યાપી હોવાનું પણ સામે આવ્યું : કીરાટ જાદવાણી અને મિત ખોખર સહિત મયુર ઇટાલિયાની ધરપકડ

। (એજન્સી) સુરત, તા.૬ ।

ગુજરાતમાં અવારનવાર સાયબર ફ્રોડની ઘટનાઓ સામે આવતી રહે છે. પરંતુ હવે રાજ્યમાં સૌથી મોટા સાયબર ફ્રોડનો પર્દાફાશ થયો છે. જેને લઈને પોલીસ પણ ચોંકી ગઈ છે. ગુજરાત પોલીસને ૧૬૫ બેંક એકાઉન્ટ મળી આવ્યા છે. જેમાં માત્ર ૬ મહિનામાં RBL બેંકના ૯૦ બેંક એકાઉન્ટમાંથી કુલ ૧૪૪૫ કરોડ રૂપિયાના ટ્રાન્ઝેક્શન થયા છે. જોકે અન્ય ૭૫ બેંક એકાઉન્ટની તપાસ ચાલી રહી છે. સમગ્ર ઘટના અંગે જાણીએ તો, સુરત પોલીસ દ્વારા વાહન ચેકિંગ ચાલી રહ્યું હતું, આ દરમિયાન એક મોપેડને રોકવામાં આવ્યું, ત્યારે સમગ્ર ભાંડાફોડ થયો અને આરોપીની ધરપકડ કરી હતી. પૈસાની જરૂરીયાતમંદ લોકોને બેંક લોન આપવાના બહાને ડોક્યુમેન્ટ લઈને બેંક એકાઉન્ટ ખોલી નાખવામાં આવતા હતા. બાદમાં ડોક્યુમેન્ટ ખૂટે છે જેના કારણે બેંક એકાઉન્ટ નહીં ખુલે તેવું કહીને આ ભેજાબાજો બેંક એકાઉન્ટ ખોલી નાખતા હતા. બાદમાં બેંક એકાઉન્ટ ધારકની જાણ બહાર તે ખાતામાં સાયબર ફ્રોડના નાણા ટ્રાન્સફર કરવામાં આવતા હતા. આ કૌભાંડ ગુજરાત જ નહીં પરંતુ દેશવ્યાપી હોવાનું પણ સામે આવ્યું છે. કીરાટ જાદવાણી અને મિત ખોખર સહિત મયુર ઈટાલિયાની ધરપકડ કરાઈ હતી. સમગ્ર કેસમાં દિવ્યેશ વિનીત સહિત રિચ પે આઈડી ધારક નામના આરોપીઓ પણ મુખ્ય આરોપી હોવાનું સામે આવ્યું છે. હાલ, સુરતની ઉધના પોલીસ દ્વારા તપાસમાં હજુ મોટા ખુલાસા થાય તેવી શક્યતાઓ વ્યક્ત કરાઈ રહી છે. ઉધના પોલીસની તપાસ દરમિયાન મળી આવેલા અલગ અલગ બેંકોના ૧૬૫ અકાઉંટ પૈકી RBL બેંકના કુલ ૯૦ એકાઉન્ટની માહિતી આવી જતા તેમાં ૧૪૫૫ કરોડના વ્યવહારો કુલ ૬ મહિનાના સમયગાળા દરમિયાન આરોપીઓ દ્વારા થયેલા હોવાનું સામે આવ્યું છે. તેમજ મોટાભાગના બેન્ક એકાઉન્ટ પૈસાની જરૂરીયાતમંદ લોકોને લોન આપવાના બહાને ખોલાવેલા હોવાનું સામે આવ્યું છે.

# તત્કાલ ટિકિટના ઓનલાઇન બૂકિંગ માટે આધાર વેરિફિકેશન ફરજિયાત

## આઇઆરસીટીસી એકાઉન્ટ આધાર સાથે લિંક હશે તો પહેલી ૧૦ મિનિટમાં ટિકિટ લેવાની તક

। (એજન્સી) અમદાવાદ, તા.૬ ।

ભારતીય રેલ્વે મંત્રાલયે તત્કાળ ટિકિટ બૂક કરાવવાને લઈને મોટો ફેરફાર કર્યો છે. હવે તત્કાળ ટિકિટ બૂક કરાવતી વખતે યુઝરે પોતાનું વેરિફિકેશન કરવું પડશે. તેના વગર તત્કાળ ટિકિટ બૂક નહીં કરી શકાય. આ જાણકારી રેલ્વે મંત્રાલય અશ્વિની વૈષ્ણવે સોશિયલ મીડિયા પર આપી હતી. પ્રવાસીઓએ હવે તત્કાળ ટિકિટ બૂક કરાવતી વખતે ઈ-આધાર ઓથેન્ટિફિકેશન કરવું પડશે. આ ઈ-આધાર ઓથેન્ટિફિકેશન એક પ્રકારનું વેરિફિકેશન હશે, જે ટિકિટ બૂક કરાવી રહેલા વ્યક્તિના આધાર કાર્ડ દ્વારા થશે. દલાલો થતાં ગેરકાયદેસર રીતે થતાં બૂકિંગને રોકવા માટે આ પ્રકારે ઈ-આધાર લાવવામાં આવી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે તત્કાળ ટિકિટ બૂક કરવામાં આવતા આઈઆરસીટીસીની વેબસાઈટ પર ઝડપથી આ ટિકિટો વેચાઈ જતી હતી. આવું દલાલો દ્વારા ગેરકાયદેસર રીતે ટિકિટ બૂક કરાવવાના કારણે થતું હતું. હવે સરકારે તેના પર સકંજો કસ્યો છે.

આવું નવી રીતે લાગુ થયા પછી દરેક પ્રવાસીઓ તેની ઓળખ ડિજિટલ ધોરણે પ્રમાણિત કરવી પડશે. તેના માટે આધાર કાર્ડનો ઉપયોગ કરવામાં આવશે. તેના પછી યુઝરને ઓટીપી આવશે. આ ઓટીપી વગર તત્કાળ ટિકિટ બૂક નહીં થઈ શકે. તેના કારણે બનાવટી બૂકિંગ અને બોટ દ્વારા ટિકિટ ખરીદવાની ઘટના રોકી શકાશે. આ સિસ્ટમની ખાસ વાત એ હશે કે પહેલી દસ મિનિટ સુધી તે જ તત્કાલ ટિકિટ બૂક કરાવી શકશે જેનું આઈઆરસીટીસી એકાઉન્ટ આધાર સાથે જોડાયેલું હશે. આ દસ મિનિટ દરમિયાન આઈઆરસીટીસીના એજન્ટને પણ ટિકિટ બૂક કરવાની છૂટ નહીં હોય.

### સુરતમાં ફરી ગજબ ઘટના

# સુરતમાં મંજૂરી વિના બનેલું ઓપરેશન સિંદૂર સર્કલ ગાયબ

## મેયરની સૂચના બાદ પાલિકાના કડક વલણના કારણે રાત્રિના અંધારામાં આખું સર્કલ સંસ્થાને દૂર કરવાની ફરજ પડી

। (એજન્સી) સુરત, તા.૬ ।

સુરત મહાનગરપાલિકાના એક વિવાદી પદાધિકારી અને સ્થાનિક કોર્પોરેટરના ભરોસે સુરત હજીરા રોડ પર ગેરકાયદે સર્કલ બનાવનારી સંસ્થા બરોબરની ભેરવાઈ છે. મેયરની સૂચના બાદ પાલિકાના કડક વલણના કારણે રાત્રિના અંધારામાં આખું સર્કલ સંસ્થાને દૂર કરવાની ફરજ પડી છે. આ સર્કલ દૂર કરાયા બાદ પાલિકાના પદાધિકારીના નામે વધુ એક વિવાદ જોડાઈ ગયો છે.

સુરત-હજીરા રોડ પર પાલ હવેલી પાસે પાલિકાની કોઈ પણ જાતની મંજૂરી વિના યશ્વી ફાઉન્ડેશન દ્વારા ગેરકાયદે સર્કલ બનાવી દેવાયું હતું. આ પહેલાં દિવાળી અને નાતાલમાં પણ કોઈ પણ જાતની મંજૂરી વિના જ સર્કલ પર રોશની કરવા સાથે સંસ્થાની જાહેરાત કરવામાં આવી હતી. કોઈ પણ જાતની મંજૂરી વિના સર્કલ બનાવવાની હિંમત સંસ્થાને પાલિકાના એક વિવાદી પદાધિકારી અને સ્થાનિક કોર્પોરેટરના સપોર્ટના કારણે આવી હતી. ઓપરેશન સિંદૂરની સફળતા બાદ આ સંસ્થાએ પાલ હજીરા રોડ પર ઓપરેશન સિંદૂરની થિમ પર બનાવેલું સર્કલ ટ્રાફિક માટે અડચણરૂપ હતું. શાસક પક્ષના એક પદાધિકારી અને સ્થાનિક કોર્પોરેટરના દમ પર બનાવી દેવાયું હતું. જોકે, સાંસદે સર્કલ માટે પત્ર લખતાં આ સર્કલ ગેરકાયદે હોવાનું બહાર આવ્યું હતું. મેયરની સૂચના બાદ પાલિકા તંત્રએ નોટિસ આપી હતી પરંતુ વિવાદી પદાધિકારીના દબાણના કારણે ઝોનલ ઑફિસર રજા પર ઉતરી ગયા હતા. જોકે, પાલિકાએ આ સર્કલ દૂર ન થાય તો ડિમોલિશન કરવાની ચીમકી આપી હતી. તેમ છતાં આ સર્કલ બચાવવા માટે શાસક પક્ષના પદાધિકારી ભારે ધમપછાડા કર્યા હતા. પરંતુ પાલિકાએ કડકાઈ દાખવતાં પદાધિકારી અને કોર્પોરેટરની છત્રછાયામાં સર્કલ બનાવનાર એજન્સીએ રાત્રિના અંધકારમાં સર્કલ દૂર કરી દીધું હતું. આમ વિવાદી પદાધિકારીના ભરોસે ગેરકાયદે સર્કલ બનાવનાર એજન્સી હવે ભરપેટ પસ્તાઈ રહી છે.




